CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૦ | ગુરૂવાર, તા.૦૪-૦૪-૨૦૨૪ | અંક : ૨૪૭ વર્ષ : ૧૮ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

**ક્ષત્રિય સમાજ સંકલન સમિતિ દ્વારા**

# રૂપાલા મામલે સાંજે પાંચ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ

## હવે સમગ્ર મુદ્દે ભાજપ હાઈકમાન્ડના નિર્ણય પર સૌની નજર

અમદાવાદ,

લોકસભા ચૂંટણી ટાણે ક્ષત્રિય સમાજ અંગે વિવાદિત ટિપ્પણી કરતાં પરશોત્તમ રૂપાલાએ ભાજપને મુશ્કેલીમાં મૂકી દીધો છે. તેમની આ ટિપ્પણીની અસર હવે ગુજરાતની મહત્ત્વપૂર્ણ બેઠકો સહિત અન્ય રાજ્યોમાં પણ દેખાઈ રહી છે. તો બીજી તરફ ક્ષત્રિય સમાજ રૂપાલાની માફી નહીં ટિકિટ રદ કરવાની માંગ પર અડગ છે. ત્યારે હવે ભાજપ હાઈકમાન્ડના નિર્ણય પર સૌની નજર છે. રૂપાલા વિવાદ ઉકેલવા માટે પરશોત્તમ રૂપાલાની માફી અને બાદમાં પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ પણ હાથ જોડી માફ કરવા અપીલ કરી ચૂક્યા છે, તેમ છતાં પરિણામ ન આવ્યું.

ગઈકાલે પ્રદેશ ભાજપ પાર્ટીના ક્ષત્રિય સમાજના નેતાઓને ક્ષત્રિય સંકલન સમિતિ પાસે મોકલ્યા.પરંતુ ક્ષત્રિય સંકલન સમિતિએ તો રૂપાલાની ટિકિટ રદ કરવા માટે આજે પાંચ વાગ્યા સુધીનું અલ્ટી મેટમ આપતા હવે સમગ્ર મામલો ભાજપ હાઈકમાન્ડ પાસે છે. ક્ષત્રિય આગેવાનોએ વિવાદિત નિવેદન બદલ પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ અડગ રાખી છે અને એવી ચેતવણી આપી છે કે અમારા સમાજનું આંદોલન હવે માત્ર રાજકોટ બેઠક પુરતું સિમિત રહ્યું નથી, પરંતુ સમગ્ર ગુજરાતનું બની રહ્યું છે.

ક્ષત્રિય સમાજની ઉમેદવારી બદલવાની હઠ સામે પ્રદેશ નેતાઓના હાથ હેઠાં પડ્યાં છે. છત્તાં હજુ પ્રયાસે ચાલું રાખવામાં આવ્યા છે અને કેન્દ્રીય મોવડીમંડળનું માર્ગદર્શન માંગવામાં આવ્યું છે. આ સંજોગોમાં નૈતિક જવાબદારી નિભાવવાનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે. ભાજપ પર પોલિટીકલ પ્રેશર વધતું જાય છે. નારાજ ક્ષત્રિયાણીઓની ચેતવણીને અનદેખી કરી શકાય તેમ નથી. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર રૂપાલા ખુદ હાઈકમાન્ડના સંપર્કમાં છે.

## કોંગ્રેસે સંજય નિરુપમને પાર્ટીમાંથી કર્યા સસ્પેન્ડ

નવીદિલ્હી,

કોંગ્રેસે પાર્ટીના બળવાખોર નેતા સંજય નિરુપમ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. કોંગ્રેસે તેમને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ માટે ૬ વર્ષ માટે હાંકી કાઢ્યા છે.નિરુપમે આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસ પાર્ટીમાં હાલમાં ડાબેરી વિચારધારા ધરાવતા નેતાઓનું વર્ચસ્વ છે. વાસ્તવમાં સંજય નિરુપમ મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માંગતા હતા પરંતુ શિવસેના યુબીટીએ અમોલ કીર્તિકરને અહીંથી પોતાનો ઉમેદવાર બનાવ્યો, જેનાથી નિરુપમ નારાજ થયા.થોડા સમય પહેલા પણ તેણે પોતાની જ પાર્ટી પર નિશાન સાધ્યું હતું. ત્યારે નિરુપમે કહ્યું હતું કે, ‘કોંગ્રેસ નેતૃત્વએ મારી સાથે ઘણા દિવસો સુધી વાત પણ કરી ન હતી.

## તેલંગાણામાં ઓર્ગેનિક્સ ફેક્ટરીના રિએક્ટરમાં વિસ્ફોટ થતા ૫ના મોત

### મૃત્યુઆંક વધી શકે છે, અકસ્માત સમયે ૫૦ લોકો હાજર હતા

સાંગારેડ્ડી,

તેલંગાણાના સાંગારેડ્ડી જિલ્લામાં એક કેમિકલ ફેક્ટરીમાં રિએક્ટરમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦ અન્ય ઘાયલ થયા હતા. આ ઘટના બુધવારે સાંજે બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે અન્ય ઘણા લોકો હજુ પણ ફસાયેલા છે. મૃત્યુઆંક વધી શકે છે. સ્થાનિક લોકો અને મીડિયાના જણાવ્યા અનુસાર વિસ્ફોટ સમયે ઈમારતમાં ૫૦ લોકો હતા.

જે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો તેનું નામ એસબી ઓર્ગેનિક્સ લિમિટેડ છે. જે સાંગારેડ્ડી જિલ્લાના ચંદુર ગામમાં છે. વિસ્ફોટ બાદ ફેક્ટરીમાંથી કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સને સ્થળ પર બોલાવવામાં આવી હતી. ૧૦થી વધુ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આમાંથી માત્ર કેટલીક સ્થિતિ

## નમો સ્ટેડિયમમાં GT અને PBKS આજે આમનેસામને



અમદાવાદ

અમદાવાદના નમો સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રાત્રે ૮ વાગ્યે મેચ રમાશે. IPL-2024માં ગુજરાત ટાઈટન્સ ૩ મેચમાં ૨ જીત અને ૧ હાર સાથે પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમાંકે છે. જ્યારે પંજાબ કિંગ્સ ૩ મેચમાં ૧ જીત અને ૨ હાર સાથે આઠમા ક્રમાંકે છે. આ મેચ જીતી બન્ને ટીમો પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરવા પર ધ્યાન આપશે.

## જેલમાંથી છૂટ્યા બાદ સંજય સિંહ કેજરીવાલના ઘરે પહોંચ્યા

### સુનીતાને મળી પગે લાગ્યા : પાર્ટી ઓફીસે પણ પહોચ્યા



નવીદિલ્હી,

આમ આદમી પાર્ટી (AAP)ના રાજ્યસભા સાંસદ સંજય સિંહને ૬ મહિના બાદ રાત્રે ૮:૧૫ વાગ્યે તિહાર જેલમાંથી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. જેલમાંથી બહાર આવીને તેમણે કાર્યકરોનું અભિવાદન કર્યું હતું. આ પછી તેઓ સીધા અરવિંદ કેજરીવાલના ઘરે ગયા હતા. સંજય અરવિંદની પત્ની સુનીતા કેજરીવાલને મળ્યા, તેમને પગે લાગ્યા.

આ પછી સંજય લગભગ ૧૦.૧૫ વાગે AAP પાર્ટી ઓફિસ પહોંચ્યા. અહીં ગોપાલ રાયે હાર પહેરાવીને સંજયનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંજયે કાર્યકરોને સંબોધ્યા. સુપ્રીમ કોર્ટે મંગળવારે (૨ એપ્રિલ) તેમને દિલ્હી લિકર પોલિસી કેસમાં જામીન આપ્યા હતા. કાયદાકીય પ્રક્રિયાને કારણે ગઈકાલે મુક્તિ થઈ શકી ન હતી.સંજય સિંહની પત્ની અનિતા સિંહ બુધવારે જામીનની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે રાઉઝ એવન્યુ કોર્ટ પહોંચી હતી. સંજય સિંહની પત્નીએ ૨ લાખ રૂપિયાના બોન્ડ ભર્યા હતા.

કોર્ટે સંજય સિંહના જામીન માટે ત્રણ શરતો રાખી હતી. પ્રથમ- તે જેલની બહાર જઈને એક્સાઈઝ પોલિસી કેસ સાથે સંબંધિત કોઈ નિવેદન નહીં આપે. બીજું- પોતાનો પાસપોર્ટસરેન્ડર કરશે. જો દિલ્હીની બહાર જશે, તો તપાસ એજન્સીને જાણ કરવી પડશે અને લાઈવ લોકેશન શેર કરવું પડશે.

## ફોર્બ્સની ૨૦૨૪ના અબજોપતિઓની યાદીમાં ૯ નંબરે પહોંચ્યા મુકેશ અંબાણી

(જી.એન.એસ)નવીદિલ્હી,,તા.૦૩



મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તો છે જ પણ ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલ ૨૦૨૪ના અબજોપતિઓની યાદીમાં ૯ નંબરના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે, આ સમાચારથી તેમની કંપનીના શેર પર શું અસર થઈ તે વિષે પણ તમને જણાવીશું, જેમાં આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ લિમીટેડનો શેર ૦.૬૦ ટકાના ઘટાડા સાથે ૧૭.૯૦ રૂપિયા માઈનસ સાથે ૨,૯૫૬ સાથએ ટ્રેડ કરી રહ્યો છે,૫૨ વીક હાઈની વાત કરીએ તો આ શેર ૩,૦૨૪.૯૦ હતો, ૫૨ વીક લો ની વાત કરીએ તો શેર ૨,૦૯૫.૮૫ એ લો કિંમત હતી. આ પછી ત્યારે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેરમાં પણ ૦.૯ અને રૂ ૧૩ ના વધારા સાથે ૧૨,૪૬.૯૫ રૂપિયા પર ટ્રેડ કરી રહ્યા છે. ૫૨ વીક હાઈની વાત કરીએ તો આ શેર ૧,૬૦૫ રૂપિયા હતો. ૫૨ વીક લો ની વાત કરીએ તો ૭૨૮.૫૦ રૂપિયા લો પર ગયો હતો આ શેર. આની સાથે જીયો ફાઈનાન્સની વાત કરીએ તો જીઓ ફાઈનાન્સના શેર ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૦.૮૫ ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે.

## કેજરીવાલની ધરપકડ અંગે દલીલો પૂર્ણ, હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડના વિરોધમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેમની ધરપકડને પડકારવામાં આવી હતી. આ દરમિયાન દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી વખતે કેજરીવાલે દલીલ કરી હતી કે અમને ચૂંટણી લડતા રોકવાના પ્રયાસરૂપે મજબૂત પુરાવા વિના જ મારી ધરપકડ કરી લેવામાં આવી છે.બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ દિલ્હી હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે આ મામલે જ આપ નેતા સંજય સિંહને શરતો હેઠળ જામીન આપ્યા હતા. હવે તેના પરથી કેજરીવાલને પણ આશા જાગી છે. દરમિયાન તેમના વકીલ સિંઘવીએ કોર્ટમાં કહ્યું કે કેજરીવાલ સામે કોઈ પુરાવા નથી. કોઈ મજબૂત આધાર વગર જ તેમના અસીલની ધરપકડ કરી લેવામાં આવી છે. કેજરીવાલની ધરપકડ ફક્ત તેમને અપમાનિત કરવા અને પરેશાન કરવા માટે કરાઈ છે.

જસ્ટિસ સ્વર્ણ કાંત શર્માની બેન્ચ સમક્ષ કેજરીવાલ વતી અભિષેક મનુ સિંઘવી હાજર થયા હતા. તેમણે કહ્યું કે અમારા અસીલ કેજરીવાલની ધરપકડ એવા સમયે થઈ છે.

## માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુરની સતત ગેરહાજરીથી અદાલત ખફા

મુંબઈ,

સ્પેશિયલ NIA કોર્ટે બુધવારે ભારતીય જનતા પાર્ટીના ભોપાલના સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુરની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કોર્ટની વારંવારની ચેતવણી છતાં પ્રજ્ઞા ઠાકુર હાજર થવામાં નિષ્ફળ રહી છે. આ કારણે કોર્ટે ૧૧ માર્ચે ઠાકુર વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ પણ જારી કર્યું હતું. જો કે, સ્પેશિયલ કોર્ટે તેમની હાજરી બાદ જારી કરાયેલ જામીન વોરંટ રદ કરી દીધું હતું.પ્રજ્ઞાસિંહ ઠાકુર સપ્ટેમ્બર ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસમાં આરોપી છે.

વિશેષ NIA કોર્ટે મુંબઈ NIA ટીમને ભોપાલ બ્રેંછ ટીમનો સંપર્ક કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે આરોપી સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરની તબિયતની શારીરિક ચકાસણી કરવામાં આવે. કોર્ટે આજે મેડિકલ રિપોર્ટના આધારે જ તેમને આજ માટે મુક્તિ આપી છે.

## દિલ્હી જલ બોર્ડ મની લોન્ડરિંગ કેસમાં આજે કરાશે સુનાવણી

નવીદિલ્હી,

રાઉઝ એવન્યુ કોર્ટ આજે દિલ્હી જલ બોર્ડ ટેન્ડર સંબંધિત મની લોન્ડરિંગ કેસની સુનાવણી કરશે. ૩ એપ્રિલે ઈડીની ચાર્જશીટ પર કાર્યવાહી કરતા આરોપી દેવેન્દ્ર મિત્તલ અને તેજિન્દર પાલ સિંહને કોર્ટમાં હાજર થવા માટે સમન્સ જારી કરવામાં આવ્યા છે. આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા આરોપી જગદીશ અરોરા અને અનિલ અગ્રવાલને કોર્ટમાં રજૂ કરવા માટે નોટિસ પણ જારી કરવામાં આવી છે. કોર્ટે કહ્યું કે ચાર્જશીટમાં આરોપીઓ સામે કેસ ચલાવવા માટે પૂરતા પુરાવા છે.વિશેષ ન્યાયાધીશ ભૂપિન્દર સિંહે કહ્યું કે ચાર્જશીટ પરથી એવું લાગે છે કે તમામ આરોપી વ્યક્તિઓ/કંપનીઓ જલ બોર્ડ ટેન્ડર કૌભાંડમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ છે.

## કર્ણાટક હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસની સામે જ ગળું કાપી કર્યો આત્મ હત્યાનો પ્રયાસ

કર્ણાટક,

કર્ણાટક હાઈકોર્ટના પરિસરમાં બુધવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક વ્યક્તિ છરી લઈને આવ્યો હતો અને મુખ્ય ન્યાયાધીશ નિલય વિપિનચંદ્ર અંજારિયાની સામે કથિત રીતે ગળું કાપીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન અફરાતફરી મચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, મૈસુરના રહેવાસી શ્રીનિવાસે કોર્ટ રૂમ નંબર ૧ના પ્રવેશદ્વાર પર સુરક્ષા કર્મચારીઓને એક ફાઈલ સોંપી અને કોઈ કંઈ સમજે તે પહેલા તેણે ચીફ જસ્ટિસની હાજરીમાં તેનું ગળું કાપવાનો પ્રયાસ કર્યો. સુરક્ષા કર્મચારીઓએ તરત જ તેને હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સુરક્ષા કર્મચારીઓએ કહ્યું, ‘અમને ખબર નથી કે તેણે આવું પગલું કેમ ભર્યું. તે કોર્ટ હોલ વનમાં પ્રવેશ્યો અને છરી વડે તેનું ગળું કાપી નાખ્યું.

## રાહુલ ગાંધીએ વાયનાડથી નોમિનેશન ભર્યું




કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ બુધવારે વાયનાડથી ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે તેમની બેન પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યાં હતાં તેમણે ઉમેદવારી નોંધાવતા પહેલા તેમણે કાલપેટ્ટાથી રોડ શો શરૂ કર્યો હતો. રોડ શો દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે અહીં "માનવ-પ્રાણી સંઘર્ષનો મુદ્દો છે, મેડિકલ કોલેજનો મુદ્દો છે. હું આ લડાઈમાં વાયનાડના લોકોની સાથે ઉભો છું. અમે સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો છે. મેડિકલ કોલેજ. સીએમને પત્ર લખ્યો છે. પરંતુ કમનસીબે તેઓ આગળ વધ્યા નથી. મને પૂરો વિશ્વાસ છે કે જો દિલ્હીમાં અમારી સરકાર હશે અને કેરળમાં અમારી સરકાર બનશે ત્યારે અમે આ મુદ્દાઓ ઉકેલીશું.

## રાહુલ ગાંધીની વાર્ષિક આવક ૧ કરોડ રૂપિયાથી વધુ

### એફિડેવિટ મુજબ રાહુલ પાસે ૫૫ હજાર રૂપિયાની રોકડ, તેમના નામે બે બચત ખાતામાં ૨૬ લાખ ૨૫ હજાર રૂપિયા

નવીદિલ્હી,

કોંગ્રેસના નેતાના એફિડેવિટ મુજબ તેમની વાર્ષિક આવક ૧ કરોડ રૂપિયાથી વધુ છે. રાહુલ ગાંધીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૦૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં આવક ૧.૩૧ કરોડ રૂપિયા હતી. તેવી જ રીતે, ૨૦૨૦-૨૧માં તેની કુલ આવક ૧.૨૯ કરોડ રૂપિયા હતી. અગાઉ, ૨૦૧૯-૨૦માં તેની આવક ૧.૨૧ કરોડ રૂપિયા હતી. રાહુલ ગાંધીએ કહ્યું છે કે તેમની આવક ભાડું, સાંસદ તરીકેનો પગાર અને રોયલ્ટીમાંથી આવે છે. એફિડેવિટ મુજબ રાહુલ ગાંધી પાસે ૫૫ હજાર રૂપિયાની રોકડ છે. ૧૫ માર્ચ સુધી તેમના નામે બે બચત ખાતામાં કુલ ૨૬ લાખ ૨૫ હજાર રૂપિયા જમા થયા છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પાસે દિલ્હીમાં ખેતીની જમીન છે. આ સિવાય તેની પાસે ગુરુગ્રામમાં એક કોમર્શિયલ બિલ્ડિંગમાં ઓફિસ સ્પેસ પણ છે, જેની કિંમત કરોડોમાં છે. રાહુલ ગાંધીએ બુધવારે કેરળની વાયનાડ લોકસભા સીટ પરથી નામાંકન સાથે દાખલ કરેલા સોગંદનામામાં આ માહિતી આપી છે. જોકે, કરોડોની કિંમત હોવા છતાં રાહુલ પાસે માત્ર ૫૫ હજાર રૂપિયા રોકડા છે.

ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ કોંગ્રેસના ઉમેદવાર રાહુલ ગાંધીના એફિડેવિટ મુજબ, તેમની પાસે નવી દિલ્હીના મહેરૌલી વિસ્તારના સુલતાનપુર ગામમાં બે ખેતીની જમીન છે. એક જમીનની કિંમત ૧ કરોડ ૨૪ લાખ ૩૩ હજાર ૮૦૦ રૂપિયા છે જ્યારે બીજી જમીનની કિંમત ૭૮ લાખ ૩૧ હજાર ૨૫૦ રૂપિયા છે. આ બંને જમીનમાં તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાની ૫૦ ટકા ભાગીદારી છે. જમીનની કુલ કિંમત ૨ કરોડ ૧૦ લાખ ૧૩ હજાર રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. આ ખેતીની જમીન અનુક્રમે ૨.૩૪૬ અને ૧.૪૩૨ એકર છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એફિડેવિટમાં કહ્યું છે કે તેમની પાસે ગુરુગ્રામ સ્થિત કોમર્શિયલ બિલ્ડિંગ સિગ્નેચર ટાવર્સમાં બે ઓફિસ સ્પેસ છે. તેણે આ પ્રોપર્ટી ૭ કરોડ ૯૩ લાખ ત્રણ હજાર ૯૭૭ રૂપિયામાં ખરીદી હતી. તેની વર્તમાન બજાર કિંમત ૯ કરોડ ૪ લાખ ૮૯ હજાર રૂપિયા છે. રાહુલ ગાંધીના નામે કુલ ૧૧ કરોડ ૧૫ લાખ ૨ હજાર ૫૯૮ રૂપિયાની સ્થાવર મિલકત છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસે યંગ ઈન્ડિયનના ૧૯૦૦ શેર છે. તેની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ શેર છે. આ સિવાય કોંગ્રેસ નેતા પાસે ૪,૩૩,૬૦,૫૧૯ રૂપિયાની અન્ય કંપનીઓના શેર છે,

# આજે ભાજપના ચૂંટણી ઢંઢેરાની બેઠકમાં હાજર રહેશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થવાની પણ સંભાવના

અમદાવાદ

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી તેમ રાજકીય પાર્ટીઓ પૂરજોશમાં તૈયારીમાં લાગી ગઈ છે. ત્યારે ગુજરાતમાં રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાના વિરોધ વચ્ચે આજે દિલ્હી છે. દિલ્હીમાં બપોરે ૩ વાગ્યે ભાજપના ચૂંટણી ઢંઢેરા અંગે બેઠક યોજાનાર છે. બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થવાની પણ સંભાવના છે. હજુ ૪ દિવસ પહેલા જ



ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દિલ્હી ગયા હતા.

ગુજરાતમાં રાજપૂત સમાજ પુરુષોત્તમ રૂપાલાના નિવેદનથી નારાજ છે અને ભાજપના નેતાઓ સાથેની મંત્રણા પણ પડી ભાંગતા હવે તેમની ટિકિટ કાપવી તેનાથી નમતું જોખવા ક્ષત્રિયો તૈયાર નથી. આ તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પોતાના મંત્રીમંડળની બેઠક બોલાવી ચૂંટણી બાદ ફરી ભાજપ સરકાર બને તો તેના ૧૦૦ દિવસમાં કરવાની કામગીરી પર ચર્ચા કરી, તેમાં કેન્દ્રીય મંત્રી હોવાના નાતે રૂપાલા પણ દિલ્હી ગયા હતા.

# ટાબરિયો બની ગયો ગાંગુલી

### ગુજરાત ટાઈટન્સની એક મૅચ દરમ્યાન એનો બાળ-ચાહક પોતાની જર્સી કાઢીને ફેંકી ખૂબ નાચ્યો

અમદાવાદ

૨૦૦૨માં ઇંગ્લૅન્ડમાં રમાયેલી નૅટવેસ્ટ ટ્રોફીની ફાઇનલમાં સૌરવ ગાંગુલીએ ભારતની શાનદાર જીત પછી લૉર્ડ્સની ગૅલેરીમાં ઊભા રહીને ટી-શર્ટ કાઢીને અવિસ્મરણીય વિજય સેલિબ્રેટ કરીને એને વધુ યાદગાર બનાવી નાખ્યો હતો. ગાંગુલીનો ત્યારે ફૅનબેઝ ખૂબ વધી ગયો હતો અને બીજી તરફ કેટલાક લોકોએ ગાંગુલીના આ વર્તનની ખૂબ ટીકા પણ કરી હતી.

થોડા દિવસ પહેલાં ગુજરાત ટાઇટન્સની એક મૅચ દરમ્યાન એનો બાળ-ચાહક પોતાની ખુરસી પર ઊભા રહીને પહેલાં તો ખૂબ નાચ્યો હતો અને થોડી વાર બાદ વધુ ઉત્સાહિત હાલતમાં તેણે પોતાની જર્સી કાઢીને ફેંકી હતી. એ પછી તે થોડા ચેનચાળા કર્યા બાદ નીચે ઉતર્યો અને આગળની રો પાસે જઈ ત્યાં પડેલી પોતાની જર્સી લેતો આવ્યો હતો. આ ઘટનાની વીડિયોની સાથે સોશિયલ મીડિયા પર એક ફુટબૉલ મૅચ દરમ્યાન બનેલી આવી જ ઘટનાની મીમનો વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં એક બાળક જર્સી ઊંચી કરીને નાચ્યો હતો અને તેની આસપાસ બેઠેલા વડીલો પણ ખૂબ જોશમાં હતા.


# ભચાઉથી ૧૪ કિમી દૂર નેર નજીક ૨.૯ની તિવ્રતાનો ભુકંપ

## વાગડ ફોલ્ટલાઈન પર અઠવાડિયામાં બીજી વખત આંચકો આવ્યો

ભચાઉ

ભૂકંપના પર્યાય બની ચૂકેલા કચ્છ જિલ્લામાં સમયાંતરે ભુકંપના આચકાઓ આવતા રહે છે. મધ્યરાતના ૩:૨૫ મિનિટે ભચાઉ તાલુકાના કડોલ નજીક ૨.૯ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો, જે બાદ આજે સવારે ૯.૧૨ મિનિટે એજ વિસ્તારમાં ૨.૮ની તિવ્રતા સાથે ધરા ધ્રુજી હોવાનું ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી ખાતે નોંધાયું છે. લગાતાર આવતા રહેતા આફ્ટર શોકના કારણે કચ્છમાં ધરા ધ્રુજવાનો સિલસિલો આજ દિન સુધી યથાવત રહ્યો છે.

કચ્છમાં સતત ભૂકંપના આચકાઓ આવે છે, ખાસ કરીને વાગડ ફોલ્ટ લાઈન ઉપર આંચકાઓની સંખ્યા વિશેષ નોંધાતી રહે છે. જોકે, સામાન્યથી મધ્યમ કક્ષાના આંચકાઓથી જાનમાલને કોઈ નુકસાન પહોંચતું નથી.



તાલુકા મથક ભચાઉથી ઉત્તર પશ્ચિમ દિશાએ આવેલા રણ કાંઠા આસપાસ જિલ્લાની સમાંતર ભૂકંપના આંચકાઓ વિષેશ રૂપે આવતા રહે છે. આજે સવારે ૯.૧૨ મિનિટે નેર ગામ નજીક વધુ એક ૨.૯ની તિવ્રતા ધરાવતો આંચકો નોંધાયો છે.

# શાળાઓ જાહેર રજાના દિવસે શૈક્ષણિક કાર્ય બંધ રાખે DEOએ આપી ચેતવણી

### ઈદ અને ચેટિચાંદની જાહેર રજાઓમાં વાર્ષિક પરીક્ષા ગોઠવતા વાલીઓમાં આક્રોશ

અમદાવાદ

શહેરમાં અમુક શાળાઓએ ઈદ અને ચેટિચાંદની જાહેર રજાઓમાં વાર્ષિક પરીક્ષા ગોઠવતા વાલીઓમાં આક્રોશ ફેલાયો હતો. લેખિત રજૂઆત ડીઈઓ કચેરી સુધી થઈ હતી. તેના અનુસંધાને અમદાવાદ શહેરના DEO દ્વારા તમામ શાળાઓને સૂચના આપવામાં આવી છે કે જાહેર રજાના દિવસે શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવશે તો કાર્યવાહી કરવામાં આવશે.

શાળા-કોલેજોમાં જાહેર રજા નિમિત્તે શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવે છે. તેમ છતાં અમદાવાદ શહેરમાં આવેલી કેટલીક શાળાઓએ ઈદ અને ચેટિચાંદ તહેવારમાં વાર્ષિક પરીક્ષાનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓને તહેવારના દિવસે પરીક્ષા આપવાના લીધે વાલીઓએ તંત્ર સામે રોષ ઠાલવ્યો હતો.

# વિશ્વાસમાં લઈ બે ઠગે રૂા. ૧૫ લાખથી વધુ રૂપિયા પડાવી લીધા

### રાજસ્થાનથી બે ઠગોની ધરપકડ : ફેસબુકમાં તાંત્રિક વિધિની લોભામણી જાહેરાત મૂકી લોકો સાથે છેતરપીંડી કરતા હતા

સુરત

સુરતમા એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ બે ઠગબાજો એ ૧૫ લાખથી વધુ રૂપિયા પડાવી લીધા હતા. ફેસબુકમાં તાંત્રિક વિધિની લોભામણી જાહેરાત મૂકી લોકો સાથે છેતરપીડી કરતા હતા.જેમાં સુરતના એક વેપારી લાલચમાં આવતા તેમણે આ તાંત્રિકનો સંપર્ક કર્યો હતો.જેને વિશ્વાસમાં લઈ વિવિધ વિધિના નામે ૧૫ લાખથી વધુ પડાવી લેતા વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.સાયબર ક્રાઇમ પોલોસે રાજસ્થાનથી બે ઠગો ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બે ઈસમોએ ફેસબુકમાં તાંત્રિક વિધિની પોસ્ટ મૂકી કોઈ પણ દુઃખનું નિવારણ થશે તેવી રીતે એક જાહેરાત બનાવી શેર કરી હતી. જેથી સુરતનો એક વેપારી તેમની આ લોભામણી તાંત્રિક વિધિની જાહેરાતમાં ભોળવાઈ ગયો હતો.અને તેમણે આ બની બેઠેલા તાંત્રિકોનો સંપર્ક કર્યો હતોજેથી બને એ પોતે મોટા તાંત્રિક હોય તેવો ડોળ કરી વેપારીને વધુ વિશ્વાસ માં લીધો હતો.અને તેમના ઘર માં પુષ્કળ પ્રમાણમાં સોનુ છે તેવું જણાવ્યું હતું.પરંતુ તેની પહેલા ખરાબ આત્માનો વાસ પણ છે જેથી તેની વિધિ કરવી પડશે. જેથી વિધિના નામે ટુકડે ટુકડે રૂપિયા મંગાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ બને ઈસમોને વેપારીએ ફોર્સ મરી ઘરે બોલાવ્યા હતા. જેથી બને ઠગ અને તેમના માણસોએ અલગ અલગ ડોળ કરતા વેપારીને તેમના પર વિશ્વાસ આવી ગયો હતો.જેથી તાંત્રિક વિધિના નામે અન્ય રૂપિયા આપ્યા તેમ ટુકડે ટુકડે બને એ ૧૫,૫૧,૧૧૦ રૂપિયા પડાવી લીધા હતા.જ્યારે વેપારીને આ બને ઢોંગી હોવાની વાત માલુમ પડી ત્યારબાદ તાત્કાલિક સાયબર ક્રાઈમ મથકમાં વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

# ભાવનગરના આર્મીમેનની પત્નીની છેડતી : સાળા-બનેવીની ધરપકડ

### કાપોદ્રા પોલીસે બાઈક નંબરના આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

સુરત


સુરતના કાપોદ્રા નવી શક્તિવિજય સોસાયટી પાસે ગતરાત્ર અમરોલીથી મોપેડ પર વરાછા જતી આર્મીમેનની સગર્ભા પત્નીની છેડતી કરનાર બે ઈસમોને કાપોદ્રા પોલીસે બાઈક નંબરના આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ ભાવનગરની વતની અને સુરતમાં વરાછા વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાનો પતિ આર્મીમાં ફરજ બજાવે છે. પરિણીતા હાલ સગર્ભા હોવાથી માતા સાથે રહે છે. પરિણીતા ગત સાંજે પોતાના ટુ-વ્હિલર ઉપર અમરોલીથી પોતાના ઘરે જતી હતી. ત્યારે આઠ વાગ્યાના અરસામાં કાપોદ્રા લક્ષ્મી હોટલથી આગળ નવી શક્તિવિજય સોસાયટી પાસે બીઆરટીએસ રોડ પર પાછળથી બે અજાણ્યા શખસ બાઈક પર આવ્યા હતા.પરિણીતાને આંતરી એક એક શખસે કહ્યું હતું કે, તારો મોબાઈલ નંબર આપ. પરિણીતાએ મારો મોબાઈલ નંબર શું કામ જોઈએ છે.

# આઈપીએલની નકલી ટિકિટ વેચવાનું કૌભાંડ : લોકોને છેતરતા ૭ની ધરપકડ

સુરત,

સુરતમાં આઈપીએલની નકલી ટિકિટ ઓનલાઈન વેચવાનું કૌભાંડ ઝડપાયું છે. મુંબઈ સાયબર સેલ એ મુખ્ય સૂત્રધાર સહિત ૭ આરોપીની કરી ધરપકડ કરી છે.આઈપીએલની વેબસાઈટ જેવી જ ડુપ્લિકેટ વેબસાઈટ બનાવી છેતરપિંડી કરતા હતા.



નકલી આઈપીએલની વેબસાઈટ બનાવી લોકોને છેતરતા આરોપીની મુંબઇ સાયબર સેલે સુરતથી ઝડપી પાડ્યા છે. કુલ સાત આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ નકલી વેબસાઇટ બનાવી લોકોને છેતરતા હતા. નકલી ટિકિટો વેંચી કમાણી કરી રહ્યા હતા. ત્યારે આરોપીઓની ધરપકડ કરીને મુંબઇ સાયબર સેલ દ્વારા કાર્યવાહી કરાઇ છે.

આઈપીએલની ૧૭મી સીઝન ૨૨ માર્ચથી શરૂ થઇ છે. ત્યારે સમગ્ર દેશમાં ક્રિકેટના રસિકો દ્વારા ગ્રાઉન્ડમાં જઈને મેચને જોતા હોય છે. મેચની ટિકિટનું ઓનલાઈન વેચાણ પણ શરૂ કરવામાં આવ્યુ છે. ક્રિકેટ રસીકો લાંબી લાઇનોમાં ઉભા રહેવું ન પડે અને ઘરબેઠા ટિકિટ બુક કરાવી શકે તે માટે ઓનલાઇન બુકીગ થઇ રહ્યુ છે.

# પાલનપુરના નવા બસપોર્ટના ત્રીજા માળેથી બે યુવતીઓએ લગાવી છલાંગ

પાલનપુર

પાલનપુરમાં બે યુવતીઓએ છલાંગ લગાવી હોવાની ઘટના સામે આવી છે. આ ઘટના બનાસકાંઠાના પાલનપુરના નવા બસપોર્ટની છે, જ્યાં બે યુવતીઓએ ત્રીજા માળેથી છલાંગ લગાવી છે. આ ઘટનામાં ઘાયલ બન્ને યુવતીઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યારે પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વાત કરીએ તો, આ બનાવ બનાસકાંઠાના પાલનપુરના નવા બસપોર્ટનો છે. જ્યાં કાફે પર પોલીસે રેડ કરી હતી. આ દરમિયાન જ બે યુવતીઓએ ત્રીજા માળેથી છલાંગ લગાવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, કાફેમાં પોલીસે રેડ કરતાં ડરના લીધે બે યુવતીઓ ભાગી હોય અને છલાંગ લગાવી હોય તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે આ ઘટનામાં બન્ને યુવતીઓને ઈજા પહોંચી છે. જેના પગલે બન્ને યુવતીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.


# આગામી અઠવાડિયાથી તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો વધારો જોવા મળે તેવી સંભાવના

અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં ગરમીનો અનુભવ થાય તેવી સંભાવના છે. આગામી અઠવાડિયાથી તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો વધારો જોવા મળે તેવી સંભાવના છે. એપ્રિલના અંતથી ૨૩ રાજ્યમાં હીટવેવનું એલર્ટ પણ અપાયું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર એપ્રિલ મહિનામાં ગરમીમાં વધારો જોવા મળે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલી, બોટાદ, તાપી સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. તેમજ આણંદ, ભરુચ, છોટાઉદેપુર, જુનાગઢ, ખેડા, મહીસાગર, નર્મદા,પંચમહાલ, સુરેન્દ્રનગર, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે.

અમદાવાદ, અરવલ્લી,દાહોદ, ડાંગ, ગાંધીનગર, મોરબી, મહેસાણા, નવસારી, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અરવલ્લી, દાહોદ, જુનાગઢ, મહીસાગર,પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ૨૨ ડિગ્રી ન્યૂનત તાપમાન રહે તેવી સંભાવના છે.



# હવે માલધારી સમાજ મેદાને : ઢોર નીતિ મુદ્દે ભાજપને મત નહીં આપે

### ૬ એપ્રિલે ભાજપ કાર્યાલયે અને ૧૫મીએ મુખ્યમંત્રીને રજુઆત કરશે

અમદાવાદ,

રૂપાલાના ક્ષત્રિય સમાજ પરના અભદ્ર નિવેદનના વિવાદમાં હવે માલધારી સમાજે પણ ઝંપલાવ્યું છે. રાજપૂત સમાજના આંદોલનને માલધારી સમાજે ટેકો જાહેર કર્યો છે. અમદાવાદના મેઘાણીનગરના પ્રેમાનંદ આશ્રમમાં માલધારી આગેવાનોની બેઠક મળી હતી. ઉપરાંત ઢોર પોલીસી અમલ મામલે પણ પુનઃ લડત શરૂ કરવાની ગોપાલક સમિતિએ જાહેરાત કરી હતી.

માલધારી આગેવાનોએ જણાવ્યું હતું કે, રાજપૂત સમાજ મામલે કરાયેલા નિવેદનને અમે વખોડીએ છીએ અને તેમના તમામ નિર્ણયને અમે સમર્થન આપીએ છીએ. ઢોર પોલીસીમાં પાછલા બારણે રહેઠાણ પુરાવા માટે ઈન્ડેક્સ નકલનો મુદ્દો ઉમેરી દેતા ગોપાલક સમાજમાં રોષ છે. રસ્તે રખડતા ઢોર મામલે કાર્યવાહીનો અમને કોઈ વિરોધ નથી, ઘરમાંથી પકડી જવાય છે એનો વિરોધ છે.

આગામી ૬ એપ્રિલે ગાંધીનગર લોકસભા બેઠકના એસજી હાઈવે સ્થિત મધ્યસ્થ કાર્યાલયે રજૂઆત કરી આવેદનપત્ર આપવાની જાહેરાત કરી છે. જો ૬ એપ્રિલે ઉકેલ નહી આવે તો ૧૪ એપ્રિલે પગપાળા કૂચ કરી ૧૫ એપ્રિલે ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાને રજૂઆત કરવાનું માલધારી સમાજનું આયોજન છે. ઢોર પોલિસી અમલ મામલે ગોપાલકોએ શપથ લીધા છે કે ઉકેલ નહી આવે તો ચૂંટણીમાં ભાજપને સમર્થન નહી આપીએ.

# સ્વરોજગારી મેળવતા પતિની આવકનું મૂલ્યાંકન મુશ્કેલ : ભરણપોષણના કેસમાં મહત્વનો ચુકાદો

### હાઈકોર્ટે ફેમીલી કોર્ટના ભરણપોષણના ચુકાદાને પડકારતી પતિની રિવીઝન અરજી ફગાવી દીધી

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે ફેમીલી કોર્ટના ભરણપોષણના ચુકાદાને પડકારતી પતિની રિવીઝન અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ જે.સી. દોશીએ જણાવ્યું હતું કે, 'અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા સ્વ રોજગાર પતિનની આવકનું મૂલ્યાંકન કરવું અઘરુ છે.

આવા સંજોગોમાં ફેમીલી કોર્ટે પતિની આવક નક્કી કરવા માટે અનુમાન લગાવવું જરુરી બને છે. ઝઈઝની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણની કાર્યવાહીમાં આવકનું સાચું ચિત્ર રજૂ નહી કરવાનું વલન છે ત્યારે પતિની સાચી આવક સામાન્ય રીતે સપાટી પર આવતી નથી.' આ કેસમાં અરજદાર પતિ દ્વારા કયારેલી રિવીઝન અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, ફેમીલી કોર્ટે અરજદારની પત્ની અને પુત્રીને ભરણપોષણ પેટે રુપિયા ૪૦,૦૦૦ ચૂકવવાનો હુકમ કર્યો હતો તે ગેરકાયદે અને અયોગ્ય છે. કારણ કે, અરજદાર પતિની આવક જ ભરણપોષણની રકમ કરતાં ઓછી છે.

ફેમીલી કોર્ટે પતિની પગાર સ્લીપને ધ્યાનમાં જ લીધી ન હતી કે જેમાં પતી મહિને માત્ર ૨૩,૬૦૦ રુપિયાનો પગાર મેળવે છે. ફેમીલી કોર્ટે એ હકીકત પણ નજર અંદાજ કરી છે કે, તેની પત્ની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે અને તે મેનેજરની ક્ષમતામાં યુનિવર્સિટીમાં સેવા આપી રહી છે, જ્યારે અરજદાર તેનાથી ઓછું કમાય છે. આમ, પત્ની પોતાને કમાવવા અને જાતે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ હોઇ ફેમીલી કોર્ટે આ પ્રકારનો વધુ પડતો ભરણપોષણનો અયોગ્ય હુકમ કર્યો

# પતિને છોડી મહિલાએ પ્રેમી સાથે ભાગવા માટે પોતાના ત્રણ વર્ષના બાળકની કરી હત્યા

સુરત,

સુરતના ગઢપુર રોડ સ્થિત બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમજીવીની પત્ની પ્રેમી સાથે ભાગી જતા શ્રમજીવીએ તે ત્રણ વર્ષના પુત્રને લઇ પ્રેમી સાથે ભાગી ગયાની ફરિયાદ રાજસ્થાનના બાંસવાડા પોલીસ મથકમાં નોંધાવી હતી.ત્રણેક દિવસ પહેલા રાજસ્થાન પોલીસે મહિલા અને પ્રેમીની અટકાયત કરી પૂછપરછ કરતા ખુલાસો થયો હતો કે , તેને પ્રેમી સાથે મળી પુત્રની હત્યા કરી નાખી છે.બાંધકામ સાઈટ પર પાણીના ખાડામાંથી બાળકનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સુરતના સરથાણા વિસ્તારમાંથી અજીબ હત્યાની ઘટના સામે આવી છે. અનૈતિક પ્રેમ સંબંધમાં ત્રણ વર્ષના બાળકનો ભોગ લેવાયો છે. પતિને છોડી મહિલાએ પ્રેમી સાથે ભાગવા માટે ત્રણ વર્ષના બાળકની હત્યા નીપજાવી હતી. સમગ્ર બનાવની મળતી માહિતી મુજબ મૂળ રાજસ્થાનના બાસવાડા જિલ્લાનું આદિવાસી શ્રમિક દંપતી સુરતના સરથાણાના ગઢપુર વિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પર કામ કરતું હતું. પતિ પત્ની તેના ત્રણ વર્ષના બાળક સાથે બાંધકામ સાઈટ પર મજૂરી કામ કરતો હતો.

આ દરમિયાન મહિલા લીલાને આ જ બાંધકામ સાઈટ પર કામ કરતા અન્ય રાજસ્થાનના આદિવાસી અજય નામના યુવક સાથે પ્રેમ થયો હતો. જેને લઇ બંને પતિને જાણ ન થાય તે રીતે ત્રણ વર્ષના બાળક સાથે રાજસ્થાન ફરાર થઈ ગયા હતા.મહિલા લીલા ત્રણ વર્ષના બાળક સાથે પ્રેમી અજય જોડે રાજસ્થાનના બાસવાડા જિલ્લામાં ફરાર થઈ ગઇ હોવાની જાણ થઈ હતી. જેને લઇ મહિલાના પતિએ રાજસ્થાનના બાસવાડા જિલ્લાના દાનપુર પોલીસ મથકમાં પ્રેમી અજય અને પત્ની સામે બાળકના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસ બંનેને શોધખોળ કરી રહી હતી.

# બુટલેગરોની માહીતી આપો અને રોકડ ઈનામ લઈ જાવ



અમદાવાદ,

વિવિધ રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઠાલવનારા કુખ્યાત બુટલેગરો સામે ૨૦ હજાર રૂપિયાથી લઈને ૧ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૯ રાજસ્થાનના અને એક બનાસકાંઠાના મળીને કુલ ૧૦ બુટલેગરોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાંથી મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો લાવવામાં આવે છે. આ બુટલેગરો પોલીસથી બચવા નાસતા ફરે છે. આ આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસને સચોટ માહિતી આપનારી વ્યક્તિને ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા આગોતરા રોકડ રકમ જાહેર કરવા માટે સ્ટેટ મોનિટરીંગ સેલે એક દરખાસ્ત રજૂ કરી હતી.જેને આધારે આ નાસતા ફરતા કુખ્યાત બુટલેગરોને ઝડપી લેવા માટે સચોટ માહિતી આપનારા કે મદદરૂપ થનારી વ્યક્તિઓને આગતરા રોકડ રકમની જાહેરાત કરવામાં આવી છે.

# ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહીત ૨૫,૪૭૮ વ્યક્તિઓએ આત્મહત્યા કરી લીધી : કોંગ્રેસ

અમદાવાદ,

'અચ્છે દિન', 'ખેડૂતોની આવક બમણી', 'દર વર્ષે બે કરોડ રોજગાર', 'મોંઘવારીના મારથી મુક્તિ મળશે', સહિતના વાયદાથી તદ્દન વિપરીત ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યા છે ત્યારે દેશમાં અને ગુજરાતમાં સતત વધતા યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓની આત્મહત્યાની ઘટનાઓ શું આ 'અમૃતકાળ' છે? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલાઓ, ખેડૂતો,ખેતમજદૂરો વિધાર્થીઓ, વેપારીઓ સેવા નિવૃત લોકો, સહીત સહપરિવાર આત્મહત્યા થઈ રહી છે તે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સતત છ વર્ષથી આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. દેશમાં સરેરાશ દરરોજ ૪૦૭ થી વધુ લોકો દેશમાં આત્મહત્યા કરી રહ્યા છે તેમજ ભારતમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યક્તિ રોજમદાર છે. દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર પચ્ચીસ મીનીટે એક ગૃહિણી આત્મહત્યા કરી રહી છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર શારીરિક સમસ્યાઓ, પારીવારીક મુશ્કેલીઓ સહીતના કારણોસર આત્મહત્યાઓ સતત વધી રહી છે.

ગુજરાતમાં પાછળના ત્રણ વર્ષમાં ૪૯૫ વિધાર્થીઓ સહીત ૨૫,૪૭૮ વ્યક્તિઓએ આત્મહત્યા કરી. ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૬૮૭૯ વિધાર્થીઓએ પોતાનો જીવ ગુમાવ્યો. રાજ્યમાં વિધાર્થીઓની આત્મહત્યામાંની ઘટનાઓમાં ૨૧ ટકાનો વધારો થયો છે. ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદમાં ૩૨૮૦,

# રાજકોટ મનપાના આબોહવા સ્થિતિ સ્થાપકતા સંસ્થા સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર



રાજકોટ,
આબોહવા પરિવર્તન માટે શહેરને વધુ સ્થિતિસ્થાપક બનાવવાનો અર્થ છે વિપરીત ચરમસીમાઓ માટે તૈયારી કરવી. આ સંદર્ભે, ભારતના શહેરોએ દુષ્કાળ, પૂર, ગરમી અને વાયુ પ્રદુષણ માટે પેહલાથી આયોજન કરવું જોઈએ. રાજકોટ મહાનગરપાલિકા અને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ અંતર્ગત એશિયા રેઝિલિયન્ટી સિટીઝ (પ્રોજેકટ દ્વારા રાજકોટની આબોહવા સ્થિતિ સ્થાપકતાના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ લેવામાં આવ્યું છે. બને સસ્થાના પ્રતિનિધિઓએ સમજૂતીના મેમોરેન્ડ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા જે ઝડપી શહેરીકરણ, વધતા તાપમાન, પાણીની અછત અને શહેરી પૂરના સંદર્ભમાં કાર્ય યોજનાના અમલીકરણ અને આબોહવા સ્થિતિસ્થાપકતા બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને ઔપચારિક બનાવે છે.

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ આપણા દેશમાં ની અસરો રોકવા માટેના પગલામાં સૌથી આગળ છે. જેમ આપણા શહેરનો વિસ્તાંર વધે છે, આપણે પર્યાવરણ માટે ફાયદાકારક અને સમાવિષ્ટ આર્થિક વૃદ્ધિ તેમજ નાગરિકો માટે ઉચ્ચં જીવનક્ષમતા સુનિતિ કરવી જોઈએ.

એ.આર.સી. મહત્વિના મુદ્દાઓ પર આર.એમ.સી.અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટે કાર્ય કરશે જેમાં વરસાદી પાણીનો સંચય , ટ્રીટેડ વેસ્ટન વોટરનો પુનઃઉપયોગ, સ્પોરન્જ સિટી પહેલને ટેકો આપવો તથા સામાજિક અને વર્તણૂંક પરિવર્તન માટે સલાહકારોની ભરતીને પ્રોત્સાનહન આપશે. રાજકોટ ભારતમાં શહેર બનવાની ક્ષમતા ધરાવે છે અને અન્યત શહેરોને તેને અનુસારવા પ્રોત્સાહિત કરી શકે છે. તેમ પણ મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું.

એશિયા રેઝિલિયન્ટ સિટીઝ પ્રોજેકટના ડેપ્યુ ટી ડાયરેકટર ડો. દામોદર બચાનીએ આ તકે જણાવ્યું હતું કે, ''રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથેની અમારી ભાગીદારી સતત શહેરી વિકાસને પ્રોત્સાઆહન આપવા માટે મહત્વ પૂર્ણ પગલું છે. આગામી ચાર વર્ષોમાં, અમે એ.આર.સી. ના બહુમૂલ્યશ લક્ષ્યોને આગળ ધપાવવા માટે સરકારી અને ખાનગી સંસ્થાંઓ બંને સાથે સતત બહુવિધ ભાગીદારી બનાવીશું.''

એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા ત્યારે ચેતન નંદાણી, ડેપ્યુટી કમિશનર આર.એમ.સી.અને સી.ઇ.ઓ. અને ડિરેક્ટર, રાજકોટ સ્માર્ટ સિટી કોર્પોરેશન લિમિટેડ , અશોક રાયસિંઘાણી, કન્ટ્રી લીડ ઈન્ડિરયા, એઆરસી પ્રોજેક્ટ અને એઆરસી ટીમના સભ્યો હાજર હતા.

# રાજકોટના મુરલીધર મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં કથા શ્રવણનો લાભ લેતા પરસોત્તમભાઈ રૂપાલા



રાજકોટ,
રાજકોટ ખાતેના મવડી ખાતે શ્રી મુરલીધર મંદિર ખાતે શ્રી મુરલીધર યુવક મંડળ અને સમસ્ત ગ્રામજનો ધ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ દર્શન-પૂજન અને કથાશ્રવણનો લાભ લઈ ધન્યતા અનુભવતા જણાવેલ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એ માનવીમાં અંધકારરૂપી અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશની ઉર્જાનો સંચાર કરે છે.

મવડી ગામના કોરોના મહામારી સમયે મૃત્યુ પામનાર ગ્રામજનોના આત્માના કલ્યાણાર્થે આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, પૂર્વ ધારાસભ્યગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, વોર્ડ-૧૧ ભાજપના પ્રમુખ મહેશભાઈ, કોર્પોરેટરો વિનોદભાઈ સોરઠીયા, મગનભાઈ સોરઠીયા, શ્રી મુરલીધર યુવક મંડળના મનસુખભાઈ ખોડાભાઈ, રાજેશભાઈ નરશીભાઈ, કિશોરભાઈ કડવાભાઈ, દિનેશભાઈ કડવાભાઈ, અરવિંદભાઈ લખમણભાઈ, દિનેશભાઈ ભોજાભાઈ, સુરેશભાઈ બચુભાઈ, રમેશભાઈ નાનજીભાઈ, વિમલભાઈ લવજીભાઈ, કિશોરભાઈ પાંભર, ચંદુભાઈ સોરઠીયા, મનસુખભાઈ રંગાણી, ભોજાભાઈ મેઘાણી, સુરેશભાઈ સોરઠીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં "બોયકોટ પુરૂષોત્તમ રૂપાલા સપોર્ટ ક્ષત્રિય સમાજ" બેનર વોર શરૂ




રાજકોટ,
રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા થોડા દિવસો પહેલા રાજકોટના પરસાણા નગર વિસ્તારમાં રૂખી સમાજના કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજે અંગ્રેજો સાથે રોટી-બેટી વ્યવહાર કર્યાનો બફાટ કરી ભવ્ય ઈતિહાસ ધરાવનાર ક્ષત્રિય કોમનું ભારોભાર અપમાન કર્યુ હતુ. આ અંગેનો વીડિયો વાયરલ થયા બાદ સૌરાષ્ટ્ર -ગુજરાત જ નહીં પરંતુ રાજસ્થાન સહિતના જુદા-જુદા રાજયોમાં પુરૂષોત્તમ રૂપાલાની ટિકીટ રદ્દ કરવાની માંગણી સાથે ભારે રોષ ફેલાયો છે. ઠેર-ઠેર ગામડાઓમાં રૂપાલાની ટિકીટ રદ્દ ન થાય તો ભાજપ માટે પ્રવેશબંધીના બેનરો લાગી રહ્યા છે. તાલુકા-મામલતદારો અને જિલ્લા કલેકટરોને ક્ષત્રિય સમાજ દ્વારા બહોળી સંખ્યાંમાં એકત્રિત થઇ આવેદનપત્રો પાઠવવામાં આવી રહ્યા છે. ૯૦ સંસ્થાઓની એક સંકલન સમિતીએ પુરૂષોત્તમ રૂપાલા હટાવ અભિયાન માટે રણનીતિ ઘડી કાઢી છે, ત્યારે રાજકોટ રહેતા અને કોંગ્રેસમાં સેવા આપતા મહિલા ક્ષત્રિય અગ્રણી નયનાબા જાડેજાએ 'બોયકોટ પુરૂષોત્તમ રૂપાલા, સપોર્ટ ક્ષત્રિય સમાજ'ના બેનરો એકલા હાથે લગાવવાનું શરૂ કર્યુ છે.

ગઈ કાલે અમીન માર્ગ ઉપર નયનાબા જાડેજા દ્વારા પુરૂષોત્તમ રૂપાલાનો વિરોધ દર્શાવતા બેનરોમાં રૂપાલાનો ચૂંટણી ત્યાગ કરવાના મેસેજ આપતા બેનરો ચિપકાવાઇ આવ્યા હતા.

# જિલ્લા સંપર્ક કેન્દ્રને ચૂંટણી સંબંધી મળેલ ૫૦ ફરિયાદોનો નિકાલ

રાજકોટ:લોકસભા ચૂંટણી જાહેર થયા બાદ તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ થી જિલ્લા ચૂંટણી કેન્દ્ર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળતી ફરિયાદોના સત્વરે નિકાલ માટે એન.જી.એસ.પી. મારફતે કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અધિક ચૂંટણી અધિકારીશ્રી અને તેમની ટીમ દ્વારા ટોલ ફ્રી નંબર, વોટર હેલ્પ લાઈન – ૧૯૫૦ તેમજ સી.વીજીલ એપ પર આવેલ ઓનલાઈન મળીને ૫૦ જેટલી ફરિયાદ મળી હતી, જે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે. એ.સી. વાઈઝ વિધાનસભા રાજકોટ પૂર્વ (૬૮) વિસ્તારમાં ૪, રાજકોટ પશ્ચિમ (૬૯) વિધાનસભા વિસ્તારની ૧૩, મળીને કુલ ૫૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, તેમ એન.જી. એસ.પી.ના નોડલ ઓફિસર શ્રી સ્વામીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ ભક્તિનગર પોલીસ મથકમાં સરપ્રાઈઝ મુલાકાત લેતા પોલીસ કમિશ્નર

## એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી.વી.જાધવ ઉપસ્થિત રહ્યા



રાજકોટ.
રાજકોટ શહેરના ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની અધ્યક્ષતામાં રોલ કોલનું આયોજન કરવામાં આવેલ જેમાં અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર,એસીપી બી.વી.જાધવ સહિત ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ. સરવૈયા સહિતનો સ્ટાફ હાજર રહેલ હતા.

રોલકોલ દરમિયાન સીનીયર અધિકારીઓ પોલીસ મથકના અધિકારી-કર્મચારીઓએ દિવસ દરમ્યાન કરેલ કામગીરી તેમજ બીજા દિવસે કરવામાં આવનાર કામગીરીના આયોજન બાબતે સમીક્ષા કરવામાં આવેલ તેમજ આગામી લોકસભા ચુંટણીના અનુસંધાને આદર્શ આંચાર સહીંતા અમલમાં હોય ત્યારે મતદાનની પ્રક્રીયા શાંતીપુર્ણ રીતે યોજાય તેમજ આગામી ચુંટણીની સંવેદનશીલતાને લક્ષ્યમાં રાખી આદર્શ ફરજ બજાવવા લાલચ, લોભ, પક્ષપાત કર્યા વગર શાંતિપુર્ણ માહોલમાં ચુંટણી યોજાય તે અર્થે ફરજ બજાવવા પોલીસ અધિકારી-કર્મચારીઓને સુચના તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આચારસંહિતા અને ચૂંટણી દરમિયાન કોઈ પક્ષપાત વગર યોજાય તેમજ બુટલેગરો પર દરોડા પાડવા, મહિલા અત્યાચાર, શાળાઓની આજુબાજુમાં આવારા તત્વો ઉપર નજર રાખવી સહિતના સૂચન કરેલ તમામ પોલીસ કર્મચારીઓ ટ્રાફીકના નીયમોનુ ચુસ્ત પાલન કરે, પોલીસ સ્ટેશન આવતા અરજદારોને સારી રીતે સાંભળી તેના પશ્નોનો કાયદાકીય જોગાવઈઓ મુજબ નિષ્પક્ષપણે ઉકેલ લાવવા પ્રજાલક્ષી કામગીરી કરવા તેમજ પોલીસ સ્ટેશનોમાં સાફ સફાઈ રાખવા તેમજ અધિકારી-કર્મચારીઓએ ફરજ સારી રીતે બજાવવા માટે પોતાના સ્વાસ્થય બાબતે જાગૃત થઇ શારીરીક પ્રવૃતિઓ જેવી કે વોકીંગ, જોગીંગ, રનીંગ, યોગા, પ્રણાયમ કે કોઇ રમતો રમવા પ્રેરણા લેવી તેમજ સ્ટાફના પોલીસ કર્મીને કોઇ રજુઆત કે પ્રશ્નો હોય તો રજુ કરવા જણાવેલ હતું. પોલીસ કમિશ્નર દ્વારા સુચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું.

# રાજકોટ મનપાના વોર્ડને ચોખ્ખા ચણાંક રાખનાર ૩૬ સફાઈ કામદારોનું સન્માન

## વોર્ડવાઈઝ બબ્બે શ્રેષ્ઠ સફાઈ કામદારોને આનંદ પટેલના હસ્તેન પ્રમાણપત્ર આપી સન્માન કરાયું



રાજકોટ,
શહેરને સ્વચ્છ્ રાખવા માટે દિવસ-રાત જહેમત ઉઠાવી રહેલ સફાઈ કર્મચારીઓનો ઉત્સાહ વધે તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અનુસંધાને રાજકોટનું પરફોર્મન્સ વધુને વધુ સારું બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિસ્તત આયોજન અમલમાં મુકાયેલ છે. જે અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ત્રણેય ઝોનના ૧૮ વોર્ડમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને શ્રેષ્ઠ કામગીરી બદલ તા.૦૨ના રોજ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના હસ્તે શ્રેષ્ઠ સફાઈ કામદારનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

માર્ચ-૨૦૨૪ની સફાઈ કામગીરીને ધ્યામાં રાખીને દરેક વોર્ડમાંથી ૧સ્ત્રી અને ૧ પુરૂષ એમ કુલ-૩૬ સફાઈ કામદારોને તેમની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ, સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના હસ્તે્ પ્રમાણપત્ર સુપ્રત કરી કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ તકે મ્યુંનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, સફાઈ કરવાની કામગીરી અઘરી છે છતાં મહાનગરપાલિકાના પરિવાર તરીકે પોતાનું ઘર સમજીને સફાઈ કામગીરી કરી છે. પોતાના ઘરમાં જેમ સ્વચ્છતા જાળવી છે તેવી જ રીતે મહાનગરપાલિકાના પરિવારના સભ્યિ બની આપણા શહેરની સ્વચ્છતા જાળવી છે. આપ સૌ દ્વારા શહેરમાં કરેલી સફાઈ કામગીરી ધન્યવાદને પાત્ર છે. આપણે સૌ પોતે અન્ય સમાજના આગેવાનોના સાથ અને સહકારથી આપણા રાજકોટને સ્વચ્છીરાખીએ. રાજકોટમાં બહારગામથી આવતા લોકો પણ આપણી સ્વચ્છતાની નોંધ લ્યો છે. આપ સૌ સફાઈ કામદારોની સારી કામગીરી થકી રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી પણ ઉજળી થઈ છે. આપણા થકી અન્ય નાગરિકો અને અન્ય સફાઈ કામદારો પણ પ્રેરણા મેળવે અને આપ સૌએ કરેલી કામગીરી બદલ ફરી એક વાર અભિનંદન પાઠવ્યા હતા. સફાઈ કામગીરી સન્માન સમારોહમાં મ્યનિસિપલ કમિશનર આનંદ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે, પર્યાવરણ ઈજનેરનિલેશ પરમાર, એ.એમ.સી. કાથરોટીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌ આધારિત કૃષિના દિવસો ફરી શરૂ કરવા ગાય રાખીએ, પ્રાકૃતિક ખેતી કરીએ : ડો.વલ્લભભાઈ કથીરિયા



રાજકોટ, આપણી સંસ્કૃલતિનો ઉદભવ ગ્રામ્યાજીવનથી થયો છે. આઝાદીના ૭૫ વર્ષો બાદ પણ આપણું અર્થતંત્ર કૃષિ આધારિત જ રહ્યું છે.ભણેલા - ગણેલા યુવાનો અને તેમાંય ખાસ કરીને કૃષિ - ગોપાલનનો અભ્યાસ કરીને જો ગોપાલન અને ગૌ આધારિત કૃષિમાં લાગશે તો આ દેશના ગામડાની શકલ બદલતા વાર નહી લાગે. આપણી ખેતી ગૌપાલન સાથે જોડાયેલી હતી. ખેતી અને ગોપાલન એક રથના બે પૈડા સમાન છે. ગોપાલન દ્વારા શ્રેષ્ઠ ગૌ આધારિત કૃષિના દિવસો પુનઃ શરૂ થઈ ગયા છે.

ગાયને વિશ્વમાતા કહી છે.ગાય સર્વ સુખ પ્રદાન કરનારી છે. ગાય સમાજ વ્યવસ્થા નું એક અગત્યસનું અવિભાજય અંગ છે. દરેક ખેડૂત બે ગાય અને બે બળદ તો પાળીજ શકે. એના ગોમુત્ર અને ગોબરમાંથી પોતાને જરૂરી એટલા બાયો પેસ્ટીસાઈડ (જંતુનાશક દવા) અને બાયો ફર્ટીલાઈઝર (સેન્દ્રીય ખાતર) બનાવી ચોકકસ પ્રકારના પાક દ્વારા સમૃધ્ધક બની શકે. જરૂર છે 'ઈચ્છાફ શક્તિ(' ની.

ઓર્ગેનિક એટલે કે જે ખોરાકમાં હાનિકારક જંતુનાશકો - પેસ્ટીસાઈડ્ઝ, રાસાયણિક ખાતર, ફર્ટિલાઈઝર કે જેનેટિકલી મોડીફાઈડ બિયારણનો ઉપયોગ ન થયો હોય તેવા અનાજ - શાકભાજી - ફળફળાદી હોય તેને 'ઓર્ગેનિક' ખોરાક ની વ્યાયખ્યાન માં મૂકી શકાય.

'એક કુટુંબ દીઠ એક ગાય' નામના 'ગ્રીનીકા' પ્રોગ્રામ હેઠળ, આફ્રિકાના રવાન્ડ દેશે ખેતીની અને ગ્રામ્યન વિસ્તાની રોનક બદલી નાંખી છે. 'વન મેન, વન કાઉ, વન પ્લેનેટ'. ન્યુ?ઝીલેન્ડીના એગ્રો સાયન્ટીસ્ટ પીટર પ્રોકટરે ઉપરોકત પ્રયોગ દવારા સમગ્ર વિશ્વનું ધ્યા'ન આકર્ષિત કર્યુ છે. ગાય મનુષ્યે, જીવસૃષ્ટિ, પર્યાવરણ અને પૃથ્વીને તેની બહુવિધ ઉપયોગીતા દ્વારા બચાવી શકે છે, તે વાત હવે નિર્વિવાદ સત્યન સાબિત થઈ ચૂકી છે.ગાયના ઉત્પારદનો એટલે કે પંચગવ્ય ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર અને ગોબર તેમજ ગૌરસ અને ખુદ ગૌમાતા ના શરીર નો મહિમા અપાર છે.

આ ઉપરાંત ૨૦૦ મીલીયન ગૌવંશ દ્વારા ૫૦ મીલીયન ટન ખાતર દર વર્ષે પેદા કરી શકાય. જે દ્વારા ભારતની ૧૩૫ મીલીયન હેકટર જમીનને વર્ષમાં બે વખત ખાતર પૂરુ પાડી ફળદ્રુપ રાખી શકાય. આજના જાયન્ટે ફટીલાઈઝર પ્લાનન્ટમાં વપરાતા 'ઓઈલ' બચત થાય તે નફામાંઓર્ગેનિક ફાર્મિંગ, બાયો ફર્ટિલાઈઝર અને બાયોગેસ માટેની પોલિસી બની છે. ઓર્ગેનિક સર્ટિફિકેશન, 'ફાર્મસ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન' બાયોફર્ટીલાઈઝર,ઓર્ગેનિક માર્કેટ વગેરે માટે અલગ અલગ વિભાગો કાર્યરત છે. કૃષિ-ગૌ ઉધોગો દ્વારા ગ્રામ વિકાસ થશે. ઓર્ગેનિક પેદાશોને કારણે લોકોનું આરોગ્યગ સુધરશે. દેશ સ્વાસ્થ- બનશે. પર્યાવરણ રક્ષા થશે.

# રાજકોટના વોર્ડ નં. ૧૧માં ફાયર સ્ટેશન બનાવવા કોંગ્રેસના વોર્ડ પ્રમુખની રજુઆત



રાજકોટ,
રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૧માં ફાયર સ્ટેશન બનાવા કેતન તાળાએ કોંગ્રેસ વોર્ડ પ્રમુખ તંત્ર વાહકોને પત્ર પાઠવી યોગ્યનરજુઆત કરી છે.

આ અંગે કેતન તાળા એ પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, વોર્ડ નં. ૧૧ના વિસ્તુાર બહુ મોટો છે. અને ફાયર સ્ટે શન ઘણું દુર છે. વોર્ડ નં. ૧૩માં ફાયર સ્ટેશન છે. તે વોર્ડ નંબર ૧૧ના છેવાડાના વિસ્તા૧રથી ૭ કિલો મીટરથી પણ દુર થાય છે. તો તાકિદે ૧૫૦ ફુટ રોડ પર બનાવવા માંગ કરી છે.

# ૧૦૦ કિલો ગૌમાંસ સાથે ભાઈ-બહેન પકડાયા

રાજકોટ:શહેરના જૂના મોરબી રોડ પર આવેલા રોહિદાસપરા-૧૧માં મહિલા-પુરુષ ગૌમાંસનું વેચાણ કરતા હોવાની જીવદયાપ્રેમીઓએ બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. જે માહિતીના પગલે પીએસઆઇ એ.બી.ચૌધરી સહિતના સ્ટાફે બુધવારે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ઓરડીમાંથી માંસનો જથ્થો મળી આવ્યો હતો. તેમજ ઓરડીમાંથી મંજુ મનજી પરમાર નામની વૃદ્ધા અને તેનો ભાઇ મહેશ પણ મળી આવ્યા હતા. પોલીસે માંસનું ખરાઇ કરવા સાથે રાખેલા તબીબે માંસની ખરાઇ કરતા તે ગૌમાંસ હોવાનું જ જણાવ્યું હતું.બાદમાં ગૌમાંસનું વજન કરતા ૧૦૦ કિલો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગૌમાંસ અને કતલ કરવાના સાધનો કબજે કર્યા હતા. ગૌમાંસનું વેચાણ કરતા ભાઇ-બહેન સામે પોલીસે આઇપીસી ૧૧૪, પશુ સંરક્ષણ અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે.

# રાજકોટ એસ.ટી. વિભાગની વિજીલન્સ શાખાએ ૧૧૦ ખાનગી વાહનોને ડીટેઈન કર્યા

## નો પાર્કીંગ ઝોનનો ભંગ-મુસાફરોની ગેરકાયદેસર હેરાફેરી બદલ રૂા.૪.૧૭ લાખના દંડની પણ વસુલાત

રાજકોટ,
રાજકોટ એસ.ટી. વિભાગની વિજીલન્સ સ્કવોડ દ્વારા ગત માસ દરમિયાન પણ રાજકોટ શહેર અને ડિવિઝનના જુદા જુદા નો પાર્કીંગ ઝોન વિસ્તારમાં ખાનગી વાહનો દ્વારા ગેરકાયદેસર મુસાફરોની હેરફેર અને જાહેરનામાના ભંગ અંગે ચેકીંગ હાથ ધરેલ હતું.આ ચેકીંગ દરમ્યાન વિજીલન્સ શાખાએ નો પાર્કીંગ ઝોનનો ભંગ કરતા અને મુસાફરોની ગેરકાયદેસર હેરફેર કરતા ખાનગી વાહન ધારકો સામે દંડાત્મક કાર્યવાહી સાથે નિયમના ભંગ બદલ કુલ ૧૧૦ જેટલા ખાનગી વાહનો નો પાર્કીંગ ઝોનનો ભંગ અને મુસાફરોની ગેરકાયદેસર હેરફેર બદલ ડીટેઈન કરી લીધા હતા.

ઉપરાંત અન્ય કેસોમાં ૧૨૫ જેટલા મેમો ખાનગી વાહનધારકોને આપવામાં આવેલ હતા. વિજીલન્સ શાખાએ આ ચેકીંગ દરમ્યાન કુલ ૪.૧૭ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. આરટીઓ અને પોલીસતંત્રએ સયુકત આ કામગીરી હાથ ધરી હતી.

# સગીરાની છેડતીના ગુનામાં જામીન અરજી રદ

રાજકોટ:રાજકોટમાં ગત તા.૧૪-૪ના રોજ ટ્યૂશન ક્લાસીસમાં જતી સગીરાની છેડતી કરવાના ગુનામાં માલવિયાનગર પોલીસે બાલાજી હોલ પાસે આરએમસી ક્વાર્ટરમાં રહેતા આરીશ અલ્તાફ કુરેશીની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. ત્યારબાદ આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા અદાલતમાં પોલીસે ચાર્જશીટ દાખલ કર્યું હતું.ચાર્જશીટ થયા બાદ આરોપીએ જેલમાંથી છૂટવા માટે પોક્સો અદાલતમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળિયાએ વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા ગુનામાં જો આરોપીને જામીન આપવામાં આવશે તો ફરી આવા ગુના કરશે અને તેમને કાયદાનો કોઈ ડર રહેશે નહીં તે રજૂઆત ને ધ્યાને લઈ સેશન્સ જજ જે.ડી. સુથારે આરોપીની જામીન અરજી રદ કરેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચૂંટણીનો મેદાને જંગ

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય પક્ષોની સક્રિયતા વધતી જાય છે બીજી બાજુ આમ આદમી ના મુખ્ય નેતાઓ જેમના સળિયા પાછળ છે. કોંગ્રેસીઓ પ્રચાર કરે છે કે અમારા બેંક ખાતા સરકારે ફ્રીજ કર્યા છે આથી ચૂંટણી લડવાનું બજેટ અમારી પાસે નથી.

બીજી બાજુ કોંગ્રેસને પક્ષમાંથી ઉમેદવારો શોધવામાં તકલીફ પડી રહી છે. વિવિધ રાજ્યોમાં તેના અનેક નેતાઓએ ચૂંટણી લડવાનો ઇનકાર કરી દીધો છે. આવા ઇનકારથી મોવડી મંડળ નારાજ છે. કોઈપણ વ્યક્તિ હારી જવા માટે ચૂંટણીમાં શા માટે ઉભો રહે? ભાંગલા ગાડા ઉપર કોણ બેસે? સૌ ઉગતા સુરતને પૂજે છે આથી તેઓ ભાજપમાં જોડાવા માટે લાઈન લગાવીને ઊભા રહી જાય છે. કોંગ્રેસ છોડીને જઈ રહેલા નેતાઓને કોંગ્રેસ અટકાવી શકતી નથી. બીજી તરફ કોંગ્રેસે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા પોતાના બેન્કના ખાતાઓ ફ્રિઝ કરવામાં આવ્યા હોવાનું જણાવીને પક્ષની આર્થિક સ્થિતિ ચૂંટણી લડવા લાયક નથી તેવું જાહેર કર્યું છે. જોકે ઇન્કમટેક્સ વિભાગની સ્પષ્ટતા એવી છે કે તેમણે કોંગ્રેસના કોઈ ખાતા ફ્રિઝ કર્યા નથી, બલકે ઇન્કમ ટેક્સ વિભાગની લેણી નીકળતી રકમ દિલ્હીમાં કોંગ્રેસના કેટલાંક ખાતાંઓમાંથી વસૂલ કરી છે. ઇન્કમ ટેક્સ વિભાગે તો એવું પણ કહ્યું છે કે કોંગ્રેસ સમૃદ્ધ છે અને ગયા વર્ષે કોંગ્રેસે એક હજાર કરોડની સંપત્તિ જાહેર કરી હતી. આ સ્થિતિમાં ભારતની જનતા જાણે છે કે કોંગ્રેસના નેતાઓ ખોટું બોલી રહ્યા છે તેની પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે પરંતુ લોકોને સહાનુભતી જીતવા માટે આ બધા ખેલ કરે છે આમાં સાચું કોણ એ નક્કી કરવાનું રહે છે. ચૂંટણીની પ્રક્રિયા આગળ વધી રહી છે અને કોંગ્રેસ આવા રોદણા રડતી રહેશે તો સરવાળે તેની પ્રતિષ્ઠાને જ હાનિ થવાની છે.

બીજી બાજુ જ્યાં બીજેપીને પહેલાં કરતાં વધુ સીટ નથી મળવાની અથવા મોદીનો વેવ નથી જ ચાલવાનો ત્યાં કોંગ્રેસને લાભ થશે તેવું નથી. પશ્ચિમ બંગાળ હોય કે પંજાબ અને દિલ્હી, કોંગ્રેસ માટે ચાર ચૂંટણી જીતવી અચ્ત મુશ્કેલ કાર્ય છે

ભારત જેવા અનન્ય લોકશાહી દેશમાં સાત દસકા રાજ કરનાર રાજકીય પક્ષની આ હાલત થાય એ ઘણી રીતે આશ્ચર્ય અને દુ:ખની બાબત છે. જોકે યુપીએ-૨ પછી મોદીને પોલિટિક્સનું સેન્ટર સ્લોલી પણ ફર્મલી બનાવવામાં કોંગ્રેસનો અને તેને માનસિક રોગીની જેમ ખોટું અને ખરાબ પીઠબળ આપનાર અંગ્રેજી ડાબેરીઓનો ફાળો મોટો છે. વર્તમાનમાં સ્થિતિ એ છે કે દેશના બહુમતી મતદારમાં કે બહુમતી વિસ્તારમાં રાજકારણની વાત કોંગ્રેસ આસપાસ નથી થતી.આપણે જોઈએ છીએ કે રાજકારણની ચર્ચામાં સેન્ટર પર કોંગ્રેસ કે રાહુલ અને પ્રિયંકાનું નામ બોલાતું જ નથી. આ બાબતમાં કોંગ્રેસના કાર્યકરોની અને નેતાઓને પણ વિશ્વાસ નથી. કે આ વખતે જીતી જશું.

સોશિયલ મીડિયા પર પ્રો-રાહુલ કે પ્રો-કોંગ્રેસ પ્રકારની વાતમાં કાયમ ટેકો આપનારાની સંખ્યા અને નામ સૌ જાણતા હોય છે. બહુધા લોકો મોદીની આસપાસના રાજકારણથી ટેવાઈ ગયા છે. મોદીટિક્સ ચાલે છે કે મોદીકારણ ચાલે છે. ભક્ત શબ્દનો દુરુપયોગ કરી કરી પાકિસ્તાન અને ચીન તરફી લોકો આતંકવાદ અને બોમ્બ-ધડાકાને પ્રત્યક્ષ કે પરોક્ષ ટેકો આપતા રહ્યા. એમને એ ભાન જ ના રહ્યું કે ૨૦૦૨ ગયે એકવીસ-બાવીસ વર્ષ ઉપર થઈ ગયું. સ્થિતિ એ આવી ગઈ છે કે કોંગ્રેસની સરકાર બનશે કે નહીં? એ પ્રશ્ન બહુમતીને તદ્દન વાહિયાત લાગે છે.

# આપણે આટલા બધા કાચા કાનના કેમ ?

**વીંસેન્ટ ગોગે તેની પ્રેમિકાને પોતાનો કાન કાપીને ભેટ ધર્યો હતો.કારણ કે તેની પ્રેમિકાએ તેના કાનના સૌંદર્યના વખાણ કર્યા હતા**

**લક્ષ્મણ પાસે સુર્પણખા પોતાના આગવા સૌંદર્યને લઈને ગઈ હતી ત્યારે તેના નાક કાન કાપીને તેના હાથમાં પકડાવી દીધેલા**

**નાક આબરુનું પ્રતીક છે પણ કાન હંમેશા સાઈડમાં જ રહી ગયો છે એક તો સાઈડમાં, એમાં પણ બે આપ્યા છે પણ લોકોને વન વે કે ટુ વે ની સમજ નથી કામ થઈ ગયું એટલે પત્યું એમ જ માને છે**

અન્વેષણ
- C.A. પરેશ ભટ્ટ

ભગવાને આપણને આપ્યા છે બે કાન પણ આપણે સાંભળીએ છીએ એક જ કાને કદાચ એટલે જ એક કાને સાંભળનારને કાચા કાનનો કહે છે અથવા તો એક જ કાને સાંભળીને બીજા કાને કાઢી નાખો. આથી આપણા સંબંધો હંમેશા બીજા માટે શંકાસ્પદ થઈ જાય છે બહેનોમાં સામાન્ય રીતે એવું બનતું હોય છે કે લગ્ન પ્રસંગે કે મરણ પ્રસંગે તેઓ ભેગા મળે ત્યારે પપ્રહ્નની સ્પીડે ડેટા ટ્રાન્સફર થતો હોય છે. આ સમયે હંમેશા એક કાન નથી જ શ્રવણ કાર્ય થતું હોય છે પરિણામે આપણી ધારણાઓ પણ એક પક્ષી જ હોય છે કારણ કે આપણે હંમેશા એક જ પક્ષની વાત સાંભળી હોય છે અને તેની માટે અનુમાનો અને નિર્ણયો કરી લેતા હોઈએ છીએ. એમ કહેવાય ને કે બીજા ની ફૂટપટ્ટી એ ત્રીજી વ્યક્તિને આપણે માપવા નીકળ્યા છીએ, પરિણામે આપણને બીજાઓ માટે સાચી વાતની ખબર જ નથી પડતી. આપણે તો કહેનાર વ્યક્તિએ કહ્યું તે જ સાંભળી લેતા હોઈએ છીએ અને બીજા માટે અનુમાન કરી અને ધારી લેતા હોઈએ છીએ કે આ વ્યક્તિ આવી હશે કે આવો હશે. પરંતુ હકીકત તેનાથી જુદી પણ હોઈ શકે છે પણ એ ખરાઈ કરવા ક્યારેય ટેવાયેલા નથી પરિણામે ખરી વાતની ખબર પણ પડતી નથી ભગવાને બે કાન આપ્યા છે, તો એક કાન જે વ્યક્તિ બીજાના માટે કહી રહ્યો છે તેને સાંભળીને જ આપણે બીજી વ્યક્તિનું અનુમાન કરી દઈએ છીએ. પરંતુ બીજા કાનથી જે બીજી વ્યક્તિ છે તેને પણ આપણે સાંભળવાનો પ્રયત્ન કરવો જોઈએ. બંને પક્ષને સાંભળ્યા બાદ જ આપણે અનુમાન કરવું જોઈએ. કોઈ એક વ્યક્તિની વાત સાંભળી અને ધારણાઓ બાંધી લઈએ છીએ જેને કારણે આપણા સંબંધોમાં ખૂબ મોટી ગેરસમજ ઊભી થતી હોય છે. જો બંને પક્ષને સાંભળ્યા પછી નિર્ણય લેવાતો હોય તો આપણા ૯૦ ટકા સંબંધો માં સુમેળ જળવાઈ રહે.

હમણાં મારે ઘરે રીપેરીંગ કામ ચાલતું હતું.એક એજન્સીને એક કામ સોંપેલું પણ તેણે સાવ વેઠ ઉતાર્યા જેવું જ કામ કર્યું. આથી મેં તેને જણાવ્યું કે આ કામ સરખું કરી નાખો નહિતર મારે બીજા પાસે કરાવવું પડશે અને જે ખર્ચ થશે એ તમારા હિસાબ માંથી કપાશે. આમ છતાં એમણે કઈ જ ધ્યાન ન આપ્યું. અમુક કામ એવા હોય કે જેમાં ખર્ચ થયા પછી એ પૈસા નકામા જ જાય.એ પરત ન આવે તમે ફરી કરાવો તો બીજો ખર્ચ થાય. આમ બીજા કારીગર પાસે કામ કરાવ્યુ. ખૂબ હેરાન થયા, અધૂરું કામ બીજા પાસે કરાવવું એટલે પારાવાર મુશ્કેલી. પછી જે કારીગર અધૂરું કામ છોડીને ગયેલો કે જેની કમાણી એક ગ્રેજયુએટને હોય તેના કરતાં ડબલ , એ હિસાબ કરવા આવ્યો એટલે મેં કહ્યું કે તે આટલું નુકશાન કર્યું છે અને બીજા કારીગરને જે મજૂરી ચૂકવવી પડી એ તારા હિસાબ માંથી કપાશે. એટલે તેણે રોદણાં રોવાના શરૂ કર્યા. બીજા એક બે જાણીતી વ્યકતીને વાત કરી. આમાના એક ભાઈ મારી પાસે આવ્યા મને કહે ભલા માણસ આવા નાના માણસના પૈસા તમે ન આપ્યા ? મેં કહ્યું કે તમે કેમ અનુમાન કરો છો કે મેં પૈસા નથી આપ્યા ? મને કહે તેણે મને કહ્યું એટલે ! મેં કહ્યું તમે એમને સાંભળીને નિર્ણય લીધો પરંતુ પહેલા મને પુછાય કે શું તકલીફ થયેલી. બન્નેની વાત સાંભળીને નિર્ણય લેવાય. તમે મને પૂછ્યું કે મેં ક્યાં કામના પૈસા નથી આપ્યા ? શું કામ નથી આપ્યા ? પછી મેં એમને પ્રેક્ટિકલ દેખાડ્યું કે જુવો આવું કામ બગાડ્યું છે, આ કામ એમણે કર્યું જ નથી જેના એ પૈસા માગે છે. હવે તમે કહો કે તમે હો તો શું કરો ? મને કહે તમારી વાત સાચી છે. તેણે કામ કર્યું જ નથી તો પૈસા માગવાનો અધિકાર જ નથી. સારું થયું આ ચોખવટ થઈ નહિતર તો તમારા માટે ગેરસમજ જ રહેત. મોટા ભાગે આપણે ત્યાં આવું જ બનતું હોય છે કે એક પક્ષને સાંભળીને બીજા પક્ષ વિશે નિર્ણર્ય લઈ લેતા હોઈએ છીએ. જોકે આવું મહાભારત કાળથી ચાલ્યું આવે છે. એટલે તો દુર્યોધનના પક્ષે ૧૧ અક્ષોહ્યણી સૈન્ય હતું અને પાંડવોને પક્ષે ૭ અક્ષોહ્યણી સૈન્ય હતું.

# ED આટલી શક્તિશાળી કેવી રીતે બની અને શા માટે વિપક્ષના નેતાઓ ED અંગે આટલા ચિંતિત રહે છે?

**૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી નેતાઓ EDના સકંજામાં છે, જેમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ છે**

કેજરીવાલની ધરપકડ કરનાર ઈડ્ડ ની કહાની જાણીએ. આઝાદી પછીના વર્ષોમાં વિદેશમાં કાર્યરત સ્ટોક એક્સચેન્જોમાં લેવડ-દેવડ કરતા લોકોની તપાસ કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી. આ માટે, દેશની આઝાદીના સમયથી એક કાયદો હતો, ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ એટલે કે હ્વઈઇછ ૧૯૪૭. ૧૯૫૬માં દેશમાં જવાહરલાલ નેહરુની સરકાર હતી. આ દરમિયાન, આર્થિક બાબતોના વિભાગે એક અલગ યુનિટ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો.આ યુનિટનું નામ હતું- એન્ફોર્સમેન્ટ યુનિટ અને આ યુનિટ એક વર્ષ પછી ૧૯૫૭માં શરૂ કરવામાં આવ્યું હતું.

તેની ઓફિસ દિલ્હીમાં ખોલવામાં આવી હતી અને એક કાનૂની સેવા અધિકારીને તેના વડા બનાવવામાં આવ્યા હતા. તેઓ આ યુનિટના ડિરેક્ટર હતા. આ પછી આરબીઆઈના અન્ય એક અધિકારીને આ ડિરેક્ટરના આસિસ્ટન્ટ બનાવવામાં આવ્યા હતા.આ ઉપરાંત ૩ ઇન્સ્પેક્ટર રેન્કના પોલીસ અધિકારીઓનો પણ આ યુનિટમાં સમાવેશ કરવામાં આવ્યા હતા.એન્ફોર્સમેન્ટ યુનિટની ત્રણ શાખાઓ બોમ્બે, મદ્રાસ અને કલકત્તામાં પણ ખોલવામાં આવી હતી, કારણ કે આ ત્રણ શહેરોમાં સ્ટોક એક્સચેન્જો હતા.આ પછી, આ સંગઠનનું નામ એન્ફોર્સમેન્ટ યુનિટને બદલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડ્ડ કરી દેવામાં આવ્યું.

વર્ષ ૧૯૬૦માં ઈડ્ડના વહીવટી નિયંત્રણને આર્થિક બાબતોના વિભાગમાંથી મહેસૂલ વિભાગને આપવામાં આવ્યું હતું.થોડા સમય પછી, ૧૯૪૭નો 'ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ' રદ કરવામાં આવ્યો અને ૧૯૭૩ના નવા ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ લાવવામાં આવ્યો.એટલે કે FERA ૧૯૪૭ની જગ્યાએ FERA ૧૯૭૩ આવ્યો.અને EDએ આ નવા કાયદા હેઠળ કામ કરવાનું શરૂ કર્યું. ૧૯૭૩ થી ૧૯૭૭ સુધી, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સનું ઈડ્ડ પર વહીવટી નિયંત્રણ હતું.

કરંટ ટોપિક

ઈડ્ડ ઘણા મોટા હાઈપ્રોફાઈલ લોકો સાથે સંબંધિત કેસ હેન્ડલ કરે છે.ઉદાહરણ તરીકે, EDએ મહારાણી ગાયત્રી દેવી, જયલલિતા, હેમા માલિની, વિજય માલ્યા, રિલાયન્સના હરીફ ઓર્કે ગ્રૂપ અને BCCL ચેરમેન અશોક જૈનને લગતા કેસોમાં FERA કાયદાના ઉલ્લંઘનના આરોપોની તપાસ કરી.અને FERA હેઠળ, ઈડ્ડને વોરંટ વિના વ્યક્તિની ધરપકડ કરવાનો અથવા તેની ઓફિસમાં પ્રવેશવાનો અધિકાર હતો. ત્યારે ઈડ્ડ પર થર્ડ ડિગ્રી ટોર્ચરના પણ આરોપો લાગ્યા હતા. ૯૦ના દાયકા સુધી ઈડ્ડનો મોટાભાગનો ડર ઉદ્યોગપતિઓમાં જ રહેતો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૦માં હ્વઈઇછ ખૂબ કડક હોવાને કારણે તેને રદ કરવામાં આવ્યો હતો.તેના સ્થાને હ્વઈસ્છ એક્ટ હેઠળ વિદેશી વિનિમય સંબંધિત ગુનાઓને નાગરિક અપરાધોમાં બદલવામાં આવ્યો.

આ કારણે હવે ED લોકોની ધરપકડ કરી શકશે નહીં અને તેમને કસ્ટડીમાં રાખી શકશે નહીં.વર્ષ ૨૦૦૨માં અટલ બિહારી વાજપેયી કેન્દ્રમાં સત્તા પર હતા.આ દરમિયાન સંસદમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ એટલે કે PMLA રજૂ કરવામાં આવ્યો હતો.અને ૨૦૦૪માં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ ગઠબંધનની સરકાર બની હતી.૧ જુલાઈ, ૨૦૦૫ના રોજ યુપીએ સરકારે અટલ સરકારના સમયમાં બનેલા પીએમએલએ કાયદાને લાગુ કર્યો હતો.પછી યુપીએ સરકારે પોતે ૨૦૧૨માં PMLA (સુધારા) કાયદો લાવીને તેના હેઠળ આવરી લેવામાં આવતા ગુનાઓનો વ્યાપ વધાર્યો.તેમાં નાણાં છુપાવવા, સંપાદન કરવું અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં નાણાંનો ઉપયોગ સામેલ છે. આ સુધારાને કારણે EDને કેટલાક વધુ વિશેષાધિકારો મળ્યા છે.જેમાં EDને રાજકીય કૌભાંડો પર કાર્યવાહી કરવાનો અધિકાર પણ મળ્યો.

EDના હાથમાં કેસ ક્યારે જાય છે.તો જ્યારે કોઈ પોલીસ સ્ટેશનમાં ખોટી રીતે ૧ કરોડ રૂપિયા કે તેથી વધુ કમાણીનો કેસ નોંધાય છે, ત્યારે પોલીસ આ માહિતી ઈડ્ડને આપે છે.આ સિવાય, જો આવો કોઈ મામલો EDના ધ્યાનમાં આવે છે, તો તે પોતે જ પોલીસ સ્ટેશનમાંથી FIR અથવા ચાર્જશીટની નકલ માંગી શકે છે.અને આ પછી ઈડ્ડ નક્કી કરે છે કે મામલો મની લોન્ડરિંગનો છે કે નહીં.

ED પાસે CBI અને NIA કરતાં વધુ સત્તા છે.દિલ્હી પોલીસ સ્પેશિયલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૧૯૪૬ હેઠળ રચાયેલી CBIને કોઈપણ રાજ્યમાં પ્રવેશવા માટે રાજ્ય સરકારની મંજુરી જરૂરી છે.અને જો કોર્ટના આદેશ પર તપાસ થઈ રહી હોય તો CBI ગમે ત્યાં જઈ શકે છે.પૂછપરછ અને ધરપકડ પણ કરી શકે છે.ભ્રષ્ટાચારના મામલામાં અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માટે CBIએ તેમના વિભાગની મંજુરી પણ લેવી પડે છે.એ જ રીતે, રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે NIA ને કાયદેસરની સત્તા NIA એક્ટ ૨૦૦૮થી મળે છે. NIA સમગ્ર દેશમાં કામ કરી શકે છે, પરંતુ તેનો કાર્યક્ષેત્ર માત્ર આતંકવાદ સંબંધિત કેસ પૂરતો મર્યાદિત છે. અને આ બેથી વિપરીત, EDએ કેન્દ્ર સરકારની એકમાત્ર તપાસ એજન્સી છે, જેને મની લોન્ડરિંગના કેસમાં રાજકારણીઓ અને અધિકારીઓને સમન્સ મોકલવા અથવા તેમની સામે કાર્યવાહી કરવા માટે સરકારની મંજુરીની જરૂર નથી.

ઈડી દરોડા પાડીને પ્રોપર્ટી પણ જપ્ત કરી શકે છે. જો કે, જો મિલકત વપરાશમાં હોય, જેમ કે ઘર અથવા હોટલ, તો તેને ખાલી કરી શકાતી નથી.મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ED દ્વારા ધરપકડ કરાયેલ વ્યક્તિ માટે જામીન મેળવવા ખૂબ મુશ્કેલ છે. આ કાયદા હેઠળ, કોર્ટ તપાસ અધિકારીને આપેલા નિવેદનને પુરાવા તરીકે માને છે, જ્યારે અન્ય કાયદા હેઠળ આવા નિવેદનની કોર્ટમાં કોઈ કિંમત હોતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી નેતાઓ ઈડ્ડના સકંજામાં છે, જેમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ છે.વર્ષ ૨૦૨૨માં ખાનગી સમાચાર પત્રએ તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે EDએ છેલ્લા ૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી રાજકારણીઓની તપાસ કરી છે. આમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ હતા.

# હીરા ઉદ્યોગમાં હવે મુંબઈની નહીં સુરતની બોલબાલા



**સુરત ડાયમંડ બુર્સ એ બિન નફાકારક સંસ્થા છે, જે સુરત ડાયમંડ બોર્સ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે કંપની, એક્ટ, ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ અને સુરત, ગુજરાત ખાતે ડાયમંડ બુર્સની સ્થાપના અને પ્રમોશન માટે બનાવવામાં આવેલી કંપની છે**

સુરતમાં વિશ્વનું સૌથી મોટું હીરા ઉદ્યોગનું કેન્દ્ર કાર્યરત થતા ની સાથે જ મુંબઈના ડાયમંડ ઉદ્યોગને મોટો ઝટકો લાગ્યો છે મુંબઈની મોટાભાગની ઓફિસ સુરતમાં પોલીસ થયેલા હીરા વિશ્વના બીજા દેશોમાં મોકલે છે મુંબઈમાં હીરા ઉદ્યોગની મોટાભાગની ઓફિસો થવાનું મુખ્ય કારણ એ હતું કે મુંબઈમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ છે સુરતમાં અત્યાર સુધી તેનો અભાવ હતો પરંતુ હવે સુરતમાં પણ ઈન્ટરનેશનલ એરપોર્ટ થતા હવે હીરા ઉદ્યોગના વેચાણ માટે સુરત ભારતનું સૌથી મોટું કેન્દ્ર બની જશે આ માટે ડાયમંડ બુર્સનું તાજેતરમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે

હીરા ઉદ્યોગ ની આ ઓફિસો સુરતની ભવ્યતામાં અનેરો વધારો કરી રહી છે સાથોસાથ સુરતને વિશ્વાસ કરે પણ હીરાઉદ્યોગના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે

સુરત ડાયમંડ બુર્સ એ બિન નફાકારક સંસ્થા છે, જે સુરત ડાયમંડ બોર્સ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે કંપની, એક્ટ, ૨૦૧૩ ની કલમ ૮ હેઠળ નોંધાયેલ અને સુરત, ગુજરાત ખાતે ડાયમંડ બુર્સની સ્થાપના અને પ્રમોશન માટે બનાવવામાં આવેલી કંપની છે. સુરતના ખજોદ વિસ્તારમાં ડાયમંડ એક્સચેંજ માટે ૨૦૨૦ માં સુરત ડાયમંડ બુર્સનું નિર્માણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટથી સુરત ભારતનું બીજું ડાયમંડ ટ્રેડિંગ હબ હશે જે સુરત, ગુજરાત સ્થિત ૩૫.૫૪ એકરમાં ૬૬ લાખ ચો.ફૂટની ઉપલબ્ધતા સાથે ફેલાયેલું છે. અહીં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હીરા વેપારીઓ માટે ૪,૦૦૦ કચેરીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ 'સુરત વડાયમંડ બુર્સ'નું ઉદ્ઘાટન કર્યું. તે સાથે કહ્યું કે સુરતની ભવ્યતામાં વધુ એક 'હીરા'નો ઉમેરો થયો છે. દેશના સમગ્ર અર્થતંત્ર માટે એ 'ગેમ ચેન્જર' સાબિત થશે. આગામી સમયમાં દેશને વિશ્વની ત્રીજા ક્રમની અર્થવ્યવસ્થા બનાવવા અને વિકસિત ભારતના નિર્માણ માટે હીરા ઉદ્યોગને રત્નો અને આભૂષણ ક્ષેત્રને તેની જવાબદારી સુનિશ્ચિત કરવા વડા પ્રધાને ખાસ આહ્વાન આપ્યું છે.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ડાયમંડ બુર્સની કેટલીક ખાસ વિશેષતાઓ પર નજર કરવા જેવી છે. વિશ્વના આ સૌથી મોટા ઑફિસ બિલ્ડિંગમાં બે બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ.વત્તા ૧૫ માળના નવ ટાવર હશે. ઑક્શન હાઉસ, આયાત-નિકાસ માટે કસ્ટમ ક્લીઅર્ન્સ હાઉસ તથા અલગ અલગ સેફ વૉલ્ટની સુવિધા રહેશે. ૧૩૧ હાઈસ્પીડ લિફ્ટની સુવિધા સાથે ચારથી છ મિનિટમાં ઑફિસમાં પહોંચી જવાશે. ૬૭,૦૦૦ લોકોની કેપેસિટી ધરાવતા બિલ્ડિંગમાં ૫૧૦૦ કાર અને ૧૧૦૦૦ લોપેડ બાઈકના પાર્કિંગની સુવિધા છે. કૉમન પેસેજને ઠંડો રાખવા રેડિયન્ટ કૂલિંગ સિસ્ટમ તથા ઝીરો ડીસ્ચાર્જ કન્સેપ્ટ અમલમાં છે. ૪૦૦ કિલોવૉટના સોલાર અને ૧૮૦૦ કેએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨૭ જવેલરી શો-રૂમ અને બૅન્ક, રેસ્ટોરન્ટ, ડાયમંડ લેબની સુવિધા અહીં કાર્યરત રહેશે. દરેક એવી ક્ષમતા છે. ૬૭ લાખ ચોરસ ફૂટમાં બાંધકામ અને ૩૦૦ ચોરસ ફૂટથી એક લાખ ચોરસ ફૂટ - સુધીની ૪૫૦૦ ઑફિસો હશે. દરેક ટાવરને દરેક માળથી જોડતું ખાસ જોડાણ રહેશે. ડાયમંડ 'બુર્સ માટે ૫૪ હજાર ટન લોખંડના સળિયા, પાંચ .લાખ ઘનમીટર કૉન્ક્રીટ અને ૧૧ લાખ ચોરસ ફૂટ એલિવેશન ગ્લાસનો ઉપયોગ થયો છે. પાંચ એન્ટ્રી, પાંચ એક્ઝિટ અને સાત પેડેસ્ટ્રીયન દરવાજા છે. વડા પ્રધાને ડાયમંડ બુર્સને ખુલ્લું મૂકવા સાથે તેને હીરા ઉદ્યોગના વિકાસને વેગ આપતું અપ્રતિમ સાહસ ગણાવ્યું છે. એનાથી હીરા ઉદ્યોગના કારીગરો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ખરીદદારો બધાને લાભ જ લાભ થવાની અપેક્ષા છે. અહીં વર્ષે ચાર લાખ કરોડના વેપારની ધારણા છે. દોઢ લાખ લોકોને રોજગારી મળવાનો સંભવ છે.

જેમ્સ અને જવેલરી ઉદ્યોગનો દેશના અર્થતંત્રમાં ૮ ટકા હિસ્સો છે. દુનિયામાં દસમાંથી આઠ હીરાનું પ્રોસેસિંગ અને નિકાસ ગુજરાતમાંથી થાય છે. રાજયમાં ૪૫૦થી વધુ સંગઠિત ઝવેરાત ઉત્પાદકો, આયાતકારો અને નિકાસકારો વર્ષોથી પ્રવૃત્ત છે. વિશ્વના પ્રક્રિયા થયેલા હીરામાં રાજયનો હિસ્સો ૭૨ ટકા છે. ૮૦ ટકા નિકાસ અહીંથી જ થાય છે.

માટલો કે સુરતનું ડાયમંડ બુર્સ માત્ર ગુજરાત માટે જ નહીં, સમગ્ર દેશ માટે મહત્ત્વનું છે.

૧૭મી ડિસેમ્બરે ગુજરાતમાં બનેલ સુરત ડાયમંડ બુર્સ (SDB) બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. આ સૌથી મોટી ઈન્ટરકનેક્ટેડ બિલ્ડિંગ છે અને યુએસ ડિફેન્સ હેડક્વાર્ટર પેન્ટાગોન કરતાં પણ મોટી છે. તેમાં ૪૭૦૦થી વધુ ઓફિસો છે. આ કાર્યક્રમ માટે દેશ અને દુનિયામાંથી ૭૦,૦૦૦ થી વધુ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેનો ખર્ચ ૩,૫૦૦ કરોડ રૂપિયા છે. બિલ્ડિંગનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૧૫માં શરૂ થયું હતું. તેનું કામ એપ્રિલ ૨૦૨૨માં પૂર્ણ થયું હતું. જીઢમ્ની સ્થાપના સુરતના હીરા ઉદ્યોગ દ્વારા ઉત્પાદન અને વેપાર બંને માટે વન-સ્ટોપ હબ તરીકે કરવામાં આવી છે. સુરત વિશ્વના ૯૨% નેચરલ ડાયમંડનું ઉત્પાદન કરે છે.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં આ ઈમારતનું નામ આ ઈમારતનું નામ આ વર્ષે ઓગસ્ટમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. આ ઈમારત ૩૫.૫૪ એકરમાં ફેલાયેલી છે. તેનો બિલ્ટ અપ એરિયા ૬૭ લાખ ચોરસ ફૂટ છે. આ પહેલાં વિશ્વના સૌથી મોટા ઓફિસ કોમ્પ્લેક્સનો રેકોર્ડ અમેરિકાના પેન્ટાગોનના નામે હતો. પેન્ટાગોનનો બિલ્ટઅપ એરિયા ૬૫ લાખ ચોરસ ફૂટ છે.

સુરતમાં બનેલા આ મેગાસ્ટ્રક્ચરમાં ૯ ગ્રાઉન્ડ ટાવર અને ૧૫ માળ છે. નવ લંબચોરસ ટાવર્સ સેન્ટ્રલ સ્પાઈન સાથે જોડાયેલાં છે. તેની પાસે ૩૦૦ ચોરસ ફૂટથી ૧ લાખ ચોરસ ફૂટ સુધીની ૪,૫૦૦ ઓફિસ સ્પેસ છે. ઈમારતને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) તરફથી પ્લેટિનમ રેન્કિંગ મળ્યું છે. ઓફિસો ઉપરાંત, ડાયમંડ બુર્સ કેમ્પસમાં સેફ ડિપોઝિટ વોલ્ટ, કોન્ફરન્સ હોલ, મલ્ટિપર્પઝ હોલ, રેસ્ટોરાં, બેંકો, કસ્ટમ ક્લીયરન્સ હાઉસ, કન્વેન્શન સેન્ટર, એક્ઝિબિશન સેન્ટર, તાલીમ કેન્દ્રો, મનોરંજન એરિયા અને ક્લબ જેવી સુવિધાઓ છે. છેલ્લાં કેટલાંક અઠવાડિયામાં, ઘણી ડાયમંડ ટ્રેડિંગ કંપનીઓએ અહીં તેમની ઓફિસ શરૂ કરી દીધી છે.

મુંબઈમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ થવાના કારણે સૂરત કે ડાયમંડ ફાઈનાન્સ કો મુંબઈમાં તમારી એક અલગથી ઓફિસ લેનાપત હતી. જ્યાં જોરે સૂરતમાં તોરાશે ડાયમંડથી દુનિયા અલગ-અલગ મુંબઈમાં એક્સપોર્ટ કરવામાં આવે છે.

# કોલકાતાએ દિલ્હીને ૩ વર્ષ પછી હરાવ્યું

## DCનો ૧૦૬ રનથી કંગાળ પરાજય, KKRએ આ સિઝનમાં સતત ત્રીજી મેચ જીતી



નવીદિલ્હી

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ (IPL)માં સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે વર્તમાન સિઝનની ૧૬મી મેચમાં દિલ્હી કેપિટલ્સ (DC)ને ૧૦૬ રનથી હરાવ્યું હતું. આ લીગમાં KKRએ ૩ વર્ષ બાદ DCને હરાવ્યું છે. ટીમની છેલ્લી જીત ૨૦૨૧માં હતી.

વિશાખાપટ્ટનમના ડો. વાયએસ રાજશેખરા રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે બુધવારે ટૉસ જીતીને બેટિંગ કરતા કોલકાતાએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૭૨ રન બનાવ્યા હતા. ટીમે IPLનો બીજો સૌથી વધુ સ્કોર બનાવ્યો. આ લીગમાં કોલકાતાનો આ સૌથી મોટો સ્કોર છે. જવાબમાં દિલ્હીની ટીમ ૧૭.૨ ઓવરમાં ૧૬૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

KKR તરફથી સુનીલ નારાયણે ૩૯ બોલમાં ૭ ચોગ્ગા અને ૭ છગ્ગાની મદદથી ૮૫ રન બનાવ્યા હતા, જ્યારે અંગક્રિશ રઘુવંશીએ ૨૭ બોલમાં ૫૪ રન બનાવ્યા હતા. આન્દ્રે રસેલે ૧૯ બોલમાં ૪૧ રનની ઈનિંગ રમી હતી. રિંકુ સિંહે ૮ બોલમાં ૨૬ રન બનાવ્યા હતા. એનરિક નોર્કિયાએ ૩ અને ઈશાંત શર્માએ ૨ વિકેટ ઝડપી હતી. DCના કેપ્ટન રિષભ પંત (૫૫ રન) અને ટ્રિસ્ટન સ્ટબ્સ (૫૪ રન)એ અડધી સદી ફટકારી હતી. વરુણ વક્રવર્તી અને વૈભવ અરોરાએ ૩-૩ વિકેટ લીધી હતી.

# ચૂંટણી પંચે અભિનેતા આયુષ્માનને યુવા આઈકોન તરીકે પસંદ કર્યા

મુંબઈ,

બોલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાનાએ બોલિવૂડમાં ઘણી શાનદાર ફિલ્મો કરી છે. તે અવારનવાર તેની ફિલ્મો અને તેના પાત્રોને લઈને ચાહકોમાં ચર્ચામાં રહે છે. જો કે, આ સમયે આયુષ્માન ખુરાના ચર્ચામાં છે તેનું કારણ તેની કોઈ ફિલ્મ નથી પરંતુ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં તેને આપવામાં આવેલી મોટી જવાબદારી છે, જેની હાલ ઘણી ચર્ચા થઈ રહી છે.

હા, તાજેતરમાં આયુષ્માન ખુરાનાને ભારતના ચૂંટણી પંચ દ્વારા દેશના યુવા આઈકોન બનાવવાની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આ બાબતને લઈને તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો છે, જેમાં આયુષ્માન ખુરાના યુથ આઈકોનને વોટ ન આપવાના ૧૦૧ બહાના અને વોટિંગ માટે ૧ કારણ જણાવતા જોવા મળે છે. વીડિયોમાં તે કહેતો જોવા મળી રહ્યો છે કે લોકો વિચારે છે કે જો તેઓ એક પણ વોટ નહીં આપે તો શું થશે. તે કહે છે, 'મત ન આપવા માટે ૧૦૧ બહાના છે, પરંતુ મતદાન કરવા માટે માત્ર એક જ કારણ પૂરતું છે અને તે આપણી જવાબદારી છે, દેશ અને આપણા ભવિષ્ય માટે.' હવે આયુષ્માન ખુરાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આયુષ્માન ખુરાના છેલ્લે ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'ડ્રીમ ગર્લ ૨'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ એ વર્ષની મોટી હિટ ફિલ્મોની યાદીમાં સામેલ હતી.

# આઈપીએલની બે મેચોના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી



નવીદિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનનો માહોલ જામી ગયો છે. દરેક ટીમોએ ત્રણ-ત્રણ મેચ રમી લીધી છે, પરંતુ આ વચ્ચે બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૪ના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરી છે. પરંતુ બોર્ડે માત્ર બે લીગ મેચની તારીખોમાં ફેરફાર કર્યો છે. કાર્યક્રમમાં ફેરફારનું કારણ આ મહિને યોજાનાર લોકસભા ચૂંટણી છે. ચૂંટણીને કારણે સુરક્ષા સ્વવસ્થાને ધ્યાનમાં રાખતા બે મેચની તારીખને આગળ-પાછળ કરવામાં આવી છે.

કાર્યક્રમમાં કરવામાં આવેલો પ્રથમ ફેરફાર કોલકત્તા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સની મેચનો છે. બંને ટીમો વચ્ચે આ મુકાબલો પહેલા ૧૭ એપ્રિલે રમાવાનો હતો. મેચનું આયોજન ઈડન ગાર્ડન્સ કોલકત્તામાં થવાનું હતું, પરંતુ હવે આ મેચ એક દિવસ પહેલા એટલે કે ૧૬ એપ્રિલે રમાશે.

કેકેઆર અને રાજસ્થાન રોયલ્સ સિવાય દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઈટન્સના મુકાબલામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બંને ટીમો વચ્ચે આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની હતી.

# વરિષ્ઠ નાગરિકોને મળતી છૂટ પાછી ખેંચીને રેલવેએ ચાર વર્ષમાં ૫૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી

## લોકડાઉન જાહેર થયા બાદ વરિષ્ઠ નાગરિકોએ ભાડામાં આપવામાં આવેલી છૂટ પાછી લઈ લીધી હતી

ભોપાલ,

ભારતીય રેલ્વેએ વરિષ્ઠ નાગરિકોને ટ્રેન ભાડામાં આપવામાં આવેલી રાહતો પાછી ખેંચી લીધા પછી વરિષ્ઠ નાગરિકો પાસેથી રૂ. ૫૮૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે. વધારાની આવક મેળવી છે.માહિતી અધિકાર (આરઆઈટી) કાયદા હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નોમાં બહાર આવ્યું છે

૨૦ માર્ચ, ૨૦૨૦ ના રોજ, કોવિડ -૧૯ રોગચાળાને કારણે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવ્યા પછી, રેલ્વે મંત્રાલયે વરિષ્ઠ નાગરિકોને ટ્રેન ભાડામાં આપવામાં આવેલી રાહત પાછી ખેંચી લીધી હતી. તે સમય સુધી, રેલવે મહિલા મુસાફરોને ટ્રેન ભાડામાં ૫૦ ટકા અને પુરૂષ અને ટ્રાન્સજેન્ડર વરિષ્ઠ નાગરિકોને ૪૦ ટકા ડિસ્કાઉન્ટ આપતી હતી. આ છૂટ હટાવ્યા બાદ વૃદ્ધોએ અન્ય મુસાફરોની જેમ જ ભાડું ચૂકવવું પડશે. રેલ્વેના ધોરણો અનુસાર, ૬૦ વર્ષ અને તેથી વધુ વયના પુરૂષો અને ટ્રાન્સજેન્ડરો અને ૫૮ વર્ષ અને તેથી વધુ વયની મહિલાઓને વરિષ્ઠ નાગરિક ગણવામાં આવે છે. વૃદ્ધોને અપાયેલી પેસેન્જર ભાડામાં રાહત સમાપ્ત થયા પછીની સ્થિતિ અંગેનું ચિત્ર કેટલીક આરટીઆઈ અરજીઓ પર મળેલા જવાબો પરથી સ્પષ્ટ થયું છે.

મધ્યપ્રદેશના રહેવાસી ચંદ્રશેખર ગૌરે અલગ-અલગ સમયે આરટીઆઈ કાયદા હેઠળ અરજીઓ કરી છે અને માહિતી મેળવી છે કે ૨૦ માર્ચ, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રેલવેએ આ હેડ હેઠળ રૂ. ૫૮૭૫ કરોડથી વધુની વધારાની આવક મેળવી છે. ગૌરે કહ્યું, "મેં આરટીઆઈ એક્ટ હેઠળ ત્રણ અરજીઓ દાખલ કરી હતી. પ્રથમ અરજીમાં, રેલવેએ મને ૨૦ માર્ચ, ૨૦૨૦ થી માર્ચ ૩૧, ૨૦૨૨ સુધીના વધારાના આવકનો ડેટા પ્રદાન કર્યો હતો. બીજી અરજીમાં, રેલવેએ મને ૧ એપ્રિલથી વધારાની આવકનો ડેટા પ્રદાન કર્યો હતો.

# આર્જેન્ટિનામાં એક સાથે ૭૦ હજાર સરકારી કર્મચારીઓની છટણી

આર્જેન્ટિના,

આર્થિક સંકટો સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટિનામાં સરકારી કર્મચારીઓને મોટો ઝટકો મળવાનો છે. આર્જેન્ટિનામાં મોટા પાયે છટણી થવા જઈ રહી છે. એક સાથે ૭૦૦૦૦ કર્મચારીઓની નોકરી જશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી દેશની અર્થવ્યવસ્થા પર વધતા બોજને ઓછો કરવા માટે મોટું પગલું ભરવા જઈ રહ્યા છે. આવનારા કેટલાક મહિનામાં આર્જેન્ટિનામાં ૭૦ હજાર લોકોની નોકરીઓ જશે.

બ્લુમબર્ગના એક રિપોર્ટ મુજબ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી આવનારા કેટલાક મહિનામાં દેશભરમાં ૭૦૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓની છટણી કરવાના છે. અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના લાંબા સમયથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યું છે. અર્થવ્યવસ્થા ભારે દબાણ હેઠળ છે. આવામાં દેશની ઈકોનોમી પરથી દબાણ ઓછું કરવા માટે સરકારે છટણીનો નિર્ણય લીધો છે.

રિપોર્ટ મુજબ આર્જેન્ટિનામાં ૩૫ લાખથી વધુ સરકારી કર્મચારીઓ છે. આવામાં સરકારને આશા છે કે ૭૦ હજાર કર્મચારીઓની છટણીથી મોટી અસર નહીં પડે. એવું માનવામાં આવી રહ્યું છેકે સરકાર ૧૫ ટકા જેટલા કર્મચારીઓની કોન્ટ્રાક્ટ રિન્યૂ કરશે નહીં. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલીએ કહ્યું કે છેલ્લા કેટલાક સમયમાં દેશ અને દુનિયામાં મોટા પાયે છટણી થઈ રહી છે. સરકાર પબ્લિક સેક્ટરમાં કામ કરતા ૭૦ હજાર કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરશે. જોકે આવું પહેલીવાર નથી બન્યું. સરકાર અગાઉ ૫૦,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી ચૂકી છે. રિપોર્ટ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરી દેવાની વાત કહેવાઈ હતી.

# રામાયણમાં રામના રોલમાં રણબીર, સીતાના રોલમાં સાઈ પલ્લવી અને રાવણના રોલમાં યશ



મુંબઈ,

નિતેશ તિવારી આજથી પોતાની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ ફિલ્મ રામાયણનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. આજે એટલે કે ૨જી એપ્રિલથી, મુંબઈની ફિલ્મ સિટીમાં સીતાની ભૂમિકા ભજવી રહેલી સાઈ પલ્લવી સહિત ફિલ્મના કલાકારો આ ફિલ્મ માટે પહેલીવાર કેમેરાનો સામનો કરવા જઈ રહ્યા છે. સોમવારે, ટીમે સૌથી મહત્વપૂર્ણ કામ કર્યું, એટલે કે લુક ટેસ્ટ. આ લુક ટેસ્ટ લેટેસ્ટ કોસ્ચ્યુમ સાથે કરવામાં આવ્યો હતો. હકીકતમાં, આઉટફિટ્સ પર ફરીથી કામ કરવાને કારણે, ફિલ્મનું શૂટિંગ શરૂ થવામાં થોડા દિવસો વિલંબ થયો હતો. જોકે હવે રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવીની ફિલ્મ આખરે ફ્લોર પર આવી ગઈ છે. સોશિયલ મીડિયા પર ઘણા સમયથી નિતેશ તિવારીની રામાયણને લઈને ચર્ચા ચાલી રહી છે. મહિનાઓથી, તેના કલાકારો અંગેના વિવિધ અહેવાલોએ ફિલ્મ વિશે ચાહકોની ઉત્સુકતા વધારી દીધી છે. ફિલ્મમાં રણબીર કપૂર રામના રોલમાં જોવા મળશે, કેજીએફ ફેમ યશ રાવણના રોલમાં અને સાઈ પલ્લવી સીતાના રોલમાં જોવા મળશે.

# રાહુલે આઈપીએલમાં પુનરાગમન કર્યું પરંતુ હજુ પણ તે સંપૂર્ણ રીતે ફિટ નથી





મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં લખનૌ સુપર જાયન્ટ્સે છેલ્લી મેચમાં પંજાબ કિંગ્સને હરાવીને પોતાનું ખાતું ખોલ્યું હતું. ખાસ વાત એ હતી કે તે મેચમાં ટીમની કપ્તાની નિયમિત કેપ્ટન કેએલ રાહુલે નહોતી કરી.

તેના બદલે નિકોલસ પુરન ટીમના કેપ્ટન હતા. જ્યારે કેએલ રાહુલે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે મેચમાં ભાગ લીધો હતો. નોંધનીય છે કે કેએલ રાહુલ ઈંગ્લેન્ડ શ્રેણીની પ્રથમ ટેસ્ટથી જ ઈજાગ્રસ્ત થયો હતો. કોઈક રીતે તેણે આઈપીએલમાં પુનરાગમન કર્યું પરંતુ હજુ પણ તે સંપૂર્ણ રીતે ફિટ નથી. આ જ કારણ છે કે હવે માત્ર પુરન જ સિઝનના મધ્યમાં સતત કેપ્ટનશિપ કરતા જોવા મળી શકે છે અને લખનૌની કેપ્ટનશિપમાં ફેરફાર થઈ શકે છે. પ્રાપ્ત માહિતી અનુસા રાહુલ હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી. તેણે નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ કરી હતી પરંતુ તે વિકેટકીપિંગ કરતો જોવા મળ્યો નહોતો. આ જ કારણ છે કે હવે કેએલ રાહુલને લઈને લાગતું નથી કે તે આગામી કેટલીક મેચો માટે ટીમનું સુકાન સંભાળી શકે. જો રાહુલ ફિટ ન હોય તો માત્ર પુરન આખી સિઝન માટે ટીમની કેપ્ટનશીપ કરી શકે છે. રાહુલને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે જોઈ શકાય છે. ફાફ ડુ પ્લેસિસે આઈપીએલ૨૦૨૩માં સતત આવું જ કર્યું અને વિરાટ કોહલીએ ઘણી મેચોમાં આરસીબીની કમાન સંભાળી.

કેએલ રાહુલની ફિટનેસ પરના સસ્પેન્સને કારણે હવે તેના માટે ટી૨૦ વર્લ્ડ કપમાં રમવું મુશ્કેલ લાગી રહ્યું છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી રાહુલનું સ્થાન વિકેટકીપર બેટ્સમેન જેવું થઈ ગયું છે. જ્યારે ટીમ પાસે આ પદ માટે અન્ય દાવેદારો છે. જેમાં સંજુ સેમસન, જીતેશ શર્મા અને ધ્રુવ જુરેલ હતા, હવે ઋષભ પંત પણ ફિટ થઈ ગયો છે.

# શૂટીંગમાં સતત વિલંબને પગલે કરણની ફિલ્મ 'બુલ'માંથી સલમાન હટ્યો




મુંબઈ,

લગભગ ૨૫ વર્ષ બાદ કરણ જોહર અને દબંગ સ્ટાર સલમાન ખાન એક સાથે કામ કરવા તૈયાર હતા. બન્ને ફિલ્મ 'બુલ' માટે તૈયાર હતા પણ શૂટીંગમાં સતત વિલંબના કારણે સલમાન ખાન ખુદ આ ફિલ્મમાંથી નીકળી ગયો છે. સૂત્રો મુજબ સલમાન હવે કરણની આ ફિલ્મમાં સાથે કામ નહીં કરે. ફિલ્મનું શૂટીંગ ૨૦૨૩માં શરૂ થનાર હતું પણ જાન્યુઆરી અને ત્યારબાદ ફેબ્રુઆરી અને ફેબ્રુઆરી ત્યાર બાદ મેમાં પણ શૂટીંગ નહોતું થયું.કરણે સલમાન ખાન પાસે જુલાઈ સુધીનો સમય માંગ્યો ત્યારે સલમાને પોતાના મિત્ર સાજીદ નડિયાદવાળાની ફિલ્મને સૌથી આગ્રહ રાખવાનો નિર્ણય કર્યો. એઆર મુરુગાદાસ સાથે સાજીદની ફિલ્મ મે ૨૦૨૪માં ફ્લોર પર જવા તૈયાર છે.દરમિયાન કરણ નવેમ્બર-૨૦૨૪ સુધી 'બુલ'ને ફ્લોર પર લઈ જવાનું વિચારતો હતો. સૂત્રો મુજબ સલમાને પણ કહ્યું હતું કે, નિયતિ (નસીબ) નથી ઈચ્છતી કે આ ફિલ્મ બને. સલમાન અને કરણ કદાચ બીજી કોઈ ફિલ્મમાં સાથે કામ કરતા જોવા મળી શકે છે.

# પઠાણે કોહલીના સ્ટ્રાઈક રેટને લઈને ચાલી રહેલી ચર્ચા પર ધ્યાન ન આપવાની સલાહ આપી




મુંબઈ,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએની ધરતી પર આયોજિત થવાનો છે. રોહિત શર્મા ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની કમાન સંભાળશે. ભૂતપૂર્વ અનુભવી ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે આગામી વર્લ્ડ કપ માટે પોતાની મનપસંદ ભારતીય ટીમ પસંદ કરી છે. 'હિટમેન' રોહિત ઉપરાંત તેણે વિરાટ કોહલી, ઋષભ પંત અને હાર્દિક પંડ્યા જેવા મજબૂત ખેલાડીઓને પોતાની ટીમમાં સામેલ કર્યા છે. પઠાણ ૨૦૦૭માં ટી૨૦ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમનો ભાગ હતો. પઠાણે પસંદગીની ટીમ જાહેર કરી. તેણે કોહલીના સ્ટ્રાઈક રેટને લઈને ચાલી રહેલી ચર્ચા પર ધ્યાન ન આપવાની સલાહ આપી હતી. પઠાણે કહ્યું, "કોહલી મોટી ટૂર્નામેન્ટ માટે મહત્વપૂર્ણ છે."

તમને જણાવી દઈએ કે થોડા અઠવાડિયા પહેલા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોહલીને ટી ૨૦ વર્લ્ડ કપમાંથી બહાર કરવામાં આવી શકે છે કારણ કે તે ટૂંકા ફોર્મેટની માંગને પૂર્ણ કરવામાં અસમર્થ છે. તે જ સમયે, પઠાણ કહે છે કે આઈપીએલ ૨૦૨૪ માં પંત કેવું પ્રદર્શન કરે છે તેના પર ઘણું નિર્ભર રહેશે.

૨૦૨૨માં પંતનો કાર અકસ્માત થયો હતો. તે આઈપીએલની ૧૭મી સીઝનથી સ્પર્ધાત્મક ક્રિકેટમાં પરત ફર્યો છે. પંતે તાજેતરમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે તોફાની અર્ધસદી ફટકારીને પોતાની ક્ષમતા દર્શાવી હતી.

# ઈંગ્લેન્ડને મોટો આંચકો : બેન સ્ટોક્સ આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં નહીં રમે



લંડન,

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે આ વર્ષે જૂનમાં શરૂ થઈ રહેલા ટી ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને આ વાતની પુષ્ટિ કરી છે. આઈસીસીની મોટી ટૂર્નામેન્ટ પહેલા ઈંગ્લેન્ડની ટીમ માટે આ મોટો ઝટકો છે.આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૧ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની યજમાનીમાં શરૂ થવા જઈ રહ્યો છે.તેની અંતિમ મેચ ૨૯ જૂને બાર્બાડોસમાં રમાશે.

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'ઈંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોક્સે આજે પુષ્ટિ કરી છે કે તે જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાનાર આઈસીસી મેન્સ ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા પસંદગી માટે વિચારણા કરવા ઈચ્છતો નથી. હશે.' નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટનનું ધ્યાન માત્ર ટેસ્ટ ક્રિકેટ માટે જ નહીં, પરંતુ ભવિષ્યમાં તમામ ક્રિકેટ માટે બોલિંગ કરવા માટે સંપૂર્ણ રીતે ફિટ રહેવા પર છે. ઈંગ્લેન્ડની ટીમ વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા સામે બે-ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી રમશે.

બેન સ્ટોક્સે પોતાના નિર્ણય પર કહ્યું, 'હું સખત મહેનત કરી રહ્યો છું અને ક્રિકેટના તમામ ફોર્મેટમાં ઓલરાઉન્ડર તરીકે મારી સંપૂર્ણ ભૂમિકા નિભાવવા માટે મારી બોલિંગ ફિટનેસને મજબૂત કરવા પર ધ્યાન આપી રહ્યો છું. આઈપીએલ અને વર્લ્ડ કપમાં ભાગ લેવો એ એક બલિદાન હશે જે મને ભવિષ્યમાં ઓલરાઉન્ડર ખેલાડી બનવામાં મદદ કરશે.

૩૨ વર્ષના બેન સ્ટોક્સના નામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦૦૦થી વધુ રન છે. તેણે ૧૦૨ ટેસ્ટ મેચોમાં ૧૩ સદી, ૧ બેવડી સદી અને ૩૧ અડધી સદીની મદદથી ૬૩૧૬ રન બનાવ્યા છે. તે જ સમયે, O\માં ૧૧૪ મેચોમાં, તેણે ૫ સદી અને ૨૪ અડધી સદીની મદદથી ૩૪૬૩ રન બનાવ્યા છે.

# રાજકોટ કોર્ટમાં નવો વિવાદ : કોર્ટના બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન કબજે : વકીલો ડિસ્ટ્રીકટ જજને મળવા દોડી ગયા

## વકીલોમાં રોષ ભભૂક્યો : તાબડતોબ બાર એસો.ની બેઠક બોલાવાઈ

રાજકોટ,રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગમાં હજુ સુધી વકીલોના ટેબલો મુકવાનો પ્રશ્ન ઉકેલાયો નથી ત્યાં રાજકોટ બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્ષ મશીન મુકવાના મુદે બેન્ચ અને બાર એસોસિએશન ફરી આમને-સામને આવી ગયા હોય તેમ ડિસ્ટ્રિક્ટ જજે બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન ઉપાડી લેવાની નોટીસ આપ્યા બાદ બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન જપ્ત કરી લેવામાં આવતા વકીલોમાં રોષ ભભૂક્યો હતો. જેને પગલે બાર એસોસિએશન દ્વારા તાબડતોડ વકીલોની મિટિંગ બોલાવવામાં આવી છે.

રાજકોટમાં જામનગર રોડ ઉપર નવનિર્માણ પામેલી કોર્ટમાં ટેબલ મુદ્દે સળગેલા વિવાદનો હજુ અંત આવ્યો નથી ત્યાં ફરી બાર અને બેન્ચ ઝેરોક્ષ મશીન મુદ્દે અમને સામને આવી ગયા છે. રાજકોટ બાર એસોસિએશન દ્વારા બાર રૂમમાં રાખવામાં આવેલું ઝેરોક્ષ મશીન ઉપાડી લેવા રાજકોટના પ્રિન્સિલ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વચ્છાણીએ નોટિસ આપી હતી. નોટીસના મળતા જ બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલોને ડિસ્ટ્રીકટ જજને મળવા દોડી ગયા હતા. ત્યારે ડિસ્ટ્રીકટ જજે બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન પતમે નહીં



ઉપાડો તો અમે ઉપાડી લેશુંથ તેમ કહેતા વકીલોમાં ભારે નારાજગી પ્રસરી ગઈ હતી.રાજકોટ બાર એસોસિએશનના સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું હતું કે, રાજકોટ કોર્ટમાં આઝાદીના સમયથી બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન છે અને ૨૦૦૩માં પૂર્વ – ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ મનુભાઈ ઠક્કર – પાસે બાર એસોસિએશનના ત્યારના સેક્રેટરી સંજય વ્યાસ સહિતના હોદ્દેદારોએ લેખિતમાં મંજૂરી માગી હતી અને તેઓએ સત્તાવાર મંજૂરી આપી હતી. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે અમને ઝેરોક્સ મશીન ઉપાડી લેવા નોટિસ આપતા અમે અમદાવાદ બાર એસોસિએશન અને હાઈકોર્ટના બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન હોવાના પુરાવા આપ્યા હતા. તેમજ અમને પૂર્વ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આપેલો ઓર્ડર તથા એક સોવેનિયરમાં છપાયેલા ઝેરોક્સ મશીન અને તેના ઓપરેટરના ફોટા પણ આપ્યા હતા. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે ઝેરોક્સ મશીન લઈ લેવા તાકીદ કરતાં વધુ એક વિવાદ સર્જાયો છે.

બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન ઉઠાવી લેવા નોટીસ આપ્યા બાદ ઝેરોક્ષ મશીન જપ્ત કરવામાં આવતા વકીલોમાં રોષ ભભૂક્યો હતો જેને પગલે બાર એસોસિએશન દ્વારા તમામ વકીલોને તાબડતોડ બાર રૂમમાં એકત્રીત થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. વકીલોના ટેબલનો મુદો હજુ યથાવત છે ત્યાં ઝેરોક્ષ મશીનને લઈને વિવાદ ઊભો થતા વકીલો સાથે મીટીંગ યોજવામાં આવી રહી છે અને મિટિંગમાં આગામી સમયમાં ટેબલ અને ઝેરોક્ષ મશીન સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવશે તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# રાજકોટવાસીઓએ ગુમાવેલી ૨.૩૬ કરોડની માલમત્તા શહેર પોલીસે પરત અપાવી



## ત્રણ મહિનામાં ગુમ થયેલા ૩૬૨ મોબાઈલ અને સાઈબર ફ્રોડમાં ૧ કરોડ ૭૬ લાખની રકમ પોલીસે પરત અપાવ્યા : અરજદારો ખુશ

રાજકોટ,
રાજકોટ શહેરમાં છેલ્લા ત્રણ મહિનામાંઅલગ અલગ વિસ્તાઇરમાંથી ગૂમ થયેલા, ચોરાયેલા રૂા. ૫૯,૪૪,૭૯૭ના ૩૬૨ મોબાઈલ ફોન જે તે માલિકને પરત આપવાનો કાર્યક્રમ આજે શહેર પોલીસ હેડક્વાર્ટરના તાલિમ ભવન ખાતે યોજાયો હતો. સાથે સાથે છેલ્લા ત્રણ મહિનામાં અલગ અલગ પ્રકારના સાયબર ફ્રોડથી રકમ ગુમાવનારા અરજદાર-લોકોને કુલ રૂા. ૧,૭૬,૫૯,૪૩૪ની રકમ પણ પરત અપાવવામાં આવી હતી. આમ કુલ સવા બે કરોડથી વધુની માલમત્તા લોકોએ મોબાઈલ સ્વરૂપે અને ફ્રોડ સ્વંરૂપે ગુમાવી દીધી હતી તે શહેર પોલીસે પરત અપાવી હતી. ગુજરાત સરકારના કોમ્યુ નીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત રાજ્યદના પોલીસ વડાની 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંમ હતું.

શહેર પોલીસ હેડક્વાર્ટર તાલિમ ભવન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યાંમાં પ્રજાજનો હાજર રહ્યા હતાં. અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં તથા સાયબર ક્રાઈમ પોલીસમાં છેલ્લા ત્રણ મહિનામાં મોબાઈલ ફોન ગૂમ થયાની ચોરાયાની અરજીઓ મળી હતી. આવી ૩૬૨ અરજીઓનો સીઈઆઈઆર પોર્ટલ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કરી નિકાલ કરવામાં આવ્યો હતો અને આવા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યો હતાં. જે પૈકી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા રૂા. ૩૬,૩૯,૧૧૨ના ૨૨૦ મોબાઈલ ફોન તથા અન્ય ડીવીઝનોના ૧૪૨ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૫૯,૪૪,૭૯૭ના ૩૬૨ મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતાં. આ તમામ મોબાઈલ ફોન આજે તેના મુળ માલિકને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ પરત કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત છેલ્લા ત્રણ મહિનામાં શહેરમાં સાયબર પોલીસ સ્ટે શનમાં સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ખાતેથી મળેલી અરજીઓમાં ફ્રોડથી ગયેલી રકમ બેંકમાં પુટઓન હોલ્ડ કરાવી અરજદારોને કુલ રૂા. ૧,૭૬,૫૯,૪૩૪ની (જેમાં સાયબર ક્રાઈમ પોલીસની રૂા. ૧,૬૮,૮૬,૪૮૧ની રકમ) તથા અન્ય૫ પોલીસ સ્ટેશનોની રકમ કોર્ટ મારફત રિફન્ડ હુકમ કરાવી પરત અપાવી છે.

આમ મોબાઈલ ફોન અને ફ્રોડની રકમ મળી શહેર પોલીસ દ્વારા નગરજનોનને રૂા. ૨,૩૬,૦૪,૨૩૧ની માલમત્તા તેરા તુજકો અર્પણ ઝુંબેશ હેઠળ પરત આપવામાં આવતાં નગરજનોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી સુધીરકુમાર દેસાઈ, ડીસીપી પૂજા યાદવ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયા તેમજ તમામ ઝોનના એસીપીશ્રીઓના માર્ગદર્શનમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના તમામ પીઆઈ તેમજ અન્ય પોલીસ સ્ટેશનોના તમામ પીઆઈ અને તેમની ટીમો દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવએ આ તકે ઉપસ્થિત રહેલા નગરજનોને સાયબર ફ્રોડથી બચવા માટે સજાગ રહેવા મહત્વના સુચનો આપ્યા હતાં.

# ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેન એલએચબી કોચ સાથે દોડાવાશે

રાજકોટ,
આગામી દિવસોમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે. વેકેશન દરમ્યાન લોકો ફરવા હરવા જતાં હોય છે. રજાનો સમયગાળો બહાર પસાર કરવા માટે લોકો વધારે પડતાં લાંબાઅ અંતર માટે ટ્રેનનો ઉપયોગ કરતાં હોય રેલવે વિભાગ દ્વારા રાજકોટમાથી પસાર થતી એર્નાકુલમ ઓખા એક્સપ્રેસ ટ્રેનના કોચમાં ફેરફાર કરી અને સુવિધા યુકત બનાવી એલએચબી રેંક સાથે દોડાવશે.

રાજકોટ ડીવીઝનના જનસંપર્ક કાર્યાલયના જણાવ્યા મુજબ મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, રેલવેએ ઓખા- એર્નાકુલમ અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ટ્રેનોના પરંપરાગત રેકને નવા રૂપાંતરિત એલએચબી રેક સાથે



બદલવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૧૬૩૩૭/૧૬૩૩૮ ઓખા-એરાનાકુલમ એક્સપ્રેસ ટ્રેન (દ્વિ-સાપ્તાહિક) ઓખાથી ૦૮.૦૪.૨૦૨૪ થી અને એર્નાકુલમ થી ૦૫.૦૪.૨૦૨૪ થી એલએચબી રેક સાથે દોડશે. આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેકધડ એસી, ૩ થર્ડ એસી, ૧૨ સેકધડ સ્લીપર, ૧ પેન્ટ્રી કાર, ૨ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.

# રાજકોટ મનપાની તિજોરી છલકાઈ: કુલ ૩૬૫ કરોડનો મિલકત વેરો જમા

## વેસ્ટ ઝોનમાં વેરા આવકનો ટાર્ગેટ ૧૦૦ ટકા પૂર્ણ : મિલ્કાત વેરો ભરવામાં ન્યુ રાજકોટવાસીઓ મોખરે

રાજકોટ,
૨૦૨૩-૨૪નુ નાણાકીય વર્ષ પૂર્ણ થયું છે ત્યા રે મનપાની મિલ્કત વેરા આવકમાં ન્યુ રાજકોટ એટલે કે વેસ્ટ ઝોનમાં વેરા આવકનો ટાર્ગેટ ૧૦૦ ટકા પૂર્ણ થયાનું ખુલ્યું છે. મનપાની મુખ્યા આવકનોસ્ત્રોત એવી વેરા શાખાને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩,૯૫,૫૪૭ કરદાતાઓએ અંદાજીત કુલ ૩૬૫ કરોડનો મિલકત વેરો તંત્રની તીજોરીમાં ઠાલવ્યો્ છે. સૌથી વધુ વેસ્ટા ઝોનના ૧૭૯૪૮૮ કરદાતાઓએ રૂા. ૧૫૩૧૩૯૯૭૩ ભર્યો છે. વેરા શાખામાં નોંધાયેલ વિગતો મુજબ ત્રણેય ઝોનમાં કયાં વોર્ડમાં કેટલી આવક થવા પામી છે તેની વિસ્તૃાત જોતાં સેન્ટ્રલ ઝોન

વોર્ડ નં. ૨માં ૧૬૯૨૩ કરદાતાઓએ ૨૧.૬૧ કરોડ, વોર્ડ નં. ૩માં ૨૩૮૭૫ એ ૧૫.૭૬ કરોડ, વોર્ડ નં. ૭માં ૩૭,૬૮૪ કરદાતાઓએ ૪૭.૮૮ કરોડ, વોર્ડ નં. ૧૩માં ૧૮૦૩૪ કરદાતાઓએ ૧૭.૩૧ કરોડ, વોર્ડ નં. ૧૪માં ૧૬,૬૭૪ લોકોએ ૧૩.૪૮ કરોડ તથા વોર્ડ નં. ૧૭માં ૧૪૪૫૪ મિલ્કત ધારકોએ ૧૦.૧૯ કરોડનો વેરો ભર્યો છે. આ ઝોનમાં કુલ ૧,૨૭,૬૦૪ કરદાતાઓ દ્વારા રૂા. ૧૨૬ કરોડની આવક થવા પામી છે. આ ઝોનમાં ૧૫૫ કરોડના લક્ષ્યાંક સામે ૧૨૬ કરોડ થવા પામી છે.

**વેસ્ટ ઝોન**

વોર્ડ નં. ૧ના ૨૯૬ હજાર મિલકત ધારકોએ ૧૮.૯૯ કરોડ, વોર્ડ નં. ૮ના ૨૨ હજાર કરદાતાઓએ ૩૦.૩૦ કરોડ, વોર્ડ નં. ૯માં ૩૧ હજાર લોકોએ ૨૨ કરોડ, વોર્ડ નં. ૧૦ના ૨૪,૨૭૫ મકાન ધારકોએ ૨૫.૫૬ કરોડ, વોર્ડ નં. ૧૧ના ૨૯ હજાર કરદાતાઓએ ૩૩.૫૬ કરોડ તથા વોર્ડ નં. ૧૨ના ૨૯ હજાર કરદાતાઓએ રૂા. ૨૨.૭૭ કરોડ સહિત કુલ ૧,૭૯,૪૮૮ કરદાતાઓએ ૧૫૩ કરોડનો વેરો ભર્યો છે. આ ઝોનમાં ૧૫૩.૮૯ લાખના લક્ષ્યાંક સામે ૧૫૩.૨૪ ટકાની વસુલાત થવા પામી છે.

**ઈસ્ટ ઝોન**

સામાકાંઠાના વોર્ડ નં. ૪માં ૧૯ હજાર કરદાતાઓએ ૧૬.૫૯ કરોડ, વોર્ડ નં. ૫માં ૧૩,૦૬૧ મિલ્કકત ધારકોએ ૧૦.૩૮ કરોડ, વોર્ડ નં. ૬માં ૧૦,૭૪૬ લોકોએ ૧૧.૪૪ કરોડ, વોર્ડ નં. ૧૫માં ૭૮૦૨ કરદાતાઓએ ૧૧ કરોડ, વોર્ડ નં. ૧૬માં ૯ હજાર મિલ્કરત ધારકોએ ૭.૨૭ કરોડ તથા વોર્ડ નં. ૧૮માં ૨૮,૨૦૭ કરદાતાઓએ ૨૮.૧૯ કરોડ સહિત કુલ ૮૮,૪૧૫ મિલકત ધારકોએ રૂા. ૮૫.૭૯ કરોડનો વેરો ભર્યો છે. આ વર્ષે ઈસ્ટ ઝોનમાં ૯૧.૩૭ કરોડના લક્ષ્યાંક સામે ૮૫.૯૪ ટકાની વેરા વસુલાત થઈ છે. આ ઝોનમાં એક વર્ષમાં નવી મિલકત આકારણી થવા પામી છે.

# રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટના વાહન પાર્કિંગમાં ખુલ્લેઆમ લૂંટની બૂમ

## બે પાંચ મીનીટ વાહન રાખે તો પણ કોન્ટ્રાકટર દ્વારા પાર્કિંગ ચાર્જ વસુલાતા રોષ

રાજકોટ,
અમદાવાદ હાઈ-વે પર હિરાસર ખાતે બનાવવામાં આવેલ રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ થયું ત્યારથી સુવિધાને લઈને આવી હતી. ત્યારે એરપોર્ટ દ્વારા કરવામાં આવી હતી. ત્યારે એરપોર્ટના પાર્કિંગમાં ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોવાની રાવ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ કલેકટરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટના આંતરરાષ્ટ્રીય હીરાસર એરપોર્ટમાં પાર્કિંગના નામે ઉઘાડી લુંટ ચલાવવામાં આવે છે. તેવી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. પારદર્શક વહીવટનો પરપોટો ફૂટી ગયો છે. અમારી જાણ મુજબ એરપોર્ટ ઓથોરીટીના ટેન્ડરમાં પણ કોઈ વાહન દસ મીનીટથી વધ પાર્ક કરવામાં આવે તો જ પાર્કીંગ ચાર્જ વસુલવામાં એવી જોગવાઈ ટેન્ડરમાં છે. ગેસ્ટ મુકવા આવે તો તેને દસ મીનીટ સુધી કોઈપણ જાતનો પાર્કીંગ ચાર્જ ચુકવવામાં આવતો નથી પરંતુ તેમ છતાં કોન્ટ્રાકટર અધિકારીઓની મીલીભગતથી પાર્કિંગના નામે ચાર્જ વસૂલવામાં આવે છે.વધુમાં યાત્રિકો તરફથી મળેલી મૌખિક ફરિયાદના અનુસંધાનમાં જે ચેકપોસ્ટ યાને કે કેબીન હોવી જોઈએ તે એરપોર્ટ ઓથોરીટીના મેઈન ગેઈટ પાસે હોવી જોઈએ તેને બદલે વચ્ચે રાખીને યાત્રીકોનો ચેકીંગના બહાને સમય બગાડવામાં આવતો હોવાને પગલે ગેસ્ટ મુકવા આવેલા લોકો ૧૦ મીનીટ સુધી બહાર ન નીકળે એ રીતે હથકંડો અપનાવેલ છે અને બે પાંચ મીનીટ વાહન રાખે તો પણ પાર્કિંગ ચાર્જ વસુલવામાં આવે છે અને કેબીન તેની મુળ જગ્યાએ છે કે કેમ તેની સીસી ફુટેજ દ્વારા તપાસ કરી જો કેબીન અનઅધિકૃત જગ્યાએ રાખવામાં આવી હોય અને નિયમ વિરૂધ્ધ હોય તો આ બાબતે તપાસ કરી કોન્ટ્રાકટર પર નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય કરશો અને થયેલ કાર્યવાહીની જાણ કરવા જણાવ્યું હતું.

# રાજકોટ જિલ્લા બેંકનો ૧૪૯૯૨ કરોડના બિઝનેસ સાથે ૨૨૬ કરોડ નફો

## ડિપોઝીટ રૂા.૮૮૯૩ કરોડ, ધિરાણ રૂા. ૬૦૯૯ કરોડ, બિઝનેશ રૂા. ૧૪૯૯૨ કરોડ

રાજકોટ,
નમૂનેદાર જિલ્લા બૈક એવી શ્રી રાજકોટ ડિસ્ટ્રી કટ કો-ઓપરેટીવ બેંક લી., રાજકોટના જનરલ મેનેજર વી.એમ. સખીયા જણાવેલ કે, બૅં કના પૂર્વ સૂકાની શ્રી વલ્લભભાઈ પટેલ તથા શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાએ બનાવેલ વટવૃક્ષ સમાન આ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયાની રાહબરી હેઠળ તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના માર્ગદર્શન અને સહકાર સાથે બેંકે પ્રગતિની હરણફાળ યથાવત રાખી ડિપોઝીટ રૂા.૮૮૯૩ કરોડ, ધિરાણ રૂા. ૬૦૯૯ કરોડ, બિઝનેશ રૂા. ૧૪૯૯૨ કરોડ અને રૂા. ૨૨૬ કરોડના નફા સાથે જળહળતા પરિણામો જાહેર કરેલ છે.

રૂપે ડેબીટ કાર્ડ, આધારલિંકેજ, ઈન્ટૂરબ્રાંચ ટ્રાન્ઝે કશન, ૧૯૯ શાખાઓ મુખ્યજ કચેરી સીખીએસ નેટવર્કથી જોડાયેલ. આરટીજીએસ/ એનઈએફટી,



એટીએમ, માઈક્રો, એટીઅમ, એસએમએસ અર્લ્ટહ, મોબાઈલ બેંકીંગ, આઈપીપીએસ, મુખ્યી કચેરીમાંસાંજે ૪ થી રાત્રીના ૧૦ વાગ્યાો સુધી દાગીના ધિરાણ, પ્રધાનમંત્રી જીવન જયોતિ/ સુરક્ષા બીમા યોજના- અટલ પેન્શંન યોજના, મુખ્યા કચેરીમાં ૨૪ કલાક / ૩૬૫ દિવસ લોકલ ઓપરેટીવ, બેંક તરફથી તમામ પ્રકારના લોન/ધરાણો આપવામાં આવે છે.

આ બેંકે ખુડૂતોને ૦ ટકા વ્યાોજના દરેક રૂા. ૩૬૨૫ કરોડ કે.સી.સી. ધિરાણ કરેલ છે.મંડળી સાથે જોડાયેલ ખેડુત સભાસદોનો બેંક તરફથી રૂા. ૧૦ લાખનો અકસ્મા ત વીમો લેવામાં આવે છે અને તેનું તમામ પ્રિમીયમ બેંકે ભરેલ છે.ખેડૂત સભાસદોને રૂા. ૧૫,૦૦૦/- સુધીની વિઠલભાઈ રાદડિયા મેડીકલ સહાય યોજના હેઠળ સહાય ચુકવવામાં આવે છે.નાબાર્ડ દ્વારા દિલ્હી લેવલેથી વડાપ્રધાન નાણાપ્રધાન સતત પાંચ વખત બેસ?ટ પરફોર્મન્સળ એવોર્ડ અને ઈનામ મેળવનાર પ્રથમ બેંક. બેંકની સર્વાંગી શ્રેષ્ઠન કામગીરી માટે નાફસ્કીબ તરફથી ચાર વખત ભારતમાં પ્રથમ નંબરનો એવોર્ડ તથા દેશનાં ગૃહ અને સહકાર મંત્રી હસ્તે્ દશાબ્દીક (ડેકેડ) એવોર્ડ મેળવનાર બેંક.

# ગીર સોમનાથ જીલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જાહેરજનતા માટે ફરિયાદ સમિતિની રચના કરાઈ

વેરાવળ,
ભારતના ચૂંટણીપંચના તા.૨૯/૦૫/૨૦૧૫ના હુકમથી ચૂંટણીપ્રક્રિયા દરમિયાન ફ્લાઈંગ સ્ક્વોડ તથાં સ્થાઈ દેખરેખ ટૂકડીઓ દ્વારા રોકડ રકમ કે અન્ય વસ્તુઓ જપ્ત કરવા કે મુક્ત કરવા માટેની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલી છે. આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જાહેર જનતા તેમજ સાચી વ્યક્તિઓને કોઈ અગવડ ન પડે તે માટે તથા તેમની ફરિયાદોના નિવારણ માટે જિલ્લાકક્ષાએ જિલ્લા ફરિયાદ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં કન્વીનર તરીકે ખર્ચ અંકુશના નોડલ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર (મો.નં-૯૯૭૮૪૦૬૪૯૫), તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી દર્શનાબહેન ભગલાણી (૯૯૭૮૮૮૫૨૭૧) તથા ઈન્ચાર્જ જિલ્લા તિજોરી અધિકારી શ્રી મિતાબહેન સોંડાગર (૭૦૧૬૩૨૯૫૯૩)ની નિમણૂક કરવામાં આવી છે.

# રાજકોટ આજી રિવરફ્રન્ટની મુલાકત લઈ મ્યુનિ. કમિશનર આનંદ પટેલે પ્રોજેકટ અંગેની માહિતી મેળવી

## સંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર, સાબરમતી રિવરફ્રન્ટ સહિતના પ્રોજેક્ટ બનાવનાર કંપનીને કામ સોંપાયું

રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકાનો ડ્રીમ પ્રોજેકટ આજી રિવરફ્રન્ટની કામગીરીનું ધમધમાટ અંતે શરૂ થઈ ગયો છે. સાંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર અને સાબરમતી રિવરફ્રન્ટ સહિતના ઉત્તમ પ્રોજેકટ બનાવનાર એચ.સી.પી. પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડને કામ સોંપવામાં આવ્યું છે. તેમના દ્વારા ફાઈનલ માર્સ્ટર પ્લાનની ડિટેલ ડીઝાઈન તૈયાર કરી પ્રોજેકટને ફાઈનલ ટચીંગ આપવામાં આવશે. આ માટે એજન્સી સાથે સ્થળ મુલાકત લઈ મ્યુનિ.કમિશનર આનંદ પટેલે પ્રોજેકટ અંગેની માહિતી મેળવી હતી.

આજી નદી કાંઠે રામનાથ મહાદેવ મંદિર ડેવોલોપીંગ અને આદી રિવરફ્રન્ટ તૈયાર કરવવા માટે ધમધમાટ શરૂ કરવામાં આવ્યું છે. મ્યુનિ.કમિશનર આનંદ પટેલે સ્થળ વિઝિટ કરી એજન્સી સાથે પ્રોજેક્ટ અંગેની ચર્ચા કરી હતી. અને આ મુદે જણાવેલ કે, અગાઉ બજેટમાં જોગવાઈ થઈ ગયેલ છે. આથી મંદિરની બંન્ને તરફ એક કિલોમીટરમાં રૂા.૧૮૦ કરોડના પ્રોજેકટનું કામ શરૂ કરવામાં



આવશે. આગાઉ સર્વ થયેલો છે છતા થોડા સમયમાં કાંઈ ફેરફાર હોય તો ફાઈનલ ટચીંગ કરવામાં આવશે. અને દિવાળી સુધીમાં ટેન્ડર પ્રકિયા હાથ ધરશે અને પ્રોજેકટ બે વર્ષની સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. ૧ કિલોમીટરની ત્રીજયમાં મંદિરની બંન્ને સાઈડ ચેક ડેમ બનાવી શુદ્ધ પાણીની વ્યેવસ્થા ઉભી કરવામાં આવશે. તેમજ અટલ સરોવરની જેમાં બારે માસ પાણી માટે ટરશરી પ્લાન મૂકવામાં આવશે. પૂરા વિસ્તારમાં પવિત્ર અને શુદ્ધ વતાવરણ રહે તેવુ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત કામગીરી સાંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર અને સાબરમતી રિવરફન્ટ સહિતના પ્રોજેકટ બનાવનાર એચ.સી.એલ કંપનીને કામ સોંપવામાં આવ્યું છે.

આજી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટના વર્તમાન આયોજન અનુસંધાને આજરોજ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓને સાથે રાખી પ્રોજેક્ટ સાઈટની વિઝિટ કરવામાં આવી હતી. આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ વિશે માહિતી આપતા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની આગળની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેકટ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે કધસલ્ટન્ટ એચ.સી.પી.ડીઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા. લીમીટેડ, અમદાવાદને નિમણુંક કરવામાં આવેલ છે. આ એજન્સી દ્વારા ફાઈનલ માસ્ટર પ્લાનની ડીટેઈલ ડિઝાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે.

વધુમાં મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, આજી ડેમમાં જે દુષિત પાણી ડેમમાં જાય છે તેને ટ્રીટ કરી રાજકોટ મહાનગરપાલિકાના અન્ય કામોમાં વપરાશ કરવા અંગે પણ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરએ સાઈટ વિઝિટ દરમ્યાન એજન્સીના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરી પ્રોજેક્ટની માહિતી મેળવી હતી. આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ખાતે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.અલ્પના મિત્રા, પી.એ.(ટેક.)ટુ કમિશનર હિમાંશુ દવે, ડી.ઈ.ઈ. પરેશ પટેલ અને એજન્સીના પ્રતિનિધિઓ દ્વારા સંયુક્ત સાઈટ વિઝિટ કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ આજી રિવરફન્ડની કામગીરી શરૂ કરી છે મ્યુનિ.કમિશનરે ગઈ કાલે સ્થળ વિઝિટ કરી એજન્સી સાથે ચર્ચા કરી અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

# તમે જે જાણો છો તે મોટા એક્સપર્ટ પણ સમજી શકતા નથી

## વડાપ્રધાને ભાજપ કાર્યકર્તાઓ સાથે વાત કરી તેમની ભૂમિકા સમજાવી

નવીદિલ્હી,
નમો એપ દ્વારા ઉત્તર પ્રદેશના ભાજપના કાર્યકર્તાઓ સાથે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ઉત્તર પ્રદેશના ભાજપના કાર્યકરોએ હંમેશા દેશના રાજકીય નિષ્ણાતોને ખોટા સાબિત કર્યા છે. મોટા મોટા નિષ્ણાતો પણ સમજી શકતા નથી કે યુપી ભાજપના કાર્યકરો શું જાણે છે. લોકસભાની ચૂંટણી હોય કે વિધાનસભાની ચૂંટણી, તમારી મહેનતના કારણે નવા રેકોર્ડ બની રહ્યા છે. તમારો ઉત્સાહ જોઈને મને આનંદ થાય છે, પરંતુ આ જોઈને અન્ય પક્ષોના નેતાઓના પગ ઠંડા પડી જાય છે.



પીએમ મોદીએ કહ્યું, "મને પૂરો વિશ્વાસ છે કે યુપીમાં ભાજપના તમામ કાર્યકર્તાઓ તમામ બૂથ પર જીત સુનિશ્ચિત કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. તમે બધા (ભાજપ કાર્યકર્તા) મતદારોના સીધા સંપર્કમાં છો, તમે તેમના માટે એક ચહેરો છો.ભાજપ જ્યારે તમે તેમને મળો છો, ત્યારે તે તમારામાં પણ મોદીને જુએ છે. તમે તેમને જે પણ કહો છો, તે તેમનામાં મોદી જુએ છે. તમે તેમને ગમે તેટલી ગેરંટી આપો, તમે પણ, જો આપણે માનીએ કે તેઓ મોદીના સાથી છે, તો પછી ગેરંટી પાસે શક્તિ છે. તેથી મતદારોની નજરમાં. તમે ખૂબ મોટા વ્યક્તિ છો."

તેમણે કહ્યું કે, "યુપીના કાકા-ભત્રીજાનો પારિવારિક બંધન ઘણા સમય પહેલા તૂટી ગયો છે. આ ચૂંટણીમાં અમે ભત્રીજાવાદ સામે લડી રહ્યા છીએ. અમે પારિવારિક રાજનીતિ સામે લોકશાહી બચાવવા માટે લડી રહ્યા છીએ. યુપીના લોકો કોઈને ઈચ્છશે નહીં. સ્વાર્થથી, પરંતુ જોડાઓ. ભાવનાત્મક રીતે. અને હંમેશા તે લાગણીને વળગી રહો. એક કાર્યકર્તા તરીકે, તમારે એ સુનિશ્ચિત કરવા માટેના તમામ પ્રયત્નો કરવા જોઈએ કે તમારું કાર્ય અથવા વર્તન કોઈને નુકસાન ન પહોંચાડે." વડા પ્રધાન મોદીએ કહ્યું, "ચૂંટણી પ્રચાર દરમિયાન, તમે માત્ર પક્ષનો પ્રચાર જ નહીં, પરંતુ પક્ષની સંસ્કૃતિ અને મૂલ્યોને લોકો સુધી લઈ જાઓ. હું તમને બધાને ભાજપના વિચારોને પણ અનુસરવા વિનંતી કરું છું. તમારી નમ્રતા." મતદારોને પ્રભાવિત કરવાનો પણ પ્રયાસ કરો."

# વીવીપીએટી કેસની આગામી સપ્તાહે સુપ્રીમ કોર્ટમાં સુનવણી

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટ આવતા અઠવાડિયે ઈવીએમ સાથે વીવીપીએટી મશીનની સ્લિપના મેચિંગના મામલાની સુનાવણી કરવા સંમત થઈ છે. ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે એડીઆર દ્વારા દાખલ કરાયેલી અરજી આવતા સપ્તાહે મંગળવાર કે બુધવારે લિસ્ટ કરવામાં આવશે. અરજદાર સંગઠન એડીઆર વતી સુપ્રીમ કોર્ટમાં હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે માંગ કરી હતી કે અરજીની સુનાવણી જલ્દી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે મંગળવારે વીવીપીએટી મુદ્દે દાખલ કરવામાં આવેલી બીજી અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ મોકલીને તેમનો જવાબ માંગ્યો છે.



આ મામલે વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણન પણ કોર્ટમાં હાજર થયા હતા અને કહ્યું હતું કે ચૂંટણી નજીક છે અને જો આ મામલે સુનાવણી નહીં થાય તો આ અરજી નિરર્થક બની જશે.

# મુસ્લિમો વ્હાઈટ હાઉસમાં આ વર્ષે ઈફ્તાર પાર્ટી નહિ કરે

વોશિંગ્ટન,
વ્હાઈટ હાઉસમાં દર વર્ષે યોજાતી ઈફ્તાર આ વખતે થઈ રહી નથી. ઈફ્તાર રદ કરવાનું કારણ ગાઝા યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઘણા અમેરિકન મુસ્લિમોએ ઈઝરાયેલને રાષ્ટ્રપતિ બિડેનના સમર્થનના વિરોધમાં ઈફ્તાર માટે વ્હાઈટ હાઉસના આમંત્રણને નકારી કાઢ્યું છે. જે બાદ વ્હાઈટ હાઉસ પ્રશાસને ઈફ્તાર રદ કરવી પડી હતી. ગાઝા યુદ્ધની શરૂઆતથી જ અમેરિકા ઈઝરાયલને મદદ કરી રહ્યું છે અને યુએનમાં યુદ્ધવિરામ અંગેનો ઠરાવ પણ બે વખત વીટો કરીને અટકાવવામાં આવ્યો હતો. કાઉન્સિલ ઓન અમેરિકન-ઈસ્લામિક રિલેશન્સ (ઝછૈંઇ) ના ડેપ્યુટી ડાયરેક્ટર એડવર્ડ અહેમદ મિશેલે જણાવ્યું હતું કે ઈફ્તાર રદ કરવામાં આવી હતી કારણ કે ઘણા લોકોએ હાજરી ન આપવાનો નિર્ણય લીધો હતો, જેમાં શરૂઆતમાં ઈફ્તારમાં હાજરી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે લોકો આવવા માટે તૈયાર હતા. મિશેલે અલ જઝીરાને કહ્યું, "અમેરિકન મુસ્લિમ સમુદાય લાંબા સમયથી કહે છે કે તે એ જ વ્હાઈટ હાઉસ સાથે ઉપવાસ તોડી શકે નહીં જે ઈઝરાયેલી સરકારને ગાઝામાં પેલેસ્ટિનીઓને ભૂખે મરવા માટે સક્ષમ બનાવે છે.

# ડોભાલે આતંકવાદી નેટવર્કને ખતમ કરવા માટે મજબૂત પગલાં લેવાનું કર્યું સમર્થન

**ડોભાલે કઝાકિસ્તાનમાં એસસીઓ દેશોની સુરક્ષા પરિષદના સચિવોની ૧૯મી બેઠકમાં ભાગ લીધો**

નવીદિલ્હી,
ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે કઝાકિસ્તાનમાં એસસીઓ દેશોની સુરક્ષા પરિષદના સચિવોની ૧૯મી બેઠકમાં ભાગ લીધો હતો અને આ ક્ષેત્રમાં આતંકવાદ સહિતના વિવિધ મુદ્દાઓ પર મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. ડોભાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને એસસીઓ દેશો વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે અને તેઓ તેને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે એમ પણ કહ્યું કે એસસીઓ સભ્ય દેશોની સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાનું સંપૂર્ણ સન્માન કરવું જોઈએ.

અજીત ડોભાલે ૨૨ માર્ચે મોસ્કોમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી હતી અને પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે તેમના રશિયન સમકક્ષને કહ્યું કે ભારત તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદના જોખમનો સામનો કરવા માટે રશિયન સરકાર અને લોકો સાથે એકજૂટ છે. એનએસએ ડોભાલે કહ્યું છે કે સરહદ પારના આતંકવાદ સહિત આતંકવાદનું કોઈપણ કૃત્ય, કોઈપણ દ્વારા,



ક્યાંય પણ અને કોઈપણ હેતુ માટે, વાજબી નથી.

# કોંગ્રેસને ઝટકોઃ હવે ભાજપની રિંગમાં દેખાશે બોક્સર વિજેન્દ્રસિંહ

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો છે. વાત જાણે એમ છે કે, બોક્સર અને કોંગ્રેસ નેતા વિજેન્દર સિંહ દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટર ખાતે ભાજપમાં જોડાયા છે. તેઓ આજે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના મુખ્યાલયમાં ભાજપમાં જોડાયા છે. મહત્વનું છે કે, બોક્સર વિજેન્દ્ર સિંહે ટ્વિટર (એક્સ) પર એક લાઇનની પોસ્ટ કરી હતી, જેના પછી લોકસભા ચૂંટણી પહેલા ઘણી અટકળો શરૂ થઈ હતી. તેણે લખ્યું, 'જ્યાં જનતા ઈચ્છે છે, હું તૈયાર છું.'

નોંધનીય છે કે, ૨૦૧૯માં કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થયેલા વિજેન્દ્રને તેમની પહેલી ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી પણ તેઓ પાર્ટી સાથે જોડાયેલા રહ્યા, પરંતુ ડિસેમ્બર ૨૦૨૩માં તેમણે સોશિયલ મીડિયા પર રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. જોકે એવી અટકળો છે કે તે પુનરાગમન કરી શકે છે. વિજેન્દ્રની રાજકીય કારકિર્દી ઘણી ટૂંકી રહી છે. વર્ષ ૨૦૧૯ માં કોંગ્રેસમાં જોડાઈને તેમણે દક્ષિણ દિલ્હી બેઠક પરથી ચૂંટણી લડી હતી પરંતુ રમેશ વિધુરી સામે હારી ગયા હતા.

# જો હું ચૂંટણી ના જીત્યો તો..., ચૂંટણી પ્રચારમાં ડોનાલ્ડ ટ્રમ્પની ખુલ્લી ધમકી

વોશિગ્ટન,
અમેરિકામાં જેમ જેમ અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષોના દાવા અને વચનો પણ તેજ થઈ ગયા છે. વાત જાણે એમ છે કે, અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રચાર ચાલુ છે. આ દરમિયાન પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે જો તેઓ નવેમ્બરમાં યોજાનારી ચૂંટણી નહીં જીતે તો અમેરિકામાં રક્તપાત થશે. મંગળવારે ટ્રમ્પે બમણી ઝડપે ફરી એક વખત તેમના આ જ નિવેદનનું પુનરાવર્તન કર્યું. તેમણે તેમના સમર્થકો સાથે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ દ્વારા લૂંટ, બળાત્કાર અને હત્યાકાંડનો સામનો કરી રહેલા અમેરિકન સમુદાયો વિશે વાત કરી.



ટ્રમ્પે સીમા સુરક્ષાને લઈને અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ જો બિડેનને પણ ઉગ્રતાથી ઘેર્યા. તેમની ઉશ્કેરણીજનક ટિપ્પણીમાં ટ્રમ્પે બિડેન સરકાર પર નરસંહાર, અરાજકતા અને હત્યા નો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, બિડેનના શાસનમાં અમેરિકા ડ્રગ્સથી ભરેલું છે અને વિદેશી ગુનાહિત ગેંગથી ઘેરાયેલું છે. મિશિગનના ગ્રાન્ડ રેપિડ્સમાં ભવિષ્ય વિશે ચેતવણી આપતા ભાષણમાં ટ્રમ્પે કહ્યું, હું આજે તમારી સમક્ષ જાહેર કરવા આવ્યો છું કે બિડેન સરહદ નરસંહાર... આ એક રક્તસ્રાવ છે, આ તે છે જે આપણા દેશને નષ્ટ કરી રહ્યું છે.

# સંજયસિંહ દિલ્હી-એનસીઆર છોડી નહીં શકે, દારૂ કૌભાંડ પર નહીં બોલી શકે

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટમાંથી જામીનનો આદેશ રાઉઝ એવન્યુ કોર્ટમાં પહોંચ્યો છે. કોર્ટે સુનાવણી બાદ જામીનની શરતો નક્કી કરી હતી. રાઉઝ એવન્યુ કોર્ટે આપ સાંસદ સંજય સિંહને તેમનો પાસપોર્ટ સરેન્ડર કરવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે સંજય સિંહ પુરાવા સાથે ચેડા નહીં કરે. તે દિલ્હી-એનસીઆર છોડશે નહીં અને દારૂ કૌભાંડ મામલે કોઈ નિવેદન કે ટિપ્પણી કરી શકશે નહીં. સાંસદ સંજય સિંહના વકીલે કોર્ટને વિનંતી કરી કે દિલ્હી-એનસીઆર છોડતા પહેલા પૂર્વ પરવાનગી માટે શરતો ન લાદવામાં આવે. તેમણે કહ્યું કે તેઓ એક રાજકીય નેતા છે અને ચૂંટણીનો સમય છે. કોર્ટે કહ્યું કે તે દિલ્હી-એનસીઆર છોડતા પહેલા પોતાનો પ્રવાસ કાર્યક્રમ રજૂ કરશે.

બીજી તરફ આપ સાંસદ સંજય સિંહની માતા અને પુત્ર તેમને મળવા આઈએલબીએસ હોસ્પિટલ પહોંચ્યા હતા. સંજય સિંહને લિવર સંબંધિત રોગની સારવાર માટે ઈન્સ્ટિટ્યૂટ ઑફ લિવર એન્ડ બિલીયરી સાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં લિવરની બાયોપ્સી કરવામાં આવી છે. આ તપાસ બાદ રિપોર્ટના આધારે આગળની સારવાર કરવામાં આવશે.

# મોદીનો વિકલ્પ કોણ હોઈ શકે તે પ્રશ્ન સંસદીય પ્રણાલીમાં અપ્રસ્તુત છે : થરૂર

નવીદિલ્હી,
કોંગ્રેસના નેતા શશિ થરૂરે કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિકલ્પ કોણ હોઈ શકે તે પ્રશ્ન સંસદીય પ્રણાલીમાં "અપ્રસ્તુત" છે કારણ કે આપણે કોઈ વ્યક્તિને પસંદ નથી કરતા, પરંતુ પક્ષ અથવા પક્ષોના ગઠબંધનને પસંદ કરીએ છીએ.



આજે સવારે એક્સને લેતાં,થરૂરે કહ્યું કે એક પત્રકારે તેમને આ પ્રશ્ન પૂછ્યો હતો. "તેમ છતાં ફરી એક પત્રકારે મને એવા વ્યક્તિની ઓળખ કરવા કહ્યું છે કે જે મોદીનો વિકલ્પ છે. સંસદીય પ્રણાલીમાં આ પ્રશ્ન અપ્રસ્તુત છે. અમે કોઈ વ્યક્તિને (રાષ્ટ્રપતિપદની જેમ) પસંદ નથી કરી રહ્યા, પરંતુ એક પક્ષ અથવા ગઠબંધન. પક્ષો, જે સિદ્ધાંતો અને માન્યતાઓના સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે જે ભારતની વિવિધતા, બહુલતાવાદ અને સર્વસમાવેશક વિકાસને જાળવવા માટે અમૂલ્ય છે," એમ તેમણે લખ્યું હતું. "મિસ્ટર મોદીનો વિકલ્પ એ અનુભવી, સક્ષમ અને વૈવિધ્યસભર ભારતીય નેતાઓનું જૂથ છે જે લોકોની સમસ્યાઓ માટે પ્રતિભાવ આપશે અને વ્યક્તિગત અહંકારથી પ્રેરિત નહીં હોય," એમ કોંગ્રેસ નેતાએ ઉમેર્યું હતું. તેઓ કઈ ચોક્કસ વ્યક્તિને વડાપ્રધાન તરીકે પસંદ કરશે તે ગૌણ વિચારણા છે. આપણી લોકશાહી અને વિવિધતાનું રક્ષણ કરવું સૌથી પહેલા આવે છે," એમ થરૂરે જણાવ્યું હતું.

# પાકિસ્તાનમાં આઠ ન્યાયાધીશોને શંકાસ્પદ ધમકીભર્યો પત્ર મળ્યો

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનમાં ૮ ન્યાયાધીશોને શંકાસ્પદ ધમકીભર્યો પત્ર મળ્યો. આ પત્ર શંકાસ્પદ એટલા માટે કેમકે તે ખોલતા જ કર્મચારીઓની આંખોમાં બળતરા થવા લાગી હતી. ચીફ જસ્ટિસ આમિર ફારૂક સહિત ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠ જજોને શંકાસ્પદ પદાર્થ ધરાવતો ધમકીભર્યો પત્ર મળ્યાની વિગતો સામે આવતા મોટો ઉહાપોહ મચ્યો છે. મંગળવારે મીડિયામાં આ મામલો સામે આવતા પાકિસ્તાની ન્યાયતંત્રની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટના તમામ આઠ ન્યાયાધીશોને સફેદ પાવડરથી ભરેલા ધમકીભર્યા પત્રો મળવા પરના મામલામાં પોલીસે આતંકવાદી આરોપો પર કેસ નોંધ્યો હતો

ન્યાયાધીશોને ધમકીભર્યા પત્રો મળ્યા હોવાની પુષ્ટિ કરતા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ફારુકે એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે આ ઘટનાને કારણે દિવસની સુનાવણીમાં વિલંબ થયો હતો. એક્સપ્રેસ ટ્રિબ્યુન અખબારે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે જ્યારે બે ન્યાયાધીશોના સ્ટાફે પત્રો ખોલ્યા ત્યારે તેમને અંદરથી પાઉડર મળી આવ્યો હતો અને બાદમાં તેમની આંખોમાં બળતરાનો અનુભવ થયો હતો.

# ૫૪ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ સમાપ્ત

## ૯૧ વર્ષીય મનમોહનસિંહની વર્તમાન ટર્મ પૂરી થતાં તેમના સ્થાને સોનિયા ગાંધી રાજસ્થાનમાંથી પ્રથમ વખત રાજ્યસભામાં એન્ટ્રી કરશે

નવીદિલ્હી,
પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને ૯ કેન્દ્રીય મંત્રી સહિત ૫૪ સાંસદો રાજ્યસભામાંથી આજે નિવૃત્ત થયા છે અને તે પૈકી કેટલાક સંસદ ઉપલા ગૃહમાં પરત ફરશે નહીં. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ ૩૩ વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ રહ્યાં પછી આજે નિવૃત્ત થયાં છે. તેમના સ્થાને સોનિયા ગાંધી પ્રથમ વખત રાજ્યસભામાં સાંસદ તરીકે એન્ટ્રી કરશે. દેશના અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેનારા મનમોહન સિંહ પ્રથમ વખત ૧૯૯૧માં રાજ્યસભાના સાંસદ બન્યા હતાં.

તેઓ ૧૯૯૧થી ૧૯૯૬ સુધી દેશના નાણામંત્રી અને ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશના વડાપ્રધાન રહ્યાં હતાં. ૯૧ વર્ષીય મનમોહન સિંહની વર્તમાન ટર્મ પૂરી થતાં તેમના સ્થાને સોનિયા ગાંધી રાજસ્થાનમાંથી પ્રથમ વખત રાજ્યસભામાં એન્ટ્રી કરશે. સાત કેન્દ્રીય મંત્રી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા, પશુપાલન અને મતસ્ય મંત્રી પરશોત્તમ રૂપાલા, આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખર, રાજ્ય કક્ષાના વિદેશ મંત્રી વી મુરલીધરન, માઈક્રો અને નાના તથા મધ્યમ કદના મંત્રી નારાયણ રાણે અને રાજ્યકક્ષાના માહિતી અને પ્રસારણ મંત્રી એલ મુરુગનની રાજ્યસભાની મુદત સમાપ્ત થઈ ગઈ છે.

કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભુપેન્દ્રયાદવ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની રાજ્યસભાની મુદત આજે સમાપ્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે વૈષ્ણવ સિવાય કોઈને પણ રાજ્યસભાની ટિકિટને બદલે લોકસભાની ટિકિટ આપવામાં આવી છે. રાજ્યસભાના ૪૯ સાંસદો મંગળવારે પાંચ નિવૃત્ત થયા છે. સપાના જયા બચ્ચન પણ રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહ્યાં છે.

# બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ સુશીલ મોદીને કેન્સર હોવાનું થયું નિદાન

પટણા,
ભાજપના દિગ્ગજ નેતા અને બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ સુશીલ મોદીને કેન્સર હોવાનું નિદાન થયું છે. તેમણે પોતે પોતાના એક્સ હેન્ડલ પર આ માહિતી શેર કરી હતી. સુશીલ મોદીએ કહ્યું કે મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહ્યું છે કે હું ચૂંટણીમાં કંઈ કરી શકીશ નહીં. બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમએ લખ્યું, 'હું છેલ્લા ૬ મહિનાથી કેન્સર સાથે સંઘર્ષ કરી રહ્યો છું. હવે મને લાગ્યું કે લોકોને કહેવાનો સમય આવી ગયો છે. હું લોકસભાની ચૂંટણીમાં કંઈ કરી શકીશ નહીં. પીએમને બધુ જ જણાવવામાં આવ્યું છે. હંમેશા આભારી અને હંમેશા દેશ, બિહાર અને પાર્ટી માટે સમર્પિત. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીજેપી સાંસદ રવિશંકર પ્રસાદે સુશીલ મોદીની તબિયત પર કહ્યું કે હું ખૂબ જ દુખી છું. હું તેમને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.

સુશીલ મોદી બિહારમાં ભાજપના દિગ્ગજ નેતા છે. તેમનું રાજ્યસભાનું સભ્યપદ આ વર્ષે સમાપ્ત થયું. જ્યારે ભાજપે તેમને ફરીથી રાજ્યસભાના સાંસદ ન બનાવ્યા ત્યારે તેમના લોકસભાની ચૂંટણી લડવાની અટકળો શરૂ થઈ હતી.

# આજે આપણે બધા દેશમાં અઘોષિત ઈમરજન્સી જોઈ રહ્યા છીએ : પવાર

મુંબઇ,
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ જૂથ)ના નેતા શરદ પવારે ભારતીય જનતા પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ઉગ્ર નિશાન સાધ્યું છે. શરદ પવારે કહ્યું કે, આજે આપણે બધા આ દેશમાં અઘોષિત ઈમરજન્સી જોઈ રહ્યા છીએ. તેથી જનતાનો મૂડ બદલાઈ ગયો છે અને હવે તે પીએમ મોદીની વિરુદ્ધ છે.

શરદ પવારે કહ્યું કે પીએમ મોદીએ કચ્ચાતિવુ ટાપુ પરનો દાવો છોડીને શ્રીલંકાને આપવા માટે તત્કાલીન ઈન્દિરા ગાંધી સરકાર પર પ્રહારો કર્યા હતા, પરંતુ તેઓ



ભારતીય જમીનના મોટા ભાગ પર ચીનના અતિક્રમણ પર મૌન જાળવી રહ્યા છે.

ભારતના ગઠબંધનના પીએમ ચહેરા પર શરદ પવારે કહ્યું કે, વડાપ્રધાન પદનો ચહેરો કોણ હશે તે અંગે હજુ સુધી કોઈ વિચારણા કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે, હું જોઈ શકું છું કે જનતાનો મૂડ બદલાઈ ગયો છે. હવે આ પીએમ મોદી સામે છે. આ સરકારમાં સંસ્થાઓ પર હુમલા થઈ રહ્યા છે.

આ ઉપરાંત તેમની પુત્રી સુપ્રિયા સુલે લોકસભાની ચૂંટણીમાં તેમના ભત્રીજા અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે ચૂંટણી લડવાના મુદ્દે પવારે કહ્યું કે, હજુ મતદાન થવાનું બાકી છે. પવારે કહ્યું કે ૪ જૂને ચૂંટણી પરિણામ જાહેર થશે ત્યારે તમને પરિણામ ખબર પડશે.

# ઉત્તર પ્રદેશમાં કોન્સ્ટેબલ ભરતી કેસના મુખ્ય આરોપી મિશ્રાની થઈ ધરપકડ

લખનૌ,
યુપીએ એસટીએફએ યુપી કોન્સ્ટેબલ પેપર લીક કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. પોલીસે બુધવારે સવારે મુખ્ય આરોપી રાજીવ નયન મિશ્રાની નોઈડાથી ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ, આરોપી પહેલા પણ ઘણા મોટા પરીક્ષાના પેપર લીક કરી ચૂક્યો છે અને આ માટે તે જેલ પણ જઈ ચૂક્યો છે.

તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશ પોલીસ ભરતી પરીક્ષા ૧૮ ફેબ્રુઆરીના રોજ યોજાઈ હતી અને તેના થોડા દિવસો બાદ પરીક્ષાના પેપર લીક થયા હોવાનું બહાર આવ્યું હતું. આ પછી યોગી સરકારે પરીક્ષા ફરીથી યોજવાની વાત કરી હતી. આ ઉપરાંત પેપર લીક કેસની તપાસ માટે ખાસ ટીમની પણ રચના કરવામાં આવી હતી.આ કેસમાં પહેલી ધરપકડ એસટીએફ દ્વારા ફેબ્રુઆરીમાં કરવામાં આવી હતી. એસટીએફએ આરોપી નીરજ યાદવની ધરપકડ કરી હતી, જે વોટ્સએપ પર ઉમેદવારોને પ્રશ્નોના જવાબો મોકલતો હતો. આ પછી, ૫ માર્ચે આ મામલામાં મોટી કાર્યવાહી કરતા, યુપી પોલીસ ભરતી અને પ્રમોશન બોર્ડના અધ્યક્ષ રેણુકા મિશ્રાને હટાવવામાં આવ્યા હતા.

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં ૭મીએ દેશભરમાં સામૂહિક ઉપવાસ યોજશે આપ

નવીદિલ્હી,
મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ તિહાર જેલમાં બંધ છે. કોર્ટે તેને ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલમાં મોકલી દીધો છે. મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે ઈડી દ્વારા કથિત દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલની ધરપકડના વિરોધમાં આમ આદમી પાર્ટીએ સામૂહિક ઉપવાસની જાહેરાત કરી છે.

દિલ્હી સરકારના મંત્રી અને આપ નેતા ગોપાલ રાયે કહ્યું, '૭ એપ્રિલે દેશભરમાં સામૂહિક ઉપવાસ થશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં આપના તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને પાર્ટીના નેતાઓ ૭ એપ્રિલે જંતર-મંતર ખાતે 'સામૂહિક ઉપવાસ' કરશે. અમે લોકોને પણ



અપીલ કરીએ છીએ કે જે લોકો સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં છે અને લોકશાહીને બચાવવા અને આ દેશને પ્રેમ કરવા માગે છે તેઓ પણ તેમના ઘર, ગામ, બ્લોકમાં સામૂહિક ઉપવાસ કરી શકે છે.ગોપાલ રાયે કહ્યું, 'આપ નેતાઓની નકલી આરોપોના આધારે એક પછી એક ધરપકડ કરવામાં આવી.

# રાજકોટના મવડી પ્લોટમાં આવેલી નાગરિક બેંકની શાખામાં ૮૦ હજારમાંથી ૧૮૯૦૦ની ચલણી નોટ ડુપ્લિકેટ નીકળી!








## બેંકમાં મોટેપાયે ડુપ્લિકેટ નોટ જમા થઈ રહી છે, જાગ્રત નાગરિકે ૯ હિડન ફીચર્સથી ઓરિજનલ-ડુપ્લિકેટ નોટનો ભેદ બતાવ્યો, CBIને પત્ર લખી તપાસની માગ કરી,બેંક કેશિયરને ૯ હિડન ફીચર્સની ખબર જ નથી

રાજકોટઃ

રાજકોટના જાગ્રત નાગરિક વિરેન્દ્રસિંહ સિંધવે બેંકમાંથી ડુપ્લિકેટ નોટ આવતી હોવાનો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત દેશને નષ્ટ કરવાના ભાગરૂપે રાષ્ટ્રવ્યાપી ડુપ્લિકેટ નોટનું મોટા પ્રમાણમાં કૌભાંડ ચાલતું હોવા છતાં એને છુપાવવાનો પ્રયાસો થઈ રહ્યા છે. આ ઉપરાંત એને પ્રોત્સાહન આપવામાં પણ આવી રહ્યું છે અને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય એમ લાગી રહ્યું છે. રાજકોટના મવડી પ્લોટમાં આવેલી નાગરિક બેંકની શાખામાં મારાં પત્ની જ્યોતિબેનના એકાઉન્ટમાંથી નાણાં ઉપાડ્યાં હતાં, જેમાં ૫૦૦ની ૧૯, ૨૦૦ની ૩૭ અને ૧૦૦ની ૨૦ ચલણી નોટ સિક્યોરિટી હિડન ફીચર્સ મુજબ ડુપ્લિકેટ હોવાનું જણાવ્યું હતું. આમ, કુલ ૮૦ હજારમાંથી ૧૮,૯૦૦ રૂપિયાની નોટ ડુપ્લિકેટ નીકળી હતી. ડુપ્લિકેટ નોટ બનાવવા માટેનું રો-મટીરિયલ ચીનથી આવતું હોવાના આક્ષેપ સાથે તેમણે CBIને પત્ર લખી તપાસની માગ કરી છે. આ બાબતે તેમણે રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન, જવાબદાર ડાયરેક્ટરો, અધિકારીઓ, રાષ્ટ્રીયકૃત, કોર્પોરેટર અને ઈન્ટરનેશનલ બેંકના અધિકારીઓ સામે સુપ્રીમ કોર્ટ, રાષ્ટ્રપતિ, ED, ગુજરાત હાઈકોર્ટ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પત્ર લખી રજૂઆત કરી છે.ભારત દેશમાં રૂપિયા ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ની નોટોનું ચલણ મોટા પ્રમાણમાં નાગરિકો કરી રહ્યા છે. જે ચલણી નોટોમાં રૂપિયા ૧ની નોટ ભારત સરકારની છે. જ્યારે બાકીનું બધું ચલણ રૂપિયા ૨થી ૫૦૦ની નોટો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જવાબદારી અને અધિકારમાં આવે છે. આ તમામ નોટ છાપવાની કામગીરી પણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની છે. તેમણે જણાવ્યું હતું કે RBI દ્વારા નોટ છાપવામાં આવે છે એવી જ ડુપ્લિકેટ નોટ ભારત દેશમાં ઘુસાડવા અને માર્કેટમાં ફરતી કરવા દેશદ્રોહી પ્રવત્તિ કરનારા સક્રિય છે, જેથી માર્કેટમાં આવી ડુપ્લિકેટ નોટ ફરતી ન થયા એ માટે ડુપ્લિકેટ કરન્સીના સિક્યોરિટી હિડન ફીચર્સ વિશે ગાઈડલાઈન પણ આપવામાં આવી છે અને સતર્ક રહેવા માટે નાગરિકોને જાહેરાતના માધ્યમથી પણ જાગ્રત કરવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.તેમણે જણાવ્યું હતું કે અમને જાણ છે ત્યાં સુધી કરન્સીમાં કુલ ૯ સિક્યોરિટી હિડન ફીચર્સ આવે છે, જેમાં ઓરિજિનલ નોટના સિરિયલ નંબરનો UV લાઈટથી કલર બદલાય છે. જે બ્લેકમાંથી લાઈટ ઓરેન્જ છે. જ્યારે ડુપ્લિકેટ કરન્સીમાં UV લાઈટથી ચેક કરતા કલર બદલાતો નથી. આ ઉપરાંત ગાંધીજીના ઉપરના ભાગે ૫૦૦ રૂપિયા લખેલું હોય છે અને એની નીચે વ્હાઈટ ડોટ આપેલા હોય છે એ ઓરિજિનલ નોટમાં ફ લાઈટથી ચેક કરતાં લાઈટ ઓરેન્જ કલર થઈ જાય છે. જ્યારે ડુપ્લિકેટ નોટમાં ચેક કરતાં કલર બદલાતો નથી. RBI દ્વારા નોટનું કટિંગ કરવામાં આવતું હોય છે, જેમાં પ્રિન્ટની ફરતે વ્હાઈટ બોર્ડર એકસરખી રાખવામાં આવે છે, જેમાં કોઈ વેરિએશન આવતું નથી. જ્યારે ડુપ્લિકેટ નોટમાં કટિંગ એકસરખું હોતું નથી અને પ્રિન્ટિંગ ફરતે બોર્ડર ઘણી નોટોમાં એકસરખી હોતી નથી.આ ઉપરાંત પાછળના ભાગu UV લાઈટથી ચેક કરતા રેડ ફોર્ટનો કલર ચેન્જ થાય છે. જ્યારે ડુપ્લિકેટ નોટમાં ચેક કરવામાં આવે તો ફોર્ટનો કલર બદલાતો નથી. નોટના ઉપરના ભાગે ભારતીય રિઝર્વ બેંક (હિન્દી) અને પાંચ સો રૂપિયે (હિન્દી) RESERVE BANK OF INDIA લખેલું હોય છે. જે એમ્બોઝ કરેલું હોય એ પ્રકારનું લખાણ હોય છે. આ ફીચર્સ બ્લાઈન્ડ લોકો માટે આપેલો છે. જ્યારે ડુપ્લિકેટ નોટમાં હાથ ફેરવીને ચેક કરતાં એ સાદું પ્રિન્ટિંગ હોય છે, જેમાં એમ્બોઝ પ્રકારનું હોતું નથી. સિક્યોરિટી થ્રેડ ગ્રીન કલરનું હોય છે, જેનો બ્લૂ કલર થાય છે, જે મેગ્નેટિક હોય છે. આ ફોલ્ટ ડુપ્લિકેટ નોટમાં પકડાતો નથી, કારણ કે આવા થ્રેડ ચાઈનાથી સરળતાથી મળી જાય છે. આ સાથે જ ઓરિજિનલ નોટમાં UV ફાઈબરનો ઉપયોગ થાય છે, જ્યારે ડુપ્લિકેટ નોટમાં UV લાઈટથી ચેક કરવામાં આવે તો આ ફોલ્ટ પકડાતો નથી. કારણ કે ડુપ્લિકેટ કરન્સીમાત UV R< અનu UV ફાઈબરનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. નોટ ચેક કરવાનું મશીન માત્ર UV જ ડિટેક્ટ કરે છે.ઓરિજિનલ નોટમાં ક્યારેય પ્રિન્ટિંગ વેરિએશન આવતું નથી. પ્રિન્ટિંગ વેરિએશન કે કટિંગ વેરિએશન આવે એ નંબરની નોટનો ઉપયોગ થતો નથી. એના બદલે એ જ નંબરની બીજી નોટ છાપવામાં આવે છે, જેમાં (★) મુકવામાં આવે છે. જ્યારે ડુપ્લિકેટ નાટમાં પ્રિન્ટિંગ વેરિએશન આવે છે અને ઈંકના કલરમાં પણ ઘણો ફેરફાર આવતો હોય છે. રૂપિયા ૫૦૦ અને ૨૦૦ની ચલણી નોટમાં જે લખાણ લખવામાં આવે છે એ ઓપ્ટિકલ વેરિએબલ ઈંકથી પ્રિન્ટ કરવામાં આવે છે. ત્યારે ડુપ્લિકેટ નોટમાં પણ ઓપ્ટિકલ વેરિએબલ ઈંકનો ઉપયોગ કરવામાં આવે છે અને એને ચેક કરવામાં આવે તો એ ગ્રીન કલરમાંથી બ્લૂ કલર થઈ જાય છે, જે ઈંક ચાઈનામાં સરળતાથી મળી જાય છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉપર જણાવેલા તમામ ૯ ફીચર્સથી ઓરિજિનલ અને ડુપ્લિકેટ વચ્ચેનો ભેદ નક્કી થઈ શકે છે. તેમ છતાં મોટા પ્રમાણમાં બેંકોમાં ડુપ્લિકેટ નોટ જમા થઈ રહી છે અને બેંકના ગ્રાહકોને આપવામાં આપી રહી છે. અમે નાગરિક બેંકના રેપરવાળા બંડલ ચેક કર્યા તો એમાં મોટા ભાગની ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ની નોટ ડુપ્લિકેટ નીકળી હતી. આવી જ રીતે તમામ બેંકમાં રેગ્યુલર વપરાશમાં આવી ગયેલી નોટમાંથી બેંક કસ્ટમરને નોટનાં બંડલો આપવામાં આવે છે. એમાં થોડીઘણી ડુપ્લિકેટ નોટો નીકળશે. જે અમે સાથે રહીને કોઈપણ બેંકમાં જઈને બેંકનાં બંડલ ચેક કરી કઈ નોટ ડુપ્લિકેટ છે એ જાતે તપાસમાં સાથે રહીને બતાવી શકીએ તેમ છીએ.આવી ડુપ્લિકેટ નોટ કાયદેસર રીતે બેંકમાં ઘુસાડવામાં આવે છે, કારણ કે બેંકના ATM અને નોટ ચેક કરવાનાં જે મશીન છે એ ઉપર જણાવેલા ૯ હિડન ફીચર્સમાંથી બે જ ફીચર્સ ચેક કરે છે.

# યુવકને દારૂ પીવડાવી બે શખ્સે છરીના ઘા ઝીંકી દીધા

રાજકોટઃ

લોધિકામાં યુવક પર બે શખ્સે છરીથી હુમલો કરતાં યુવકને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અગાઉના ઝઘડાનો ખાર રાખી દારૂ પીવડાવી યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ લોધિકાના ખાંભામાં યુવકે ઝેરી દવા પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો. લોધિકાના ગોકુળ ચોક નજીક રહેતો ખોડા દિલીપભાઈ પરમાર (ઉ.વ.૩૧) મંગળવારે રાત્રે બે વાગ્યે લોધિકામાં મંગળા રોડ પર મફતિયાપરામાં હતો ત્યારે દિલીપ ઉર્ફે પીન્ટુ અને વિજયે માથાકૂટ કરી તેને છરીના ઘા ઝીંકી દીધા હતા.હુમલામાં ઘવાયેલા યુવકને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં લોધિકા પોલીસ રાજકોટ હોસ્પિટલે દોડી આવી હતી. ખોડા પરમારે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, અગાઉ દિલીપ સાથે માથાકૂટ થઈ હોય તેનો ખાર રાખી તેને ફોસલાવીને મફતિયાપરામાં લઈ જઈ ત્યાં દારૂ પીવડાવ્યો હતો અને બાદમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી છરીના ઘા ઝીંક્યા હતા, બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.અન્ય એક બનાવમાં લોધિકાના ખાંભામાં ચંદુભાઈની વાડીમાં ખેતમજૂરી કરતાં માયારામ ગલસિંહ નરગેસે (ઉ.વ.૨૬) વાડીએ ઝેરી દવા પી લેતા તેને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. યુવકના આપઘાતના પ્રયાસની જાણ થતાં પોલીસ દોડી આવી હતી. માયારામે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, પત્ની મમતા સાથે મજાક મજાકમાં પોતે દવા પી ગયો હતો. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# બહેનપણીનાં ભાઈએ ત્યકતા સાથે મૈત્રી કરાર કરી વારંવાર હવસ સંતોષી, યુવકે તરછોડતા દુષ્કર્મની ફરિયાદ

રાજકોટઃરાજકોટ શહેરમાં દુષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં હાલ કાલાવડ નજીક રહેતી ત્યકતાને તેની બહેનપણીના કોઠારીયા સોલવન્ટમાં રહેતાં ભાઈ ભરત નામના શખસે પ્રેમજાળમાં ફસાવી મૈત્રીકરાર કર્યા હતા. બાદમાં રાજકોટમાં વિવિધ સ્થળોએ અવારનવાર દુષ્કર્મ ગુજારી ગર્ભ રાખી દીધો હતો. બાદમાં ત્યકતાએ પુત્રીને જન્મ આપતાં તેણીને આરોપી પોતાના વતનમાં તરછોડી નાસી છૂટયો હતો. જેને પગલે ભોગ બનનારે રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.૨૫ વર્ષીય યુવતીએ નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, છેલ્લા પાંચેક માસથી દોઢ વર્ષની પુત્રી સાથે એકલી રહું છું. નવેક વર્ષ પહેલા રાજકોટના યુવક સાથે લગ્ન કર્યા હતાં. આ દરમિયાન તેને સંતાનમાં એક પુત્ર હતો અને લગ્નના દોઢેક વર્ષ બાદ તેની સાથે છૂટાછેડા થઈ ગયા હતા. તેથી પુત્ર સાથે રાજકોટમાં બાલાજી હોલ વિસ્તારમાં ભાડે મકાનમાં રહેતા હતા. પાંચેક વર્ષ પહેલા તેની




બહેનપણી બાળકો સાથે તેના પિતાનું ઘર છોડી મારા ઘરે રહેવા આવી હતી.આ દરમિયાન બંને બહેનપણી નાના મૌવા સર્કલ નજીક રહેતી માતાને ત્યાં ગઈ હતી, ત્યારે બહેનપણીનો સગો નાનોભાઈ ભરત ચંદ્ર પાલ તેની બહેનને મળવા તેમજ તેના ઘરે તેડી જવા માટે આવ્યો હતો, પરંતુ તેની બહેને તેની સાથે જવાની ના પાડી હતી, ત્યારે જ પ્રથમ વખત મારી ભરત સાથે મુલાકાત થતા બંનેએ મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. આ પછી બંને વચ્ચે ઘણી વખત મોબાઈલમાં વાતચીત થતી હતી. બાદમાં બન્ને એકબીજાની નજીક આવ્યા ને પ્રેમસંબંધ બંધાયો હતો.બાદમાં ભરત તેના પિતાનું ઘર છોડી મારી સાથે ઘરે રહેવા આવી ગયો હતો અને મૈત્રીકરાર કરી પ્રથમ વખત આરોપીએ મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ પછી એકાદ મહિનો અહીં જ રહ્યા હતા. આ દરમિયાન વધુ ૩થી ૪ વાર શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ બાદ તેઓ માધાપર ચોકડી પાસે શેઠનગર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેવા ગયા હતા. જ્યાં પણ વારંવાર ના પાડવા છતાં આરોપીએ તેણી સાથે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો.આ પછી બંને મેટોડામાં અલગ અલગ જગ્યાએ રહેવા ગયા હતા. જ્યાં પણ આ હવસના ભૂખ્યા આરોપીએ બળજબરીથી શારીરિક સંબંધ બાંધતા ગર્ભવતી થઈ હતી અને મારે આઠેક માસનો ગર્ભ હતો, ત્યારે ત્યાંથી ગ્રીનલેન્ડ ચોકડી પાસે નવાગામ પોલીસ ચોકી વિસ્તારમાં રહેવા આવ્યા હતા. જ્યાં પુત્રીને જન્મ પણ આપ્યો હતો. આ પછી બંને આરોપીના મૂળ વતન કાલાવડ પંથકમાં રહેવા જતા રહ્યા હતા. ત્યારબાદ આરોપી તેણીને અને તેની પુત્રી અને પુત્રને છોડીને જતો રહ્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં અંબરીશ ડેર મેદાને આવ્યા

## ૫ તારીખે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન



રાજકોટઃ

જ્યારે પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં રાજુલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા અંબરીશ ડેર મેદાને આવ્યા છે. ૫ એપ્રિલે પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં રાજકોટમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અંબરીશ ડેરની આગેવાનીમાં રૂપાલાના જન સમર્થનમાં ૫ તારીખે સાંજે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન છે. આ ઉપરાંત રાજકોટમાં રૂપાલાના સમર્થનમાં સહી ઝુંબેશ પણ કરવામાં આવી રહી છે. રાજકોટમાં વિવિધ સંસ્થાઓ અને મહિલા સંગઠનો દ્વારા શરૂ કરવામાં આવેલી સહી ઝુંબેશ થકી પુરુષોત્તમ રૂપાલાને સમર્થન આપવામાં આવી રહ્યું છે.

# મોટો ભાઈ પરિણીતાને ભગાડી જતા નાના ભાઈનું અપહરણ!

## પોલીસે અપહૃત યુવાનને મુક્ત કરાવ્યો, ચારેય આરોપીઓની ધરપકડ

જસદણઃ

મોટો ભાઈ પારકી પરણેતરને ભગાડી જતાં તેનો ખાર રાખી જસદણમાંથી નાના ભાઈનું ચાર શખ્સોએ અપહરણ કરી, માથું ફોડી નાખ્યું હતું. જોકે તત્કાળ જાણ થઈ જતાં પોલીસે અપહૃત યુવાનને મુકત કરાવી ચારેય શખ્સોની ધરપકડ કરી તપાસ જારી રાખી છે. પ્રાપ્ત માહિતી મુજબ જસદણના કનેસરા ગામમાં રહેતા ઋત્વિક ડાયાભાઈ પરમાર (ઉ.વ.૨૪)નો મોટો ભાઈ રવિ બાખલવડ ગામે રહેતાં મહેન્દ્ર પરમારની પત્નીને ભગાડી ગયો હતો. જેનો ખાર રાખી ઋત્વિકનું જસદણમાંથી મહેન્દ્ર પરમાર સહિતના ચાર શખ્સો અપહરણ કરી ગયા હતા. પોલીસ ફરિયાદમાં ઋત્વિકે જણાવ્યા પ્રમાણે તે કડીયા કામ કરે છે. ગઈકાલે સવારે જસદણની વેકરિયા વાડીમાં કડીયા કામ માટે આવ્યો હતો. જયાં તેની સાથે અન્ય મજુરો પણ કામ કરી રહ્યા હતા. તે વખતે મહેન્દ્ર ઉર્ફે નંદુ પરમાર, તેનો ભાઈ અજય, ભત્રીજો મિલન ઘસી આવ્યા હતા. ગાળાગાળી કર્યા બાદ, ગડદાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહીં તેને પકડીને કોઠીના નાલા બસ સ્ટેન્ડ પાસેના ગણપતિ મંદિર સુધી લઈ આવ્યા હતા.જયાં ઈકો લઈ મુકેશ કાળુ પરમાર ઘસી આવ્યો હતો. તે વખતે મહેન્દ્રએ ઈકોમાંથી લાકડી કાઢી તેના વડે તેની ઉપર તુટી પડયો હતો. જેને કારણે પગમાં અને માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ ચારેય શખ્સો તેને ગાડીમાં ઉપાડી બાખલવડ ગામે ભાયાભાઈ પરમારના ઘરે લઈ ગયા હતા.

જયાં ઓસરીમાં બેસાડી તારો ભાઈ રવિ કયાં છે તેમ પુછી ગાળો ભાંડી હતી. બરાબર તે વખતે પોલીસ આવી જતાં ઋત્વિકને છોડાવી ૧૦૮માં સિવિલમાં ખસેડયો હતો. તેની ફરિયાદના આધારે જસદણ પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી ચારેય આરોપીઓમાં મહેન્દ્ર તેના બે ભાઈઓ અજય અને મુકેશ ઉપરાંત ભત્રીજા મિલનની આજે વીધિવત ધરપકડ કરી હતી.

### લગ્ન માટે ઘરમાં રાખેલા રૂ. ૩.૨૫ લાખના ઘરેણાંની ચોરી

શહેરમાં તરખાટ મચાવતા તસ્કરોએ નવાગામમાં નવીન રેસિડેન્સી-૨માં રહેતા માધાભાઈ રૂડાભાઈ ઝાલા નામના પ્રૌઢના બંધ મકાનના તાળાં તોડી તસ્કરો રૂ.૩.૨૫ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાંનો હાથફેરો કરી ગયા છે. દીવ મેઈન પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા માધાભાઈની ફરિયાદ મુજબ, તેમની નોકરી દીવ ખાતે હોય પોતે પુત્ર સાથે ઉના રહે છે. જયારે રાજકોટના નવાગામ, નવીન રેસિડેન્સીમાં પત્ની અને દીકરી રહે છે.દરમિયાન મોટી દીકરીની સગાઈ બે મહિના પહેલા જામનગરના યુવક સાથે કરી હોય અને આગામી મે મહિનામાં દીકરીના લગ્ન નક્કી કરાયા છે. જેથી ગત તા.૩૦ની બપોરે પોતે પત્ની, દીકરી મકાન બંધ કરીને ઉના આવ્યા હતા. ત્યારે મંગળવારે સવારે પાડોશીએ ફોન કરી બંધ મકાનના તાળાં તૂટ્યાની જાણ કરી હતી.

# પ્લાસ્ટિકની ફેક્ટરીમાં વિકરાળ આગથી અફડાતફડી

## મોરબી ઉપરાંત વાંકાનેર, રાજકોટથી ફાયર બ્રિગેડની ટીમ દોડાવાઈ

મોરબીઃ

મોરબીના રફાળેશ્વર ગામ નજીક આવેલ પ્લાસ્ટિક ફેક્ટરીમાં વિકરાળ આગ લાગી હતી. આગને પગલે મોરબીથી ફાયર બ્રિગેડની બે ટીમો દોડી ગઈ હતી. તે ઉપરાંત વાંકાનેર અને રાજકોટની ફાયર બ્રિગેડ ટીમની મદદ માંગવામાં આવી હતી. આગે બાજુમાં આવેલી ફેકટરીને પણ ઝપેટમાં લીધી છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રફાળેશ્વર પાસે આવેલ વિનાયક કોર્પોરેશન નામનાં પ્લાસ્ટીકના કારખાનામાં આજે બપોરે અઢી વાગ્યાના અરસામાં આગ લાગી હતી. પ્લાસ્ટિક કારખાનામાં કોઈ કારણોસર આગ લાગતા મોરબી ફાયર બ્રિગેડની બે ટીમો દોડી ગઈ હતી. અને આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો. જો કે આગ વધુ ભીષણ બની ગઈ હોવાથી વાંકાનેર ફાયર બ્રિગેડ ટીમને કોલ કરીને બોલાવી લેવામાં આવી છે. તેમજ રાજકોટની ટીમની મદદ માંગી હતી. જેથી સાંજ સુધીમાં રાજકોટથી ફાયર બ્રિગેડ ટીમ આવી ગઈ હતી. અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. તેમજ વોટર બોલ સહિતના આધુનિક સાધનોની મદદથી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યા હતાં. ફેકટરીમાં આગ વધુ ફાટી નીકળતા બાજુમાં આવેલ ફેકટરીમાં પણ આગ પ્રસરી હતી. જેથી રાજકોટ ટીમની મદદ માંગવામાં આવી હતી. જે આગના બનાવ અંગે મોરબી ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આગ વધુ ફેલાઈ હોવાથી રાજકોટની ટીમની મદદ લેવામાં આવી છે. હાલ મોરબીની ૨ વાંકાનેરની ૧ ટીમ ઘટનાસ્થળે છે. તેમજ રાજકોટની ટીમને કોલ કર્યો છે. બુધવારે કારખાનું બંધ હોવાથી જાનહાની થવા પામી નથી. આગ પર કાબુ મેળવતા કલાકોનો સમય નીકળી જશે. તેમ જણાવ્યું હતું.મોરબી સિરામિક એસોનાં પૂર્વ પ્રમુખ નીલેશભાઈ જેતપરિયાએ જણાવ્યું હતું કે, મોરબીમાં અનેક ઉદ્યોગ આવેલ હોય જેથી સામાકાંઠે ફાયરની સુવિધા આપવા માંગ હતી. જેના માટે જગ્યા ફાળવી દેવામાં આવી છે. જેથી તાત્કાલિક ફાયર સુવિધા આપવામાં આવે તેવી માંગ ઉદ્યોદરારો કરી રહ્યાં છે.

# ડમ્પર નીચે ઝંપલાવી દઈ યુવાનની આત્મહત્યા!

## મેરઠનો યુવાન કામ કરવા થોડા દિવસો પહેલા જ રાજકોટ આવ્યો હતો

રાજકોટઃ

રાજકોટના નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર વગડ ચોકડી પાસે ડમ્પર નીચે પડતું મૂકી મૂળ યુપીના મેરઠનાં વતની જોજા ફુલસિંહ જાદવ (ઉ.વ.૨૨, રહે. હાલ લક્ષ્મીનગર-૨, નાના મવા રોડ)એ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે. મેરઠ રહેતો જોજા થોડા દિવસ પહેલા જ અન્ય સહકર્મીઓ સાથે રાજકોટ આવી કેટરર્સનું કામ કરતો હતો. ગઈકાલે રાત્રે જોજા સહિતના લોકો કેટરર્સના કામ માટે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર વગડ ચોકડી પાસે આવેલા એક પાર્ટી પ્લોટમાં ગયા હતા. જ્યાંથી તે અન્ય સહકર્મીઓ સાથે રિક્ષામાં ઘરે લક્ષ્મીનગર જવા રવાના થયો હતો. પરંતુ વચ્ચે જ તેણે બહાનું બતાવી રિક્ષામાંથી ઉતરી વગડ ચોકડી પાસે પસાર થતા ડમ્પર નીચે ઝંપલાવી દેતા વ્હીલ શરીર પર ફરી વળતા તેનું મૃત્યુ નિપજયું હતું. જાણ થતા તાલુકા પોલીસના પી.એસ.આઈ. પી.એચ. નાઈ સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

આ સમયે ઘટના સ્થળ પાસેના પાર્ટી પ્લોટમાંથી કેટરર્સનું કામ કરતા મૃતકના અન્ય સહકર્મીઓ પણ દોડી આવ્યા હતા. મૃતકે ગળાફાંસો ખાવાનો પ્રયાસ કરતા તેને અન્ય કર્મીઓ જોઈ જતા બચાવી લઈ રિક્ષામાં રૂમે લઈ જવાનો હતો ત્યારે આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસે આપઘાત પાછળનું કારણ જાણવા વધુ તપાસ જારી રાખી છે.

### યુવકનું રાત્રે સૂતા પછી ઉઠ્યો જ નહીં, દારૂના વ્યસનથી મોત થયાની શંકા

રાજકોટમાં વધુ એક યુવાનને દારૂ પી ગયો હોવાનું સામે આવ્યું છે. દારૂના વ્યસનમાં સપડાયેલા ૪૦ વર્ષીય શૈલેષભાઈ ધીરુભાઈ મેસરીયાને આજે સવારે ૮ વાગ્યા આસપાસ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ઈમરજન્સી વોર્ડમાં જ તબીબોએ તપાસી તેમને મૃત ઘોષિત કર્યા હતા. બનાવની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી. ડિવિઝન પોલીસ મથકે કરી હતી. હોસ્પિટલ ખાતે દોડી આવેલા પોલીસ કર્મીઓએ મૃતદેહ પીએમ અર્થે ખસેડવા કામગીરી કરી હતી. આ દરમિયાન પરિવારજનોની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું કે, મૃતક શૈલેષભાઈ તેઓના ત્રણ સંતાન, બે દીકરી, એક દીકરો તેમજ પત્ની સાથે ભગવતીપરામાં રહેતા હતા અને કલરકામ કરતા હતા. દસેક વર્ષ પહેલાં ખરાબ સંગતમાં અવતા દારૂનું વ્યસન ઘર કરી ગયું હતું. છએક મહિનાથી તબિયત ખૂબ લથડી હતી. લીવર પર અસર થતા ખાનગી હોસ્પિટલમાં સમયાંતરે સારવાર મેળવતા હતા.

### કારખાનામાં કામ કરતા યુવક બેભાન થઈ ઢળી પડ્યો

સરધારમાં આવેલા કિસાન જીન કારખાનામાં રહેતા અને ત્યાં જ કામ કરતા ૩૫ વર્ષીય રંગલાભાઈ રામસીંગભાઈ રાઠવા આજે સવારે ૮ વાગ્યે પોતે કારખાનામાં કામ કરતા હતા, ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડ્યા હતા, ત્યાં કામ કરતા સાથી કર્મીઓએ યુવાનને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ યુવકને તપાસીને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજી ડેમ પોલીસ મથકે જાણ કરી હતી. મૃતક છોટાઉદેપુરનો વતની હતો અને છેલ્લા ૭ વર્ષથી કારખાનામાં રહી મજુરી કામ કરતો હતો. તે ત્રણ ભાઈ, ત્રણ બહેનમાં નાનો અને તેમને સંતાનમાં બે પુત્રી હોવાનું સામે આવ્યું હતું. બે પુત્રીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા શ્રમિક પરિવારમાં આક્રંદ સાથે કલ્પાંત સર્જાયો હતો. હાર્ટ-એટેક આવી જતા તેનું મોત નીપજ્યું હોવાની શક્યતા છે.